પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૧૩ નવેમ્બર ૨૦૨૪ બુધવાર

૧૦ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬ ● કારતક સુદ બારસ સંવત ૨૦૮૧

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૪.૩૮ |
| પાઉન્ડ | ૧૦૮.૧૩ |
| યુરો | ૮૯.૫૯ |
| સઉદી રિયાલ | ૨૨.૪૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૭,૨૨૫ |
| ચાંદી (૧ કિલો) | ૧,૦૦,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૦૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સોમનાથમાં દરગાહના ગેરકાયદેસર તોડફોડના આક્ષેપ સાથેની અવમાનના અરજી પર સુપ્રીમ કોર્ટે ગુજરાત સત્તાવાળાઓ પાસેથી જવાબ માંગ્યો

## સર્વોચ્ચ અદાલતે ગઈકાલે ગુજરાત સત્તાવાળાઓ સામે દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજી પર જવાબ માંગ્યો હતો, જેમાં ૨૭-૨૮ સપ્ટેમ્બર વચ્ચે પીર હાજી માંગરોલી શાહ દરગાહને કોઈપણ પૂર્વ સૂચના વિના અને ડિમોલિશન પરના કોર્ટના સ્ટે ઓર્ડરનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૧૨

જસ્ટિસ બીઆર ગવઈ અને કેવી વિશ્વનાથનની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી અને તે આગામી ૨ ડિસેમ્બરે સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના સ્ટે ઓર્ડરનું ગુજરાત સત્તાવાળાઓ દ્વારા ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું જણાવવામાં આવ્યું હતું. જેમાં કોર્ટે કહ્યું હતું કે, જાહેર જમીનો પરના બાંધકામો સિવાયના બાંધકામોને બુલડોઝ કરવા માટે કોર્ટની પૂર્વ પરવાનગી જરૂરી રહેશે. આ આદેશ દંડાત્મક પગલા તરીકે, ગુનાના આરોપી વ્યક્તિઓના ઘરો સત્તાધિકારીઓ દ્વારા તોડી પાડવાની કાર્યવાહી વિરૂદ્ધ અરજીઓની સુનાવણીમાં પસાર કરવામાં આવ્યું હતું. આ કેસમાં ઓર્ડર આરક્ષિત છે, પરંતુ ડિમોલિશન પરનો સ્ટે ચાલુ છે.

કોર્ટદ્વારા સ્ટેઓર્ડર આપવામાં આવ્યા પછી મુસ્લિમ જમાત દ્વારા ૨૮ સપ્ટેમ્બરના રોજ ગુજરાત સત્તાવાળાઓ દ્વારા ૧૭ સપ્ટેમ્બરે, મુસ્લિમ ધાર્મિક અને રહેણાંક સ્થળોને ગેરકાયદેસર રીતે તોડી પાડવાનો આક્ષેપ કરતી તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. અન્ય એક અરજીમાં ગુજરાત હાઈકોર્ટના આદેશને પડકારવામાં આવ્યો હતો જેણે સોમનાથમાં મુસ્લિમ ધાર્મિક ઈમારતો અને મકાનોને તોડી પાડવા પર યથાસ્થિતિનો આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો.

૨૫ ઓકટોબરના રોજ ગુજરાત રાજ્યએ કોર્ટ સમક્ષ બાંહેધરી આપી હતી કે



ગીર સોમનાથની જમીનો, જ્યાં બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા, તેનો કબજો સરકાર પાસે રહેશે અને આ મામલે સુનાવણીની આગામી તારીખ સુધી કોઈપણ તૃતીય પક્ષને ફાળવવામાં આવશે નહીં. હાલના કેસમાં અરજદાર જણાવે છે કે દરગાહનો વિષય તેમની મહાન ધાર્મિક અને આધ્યાત્મિક લાગણીઓ જોડાયેલ છે અને પ્રાચીન સ્મારકો કાયદા હેઠળ સુરક્ષિત છે. જો કે, પોલીસ દળ આવી પહોંચ્યું અને સાંભળવાની કોઈ યોગ્ય તક આપ્યા વિના આ બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓ ૨૭.૦૯.૨૦૨૪ના રોજ એકઠા થયા હતા અને દરગાહના નોંધપાત્ર ભાગ એટલે કે પરિસરને તોડી પાડ્યા હતા. પરિસરની મઝાર શરીફને લાત મારીને અને કુરાનને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું અને આ માળખું સંપૂર્ણ રીતે તોડી પાડવામાં આવ્યું હતું.

વધુમાં એવો દાવો કરવામાં આવે છે કે ડિમોલિશનને રોકવા માટે, દરગાહ પર હાજર લોકો બુલડોઝરની સામે સૂઈ ગયા હતા. પરંતુ, પોલીસ ફોર્સે તેમની સાથે ગંભીર શારીરિક હિંસા કરી હતી. અરજદાર જણાવે છે કે આ દરગાહ ૨૩.૦૨.૧૯૪૭થી જાહેર સરકારી હેતુ માટે આરક્ષિત વિસ્તારમાં આવેલી છે. તે ૧૯૨૨થી હાજી માંગરોલી શાહના નામે નોંધાયેલ છે. આવકવેરા વિભાગે અરજદારને ૨૩.૦૨.૧૯૭૯ના રોજ આવકવેરો ભરવામાંથી મુક્તિ આપી હતી. ત્યારબાદ, ૨૪.૦૨.૨૦૦૫ના રોજ અધિક પુરાતત્વવિદ્, પુરાતત્વ વિભાગ, ગુજરાત દ્વારા દરગાહને રાજ્ય રક્ષિત સ્મારક તરીકે જાહેર કરતો પત્ર જારી કરવામાં આવ્યો હતો. આ જગ્યા રાજશાહીના સમયથી ધાર્મિક સ્થળ છે અને પ્રાચીન સ્મારક અધિનિયમ હેઠળ સંરક્ષિત છે. જો કે, વેરાવળ ખાતે વિદ્વાન કલેક્ટર, ગીર સોમનાથએ ગેરકાયદેસર અને મનસ્વી રીતે પ્રોપર્ટી કાર્ડ અને તેમાં દાખલ કરાયેલી સંબંધિત નોંધો સુધારવા અને રદ કરવાનો નિર્દેશ આપ્યો છે. તે ૨૭.૦૯.૨૦૨૪ના આદેશ દ્વારા ન્યાયના સિદ્ધાંતનું સંપૂર્ણ ઉલ્લંઘન કરે છે.

# 'વિકાસ વિરોધી પ્રવૃત્તિઓ, વિરોધ પ્રદર્શન માટે ઉશ્કેરણી, બળજબરીથી ધર્માંતરણ' : સરકારે NGOના FCRA લાઈસન્સ રદ કરવા માટેના કારણોની યાદી જાહેર કરી

## આ નોટિસ એવા NGOની યાદીમાં ચિંતાજનક વધારા વચ્ચે આવી છે જેમના FCRA લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA) દ્વારા ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (એફસીઆરએ) ૨૦૧૦ માટેની નોંધણી કરવા અથવા નવીકરણના અસ્વીકાર માટે અમુક સૂચિબદ્ધ કારણો આપવામાં આવ્યા છે જેમાં વિકાસ વિરોધી પ્રવૃત્તિઓ, વિરોધને ઉશ્કેરવા અથવા પ્રેરિત/બળજબરીથી ધર્મ પરિવર્તનમાં સંડોવણી સામેલ છે. સોમવારે ૮ નવેમ્બરના રોજ એમએચએની વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવેલી નોટિસ અનુસાર મંત્રાલયે FCRA અરજીઓ નકારી કાઢવાના કારણોની આ સૂચિ પ્રદાન કરી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, તેને કેટલાક એસોસિએશનો તરફથી રજૂઆતો મળી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, તેમની અરજીઓ નકારવાના કારણો સ્પષ્ટ કરવામાં આવ્યા નથી. આ સૂચિબદ્ધ કારણો પૈકી FCRA પ્રમાણપત્ર માટેની અરજીઓ રદ કરવા માટે એસોસિએશનો વિકાસ વિરોધી પ્રવૃત્તિઓ અને વિરોધ ઉશ્કેરવામાં સામેલ છે એવું કારણ આપવામાં આવ્યું છે. આ નોટિસ જણાવે છે કે, વિકાસ વિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવણી, દૂષિત ઈરાદાઓ સાથે વિરોધને ઉશ્કેરવો, આતંકવાદી સંગઠન સાથે જોડાણ, રાષ્ટ્ર વિરોધી સંસ્થાઓ સાથે જોડાણ વગેરે જેવા કારણો માટે આ પ્રમાણપત્ર રદ કરી શકાય છે અથવા પ્રદાન કરી શકાતું નથી. જો પદાધિકારીઓ/સદસ્યો/મુખ્ય સંગઠન અથવા કાર્યકારી કટ્ટરપંથી/આતંકવાદી સંસ્થાઓ સાથે જોડાણ ધરાવતાં હોય તો પણ ઈનકાર કરી શકાય છે. ફીલ્ડ એજન્સીએ એસોસિએશન સામે પ્રતિકૂળ ઈનપુટ્સની જાણ કરી હોય અને FCની સ્વીકૃતિ સામાજિક/ધાર્મિક સંવાદિતાને અસર કરે તેવી શક્યતા હોય અથવા એસોસિએશન પ્રેરિત/બળજબરીથી ધાર્મિક રૂપાંતરણ/ધર્મ પરિવર્તન અથવા સંગઠન અથવા તેના પદાધિકારીઓ કટ્ટરપંથી સંગઠનો સાથે જોડાણ ધરાવે છે તો પણ ઈનકાર કરી શકાય છે. વેબસાઈટ પરના MHAના ડેશબોર્ડ અનુસાર હાલમાં કુલ ૧૬,૦૨૬ એસોસિએશનો સક્રિય છે, જ્યારે કુલ ૨૦,૭૧૧ના લાઈસન્સ રદ કરવામાં આવ્યા છે. તાજેતરના વર્ષોમાં એવા એનજીઓની યાદીમાં ચિંતાજનક વધારો થયો છે જેમના એફસીઆરએ લાઈસન્સ રદ થયા છે. ડિસેમ્બર ૨૦૨૧માં કેન્દ્રએ પ્રતિકૂળ ઈનપુટ્સને ટાંકીને મધર ટેરેસાની સંસ્થા, મિશનરીઝ ઓફ ચેરિટીના FCRA નવીકરણને નકારી કાઢ્યું અને બાદમાં વ્યાપક ટીકા પછી એક મહિના પછી તેનું લાઈસન્સ રિન્યુ કર્યું હતું. આ વર્ષે એપ્રિલમાં કેન્દ્ર સરકારે ત્રણ ચર્ચ આધારિત ચેરિટી સંસ્થાઓ સહિત પાંચ NGOની FCRA નોંધણી રદ કરી હતી. નોંધનીય છે કે, EFI ખ્રિસ્તીઓ સામેના હુમલા અંગે ડેટા એકત્રિત કરે છે અને પ્રકાશિત કરે છે અને મોદી સરકાર હેઠળ સમુદાય વિરુદ્ધ હિંસામાં વધારો નોંધે છે.

# 'આંબેડકર ઈસ્લામ સ્વીકારવા માટે તૈયાર હતા' : કર્ણાટકના પૂર્વ ધારાસભ્ય સૈયદ કાદરીની ટિપ્પણીથી વિવાદ

## શિગગાંવના પૂર્વ ધારાસભ્ય સૈયદ અઝીમપીર કાદરીએ કોંગ્રેસની એક રેલીમાં તેમની ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો હતો, તેમણે દાવો કર્યો હતો કે, આંબેડકર શરૂઆતમાં ઈસ્લામ ધર્મ અપનાવવાનો ઈરાદો ધરાવતા હતા અને અનુમાન લગાવ્યું હતું કે, દલિત સમુદાય તેનું પાલન કરશે

(એજન્સી) હાવેરી, તા.૧૨

શિગગાંવના પૂર્વ ધારાસભ્ય સૈયદ અઝીમપીર કાદરીએ સોમવારે તેમની ટિપ્પણી સાથે વિવાદ ઊભો કર્યો હતો જેમાં તેમણે કહ્યું હતું કે, બંધારણના ઘડવૈયા ડૉ.બીઆર આંબેડકર ઈસ્લામ સ્વીકારવા માટે તૈયાર હતા. કોંગ્રેસના ઉમેદવાર યાસિર અહેમદ ખાન પઠાણ માટે શિગગાંવ વિધાનસભા પેટાચૂંટણી રેલીના સંબંધમાં આદિજામ્બાવા સમુદાયના કાર્યક્રમમાં તેમણે દાવો કર્યો હતો કે, આંબેડકરે તેમના ઈસ્લામમાં પરિવર્તન માટે વ્યાપક તૈયારીઓ કરી હતી. જો કે, આખરે તેમણે બૌદ્ધ ધર્મ પસંદ કર્યો હતો. જો આંબેડકરે ઈસ્લામ અંગીકાર કર્યો હોત તો સમગ્ર દલિત સમુદાયે તેનું પાલન કર્યું હોત.

તેમણે અગ્રણી દલિત વ્યક્તિઓના નામમાં ફેરફાર વિશે પણ અનુમાન લગાવ્યું હતું કે, આર.બી. થિમ્માપુર જેવી વ્યક્તિઓ રહીમ ખાન બની શકે છે, ડો.જી. પરમેશ્વરને પીર સાહેબ નામ અપનાવ્યું હોત, એલ. હનુમંથૈયા હસન સાહેબ તરીકે ઓળખાયા હોત. આ પૂર્વ ધારાસભ્યએ દલિત અને મુસ્લિમ સમુદાયો વચ્ચેના ઐતિહાસિક બંધન અંગે કહ્યું કે, દલિત વસાહતો સાથે મુસ્લિમ દરગાહની નિકટતા તેમનું બંધન દર્શાવે છે.

તેમની આ ટિપ્પણીઓ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ છે, કોંગ્રેસ પાર્ટી તરફથી સખત પ્રતિસાદ મળ્યો છે, જેણે પોતાને આ નિવેદનોથી દૂર રાખી છે. કાદરીને પાર્ટીની ટિકિટ નકારવામાં આવી હતી, તે હવે શિગગાંવ વિધાનસભા પેટાચૂંટણી સ્વતંત્ર ઉમેદવાર તરીકે લડી રહ્યા છે. તેમની ટિપ્પણીઓ પછી ભાજપ અને કોંગ્રેસ બંનેએ ટીકા કરી હતી અને તેઓને આ બાબતની સમજણનો અભાવ છે એમ કહ્યું હતું.

**દલિત સમાજ નારાજ થઈ જાય તેવા પ્રયત્ન કરનાર ઓછા નથી...** — ન્યુઝ GT પોઈન્ટ



# કુંભ મેળામાં મુસ્લિમ પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની ભલામણ એ પ્રયાગરાજમાં ગંગા પ્રદૂષણના ગંભીર મુદ્દા પરથી ધ્યાન હટાવવા માટે છે

(એજન્સી) લખનૌ, તા.૧૨

અખિલ ભારતીય અખાડા પરિષદ પ્રયાગરાજમાં ૨૦૨૫માં કુંભ મેળામાં મુસ્લિમોના પ્રવેશ અને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ લાદવા દબાણ કરી રહી છે. પરિષદ આ પગલાની તરફેણમાં સંતો, સાધુઓ અને ધાર્મિક નેતાઓ પાસેથી સમર્થન મેળવવા માટે કામ કરી રહી છે. ઉત્તરપ્રદેશ સરકાર ૨૦૨૫ના આ કુંભ મેળાના આયોજન માટે અબજો રૂપિયાનું રોકાણ કરી રહી છે. તેના સરળ વહીવટ માટે, એક વિશેષ જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) અને પોલીસ અધિક્ષક (SP)ની નિમણૂક કરવામાં આવી છે. વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને આરોગ્યસંભાળ સુવિધાઓ પણ છે અને આ મેળા માટે અલગ ટાઉનશીપ પણ બનાવવામાં આવી રહી છે. જો કે, પ્રથમ વખત અખિલ ભારતીય અખાડા પરિષદ મુસ્લિમોને મેળામાં પ્રવેશવા અને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરવા માટે સક્રિય પગલાં લઈ રહી છે. અખાડા પરિષદની બે દિવસીય બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિષદના ૧૩ સંલગ્ન અખાડાઓના સાધુઓ માંગ કરી રહ્યા છે કે મેળામાં મુસ્લિમોના પ્રવેશને પ્રતિબંધિત કરવામાં આવે અને તેમની વ્યાપારી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવે. તેઓએ એવી પણ વિનંતી કરી હતી કે તમામ સાધુઓને તેમની ઓળખની યોગ્ય ચકાસણી સુનિશ્ચિત કરવા માટે ઓળખ કાર્ડ જારી કરવામાં આવે, પરિષદ એન્ટ્રી પોઈન્ટ્સ પર કડક ચકાસણી માટે હાકલ કરી રહી છે, જેમાં યોગ્ય આઈડી પ્રૂફ વિના કોઈને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વધુમાં અખાડા પરિષદે ઉત્તર પ્રદેશ સરકારને ધાર્મિક મેળાવડાના માપદંડને ધ્યાનમાં રાખીને મેળામાં હાજરી આપનારા સાધુઓ અને સંતો માટે સુરક્ષા વધારવાની વિનંતી કરી છે.

આ માંગણી પાછળનું તર્ક કંવર યાત્રા છે, જ્યાં એવો આક્ષેપ કરવામાં આવે છે કે મુસ્લિમ સંચાલિત હોટલો અને ઢાબાઓ વચનબદ્ધ શાકાહારી ભોજનને બદલે હિન્દુ ભક્તોને માંસાહારી ભોજન પીરસે છે. અખાડા પરિષદ દલીલ કરે છે, તે હિંદુઓની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે અને આ રીતે મુસ્લિમોને મેળાથી દૂર રાખવા અને તેમની વ્યાપારી સંડોવણીને મર્યાદિત કરવાના તેમના દબાણને યોગ્ય ઠેરવે છે. જો કે, આ પ્રતિબંધ માટેનું કારણ મુસ્લિમ સમુદાયને તેમની આર્થિક સ્થિતિને નબળી પાડવા



વિશે કોઈ વાસ્તવિક ચિંતાઓને સંબોધવાને બદલે કઈક અન્ય કારણ લાગે છે. અખાડા પરિષદના સાધુઓએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે મુલાકાત કરી હોવાના અહેવાલો દર્શાવે છે કે આમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (BJP) ભૂમિકા ભજવે તેવી પ્રબળ સંભાવના છે. આ નિર્ણય પર રાજ્ય સરકારની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે. તેના જવાબમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના મુફ્તી શહાબુદ્દીન રઝવી બરેલવીએ ઉત્તરપ્રદેશ સરકારને હસ્તક્ષેપ કરીને આ નિર્ણયને પાછો ખેંચવાની હાકલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે મેળો એ એકતા, શાંતિ અને ધાર્મિક સંવાદિતા માટેનો પ્રસંગ છે અને મુસ્લિમોને ભાગ લેવા પર પ્રતિબંધ મૂકવાનો અખાડા પરિષદનો નિર્ણય સામાજિક વિભાજન વધારશે. મૌલાના રઝવીએ ચેતવણી આપી હતી કે આવી ક્રિયાઓ સાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપશે અને દેશના સામાજિક માળખાને અસ્થિર કરી શકે છે.

તેમણે જણાવ્યું હતું કે, અખાડા પરિષદનો નિર્ણય વિભાજનને પ્રોત્સાહન આપે છે અને સાંપ્રદાયિકતાને પ્રોત્સાહન આપે છે. આવી ક્રિયાઓ સમાજમાં વિભાજન પેદા કરવા માટે જ કામ કરે છે. હું રાજ્ય સરકારને વિનંતી કરૂં છું કે તેઓ આ નિર્ણયને પાછો ખેંચે અને સાંપ્રદાયિક નફરત ફેલાવનારાઓ સામે કડક પગલાં લે.

બીજી તરફ, અખાડા પરિષદના નિર્ણયને શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું સમર્થન મળ્યું છે, જેમણે વારાણસીમાં દલીલ કરી હતી કે જેમ હિંદુઓને મક્કા અને મદીનામાં પ્રવેશ પર પ્રતિબંધ છે તેવી જ રીતે મુસ્લિમોને કુંભ મેળામાં ભાગ લેવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે, મક્કા અને મદીના મુસ્લિમોના પવિત્ર સ્થળો છે અને હિન્દુઓને ત્યાં જવા પર પ્રતિબંધ છે. એ જ રીતે, કુંભ એ આપણો ધાર્મિક તહેવાર છે; મુસલમાનોને કોઈ ધંધામાં સામેલ થવું જોઈએ નહીં. શંકરાચાર્યનું આ સમર્થન અખાડા પરિષદના વલણને ઉત્તેજન આપે છે અને કુંભ મેળા અને મક્કા વચ્ચેની તેમની સરખામણી સમસ્યારૂપ છે. મક્કા અને મદીના વિદેશમાં સ્થિત છે અને ભારતની અંદરની બાબતો પર ભારત સરકાર અધિકારક્ષેત્ર ધરાવે છે. તદુપરાંત, ભારતમાં હિન્દુઓ અને મુસ્લિમો સાથે રહે છે અને એકબીજાના તહેવારો અને ઉજવણીઓમાં ભાગ લેવાનો ઈતિહાસ ધરાવે છે.

અખાડા પરિષદ કુંભ મેળામાં એક નવી, વિભાજનકારી પરંપરા સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી છે, જે સંભવિતપણે સાંપ્રદાયિક તણાવને ઉત્તેજન આપી શકે છે. આ જરૂરી કે યોગ્ય નથી, કારણ કે તે રાષ્ટ્રની એકતાને નુકસાન પહોંચાડી શકે છે અને કુંભ મેળાને વ્યાખ્યાયિત કરતી સદીઓ જૂની સર્વસમાવેશકતાની ભાવનાને વિક્ષેપિત કરી શકે છે. અખાડા પરિષદ મેળામાં મુસ્લિમોના પ્રવેશ અને વ્યવસાયને પ્રતિબંધિત કરવાના નોંધપાત્ર પ્રયાસો કરી રહી છે, ત્યારે અન્ય એક મહત્ત્વના મુદ્દાની અવગણના કરવામાં આવી રહી છે : અને તે છે, પ્રયાગરાજમાં ગંગાનું ગંભીર પ્રદૂષણ. પ્રયાગરાજમાં ગંગાનું પાણી હવે ધાર્મિક વિધિઓ માટે યોગ્ય નથી, શુદ્ધિકરણની વાત કરીએ તો ગટર અને ઔદ્યોગિક કચરો નદીમાં છોડવાને કારણે પાણી ભારે દૂષિત થયું છે. પણ અખાડા પરિષદ જળ પ્રદૂષણના મુદ્દા પર ધ્યાન આપી રહી નથી, જે કુંભ મેળાને અસર કરે છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ ધ્યાન દોર્યું છે કે દરરોજ લાખો લીટર ગટરનું પાણી ગંગા અને તેની ઉપનદીઓમાં ફેંકવામાં આવે છે, જે પાણીની ગુણવત્તાને ગંભીર અસર કરે છે. NGTએ ઉત્તરપ્રદેશ સરકારને તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે અને કુંભ મેળો શરૂ થાય તે પહેલાં જાન્યુઆરી ૨૦૨૫માં પરિસ્થિતિની સમીક્ષા કરવાનું કહ્યું છે. વિડંબના એ છે કે કુંભ મેળો ૧૪-૧૫ જાન્યુઆરી, ૨૦૨૫ની આસપાસ મકરસંક્રાંતિ સાથે શરૂ થશે. ગંગામાં ગંભીર પ્રદૂષણ હોવા છતાં, સાધુઓ અને સંતો તેના દૂષિત પાણીમાં સ્નાન કરશે અને તેઓ એવું માનશે કે તે તેમને આધ્યાત્મિક રીતે શુદ્ધ કરશે. અખાડા પરિષદે નદીમાં પ્રદૂષણના મૂળ કારણને સંબોધવામાં કોઈ રસ દાખવ્યો નથી, ન તો તેઓએ મેળા પહેલા ગંગાની સફાઈ કરવાની હાકલ કરી છે. પ્રદૂષણની સમસ્યા પ્રત્યેની આ અવગણના ગંભીર વિસંગતતાને પ્રકાશિત કરે છે કે, મુસ્લિમોની સહભાગિતા પર પ્રતિબંધ મૂકવા પરનું ધ્યાન એ કુંભ મેળામાં વાસ્તવિક પર્યાવરણીય અને આધ્યાત્મિક સમસ્યાઓથી વિચલિત કરવા માટે છે. યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની ઉત્તરપ્રદેશ સરકાર નદીઓની સફાઈની જવાબદારી લેવામાં નિષ્ફળ રહી છે અને તેના બદલે, પર્યાવરણીય સંકટ પરથી ધ્યાન હટાવવા માટે મુસ્લિમોની ભાગીદારીના મુદ્દાનો ઉપયોગ ગંગાના પ્રદૂષણનો મુદ્દો ઢાંકવા માટે કરવામાં આવી રહ્યો છે. એ હકીકત છે કે ગંગા પવિત્ર હોવા છતાં પ્રદૂષિત છે, તે મેળામાં હાજરી આપનારા તમામ ભક્તો માટે ચિંતાનો વિષય હોવો જોઈએ. અસલી મુદ્દો મુસ્લિમોના પ્રવેશનો નથી, પરંતુ પવિત્ર નદીઓના પર્યાવરણીય અધોગતિનો છે, જે કુંભ મેળાની પવિત્રતાને ક્ષીણ કરે છે. મુસ્લિમ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને, રાજ્ય સરકાર મેળાને અસર કરતી મુખ્ય સમસ્યાઓ અને લાખો હિન્દુઓની ધાર્મિક લાગણીઓથી ધ્યાન હટાવી રહી છે. નિષ્કર્ષમાં કહીએ તો ઉત્તરપ્રદેશ સરકાર, મુસ્લિમ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરીને, ગંગા અને યુમના નદીઓના ગંભીર પ્રદૂષણ સહિત કુંભ મેળાને અસર કરતી વાસ્તવિક સમસ્યાઓ પરથી ધ્યાન હટાવી રહી છે. ધાર્મિક સહભાગિતા સાથે રાજનીતિ રમતા આ જટિલ મુદ્દાઓને ઉકેલવામાં સરકારની નિષ્ફળતા મેળાની પવિત્રતા અને દેશની સામાજિક સમરસતા બંને માટે જોખમ ઊભું કરે છે.

**ક્યા બાત હૈ ?!**

**તેઓ છેક બિહારથી અહી આપણી ભઠ્ઠીનો દેશી લઠ્ઠો પીવા આવ્યા છે !**



- જામી

# USCIRFએ દેશમાં વધતી જતી ધાર્મિક અસહિષ્ણુતા વચ્ચે ભારતને 'વિશેષ ચિંતાનો દેશ' તરીકે જાહેર કરવા વિનંતી કરી

(એજન્સી) તા.૧૨

યુએસ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF)એ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાની કથળતી સ્થિતિનો એક ઘૃણાસ્પદ અહેવાલ આપ્યો છે, જેમાં ધાર્મિક અસહિષ્ણુતા, દ્વેષપૂર્ણ ભાષણ અને ધાર્મિક લઘુમતીઓ પરના હિંસક હુમલાઓમાં ચિંતાજનક વધારો થયો છે. તેના તાજેતરના વાર્ષિક અહેવાલમાં કમિશને ભારતને 'વિશિષ્ટ ચિંતાનો દેશ' (CPC) તરીકે નિયુક્ત કરવાની હાકલ કરી છે. આ એવા રાષ્ટ્રો માટે છે જ્યાં ધાર્મિક સ્વતંત્રતાનું પ્રણાલીગત અને ગંભીર ઉલ્લંઘન થાય છે. આ ભલામણ ભારતમાં ધાર્મિક અત્યાચારના ભયજનક સ્તરને દર્શાવે છે, જ્યાં રાજ્ય દ્વારા ભેદભાવ અને સરકારી વ્યક્તિઓ દ્વારા દ્વેષપૂર્ણ ભાષણ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને દલિતો સહિતના સંવેદનશીલ સમુદાયો સામે અભૂતપૂર્વ હિંસા વધી રહી છે.

USCIRFના વરિષ્ઠ નીતિ વિશ્લેષક સેમા હસન દ્વારા લખવામાં આવેલ આ અહેવાલમાં ભારતમાં ઘાતક માર્ગની રૂપરેખા આપે છે. ખોટી માહિતી અને ગેરમાહિતીને લોકોને ધાર્મિક લઘુમતીઓ સામે લક્ષિત હિંસા માટે ભડકાવવા માટે એક શસ્ત્ર બનાવવામાં આવે છે. આ કમિશન હાઈલાઈટ કરે છે કે, આ સંકલિત હુમલાઓ ખાસ કરીને મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને દલિતો પર કરવામાં આવ્યા છે, જેમાં તેમના પૂજા સ્થાનો, રહેઠાણો અને વ્યાપારી સંસ્થાઓ પર હુમલાઓનો સમાવેશ થાય છે.

આ અહેવાલમાં રાજકીય અને ધાર્મિક બંને વ્યક્તિઓ દ્વારા પ્રસારિત દ્વેષયુક્ત ભાષણમાં અસાધારણ વધારો પણ દર્શાવવામાં આવ્યો છે અને સાંપ્રદાયિક વિવાદ નોંધપાત્ર રીતે વધી રહ્યો છે અને ધાર્મિક વૈમનસ્યના વાતાવરણને પ્રોત્સાહન આપ્યું છે. USCIRFના રિપોર્ટમાં ભારતમાં ધાર્મિક લઘુમતીઓ પરના વધતા હુમલાઓમાં ખાસ કરીને મુસ્લિમો અને ખ્રિસ્તીઓને નિશાન બનાવવામાં આવે છે અને તેને રાષ્ટ્રવાદ અને રાજ્ય દ્વારા સ્પષ્ટપણે લક્ષ્ય કરવામાં આવ્યા છે. આ હિંસક કૃત્યોમાં ક્રૂર શારીરિક હુમલાઓ, મોબ લિંચિંગ અને મસ્જિદો અને ચર્ચો સહિત ધાર્મિક સંસ્થાઓ પરના ક્રૂર હુમલાઓનો સમાવેશ થાય છે. કમિશને હાઈ-પ્રોફાઈલ અત્યાચારોની શ્રેણીને રેખાંકિત કરી છે, જેમ કે ૨૦૨૦ દિલ્હી રમખાણો, જેમાં સાંપ્રદાયિક હિંસા નિયંત્રણની બહાર નીકળી ગઈ હતી, જેના પરિણામે લોકોના ભયંકર મૃત્યુ થયા અને મુખ્યત્વે મુસ્લિમોની સંપત્તિનો વિનાશ થયો હતો. તદુપરાંત આ અહેવાલમાં ધાર્મિક લઘુમતીઓ સામે સંસ્થાકીય ભેદભાવમાં ચિંતાજનક વધારો દર્શાવવામાં આવ્યો છે, જેમાં મુસ્લિમો અને અન્ય પકહત જૂથો શિક્ષણ,



રોજગાર અને જાહેર જીવનમાંથી વધુને વધુ પદ્ધતિસર રીતે બાકાતનો સામનો કરી રહ્યા છે. નાગરિકતા સુધારા અધિનિયમ (CAA) જેવા ધ્રુવીકરણ રાજ્ય કાયદા મુસ્લિમ શરણાર્થીઓ સામે સ્પષ્ટપણે ભેદભાવ કરે છે અને ભારતની મુસ્લિમ વસ્તીની અલગતાને વધારે છે અને તેમના સાંપ્રદાયિક વિભાજનને વધારે છે.

**વકફ સુધારા બિલ :**

ઓગસ્ટમાં વકફ સુધારા બિલથી ભારતના મુસ્લિમ સમુદાયમાં નોંધપાત્ર ચિંતા છે અને તેમની ધાર્મિક સ્વાયત્તતા પર સરકારના વધતા અતિક્રમણ અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. આ ખરડો ૧૯૯૫ના વકફ અધિનિયમને રદ કરવા માંગે છે, જે ઈસ્લામિક કાયદા અનુસાર સખાવતી અને પવિત્ર હેતુઓ માટે વકફ મિલકતોના સંચાલનને નિયંત્રિત કરે છે. ઈસ્લામિક પરંપરા હેઠળ એકવાર મિલકતને વકફ તરીકે નિયુક્ત કરવામાં આવે છે પછી તે અવિભાજ્ય બની જાય છે અને ધાર્મિક ઉપયોગ માટે કાયમ માટે રાખવામાં આવે છે, જેમાં ઘણીવાર જમીન, કબ્રસ્તાન, મસ્જિદો અને અન્ય પવિત્ર સ્થળોનો સમાવેશ થાય છે.

જો કે, ૨૦૨૪ વકફ સુધારા બિલ સરકારી દેખરેખને વધારવા અને વકફ બોર્ડમાં બિન-મુસ્લિમ સભ્યોના સમાવેશને ફરજિયાત કરીને આ એન્ડોમેન્ટ્સ પર નિયંત્રણ સ્થાપિત કરવા માંગે છે, જેનાથી તેમની ધાર્મિક સંસ્થાઓના સમુદાયના સ્વાયત્ત શાસન નબળું પડે છે. વધુમાં આ બિલ માલિકો દ્વારા મૌખિક ઘોષણાઓને રદ કરવાની દરખાસ્ત કરે છે, જેનાથી વ્યક્તિના શબ્દના આધારે મિલકતોને વકફ તરીકે સ્વૈચ્છિક રીતે નિયુક્ત કરવાની પરંપરાગત પ્રથાને દૂર કરવામાં આવે છે અને ટીકાકારો દલીલ કરે છે કે, તે ધાર્મિક દાનની પવિત્રતા અને અખંડિતતાને નબળી પાડે છે. કાનૂની નિષ્ણાતો, અગ્રણી મુસ્લિમ નેતાઓ ચેતવણી આપે છે કે, આ બિલ તેની ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ પર મુસ્લિમ સમુદાયના સાર્વભૌમત્વ પર અભૂતપૂર્વ હુમલો છે.

**યુનિફોર્મ સિવિલ કોડ :**

૨૦૧૯થી વડાપ્રધાન મોદી અને ભાજપે સમાન નાગરિક સંહિતા (UCC) લાદવાની હિમાયત કરી છે, જે દેશના વૈવિધ્યસભર વ્યક્તિગત કાયદાઓને દૂર કરવાના હેતુ સાથે એક વ્યાપક કાનૂની માળખું છે, જે ધાર્મિક સિદ્ધાંતો અને સાંસ્કૃતિક પ્રથાઓ સાથે જટિલ રીતે જોડાયેલા છે. આ અંગત કાયદાઓ જીવનના નિર્ણાયક પાસાઓનું સંચાલન કરે છે, જેમ કે લગ્ન, છૂટાછેડા, દત્તક, વારસો અને ઉત્તરાધિકાર અને ભારતના વિવિધ ધાર્મિક સમુદાયોના મૂલ્યો અને માન્યતાઓને પ્રતિબિંબિત કરે છે.

વિવેચકો દલીલ કરે છે કે, UCCનો અમલ ભારતના બિનસાંપ્રદાયિક બંધારણના પાયાનો વિરોધાભાસ છે અને એકવિધ કાયદાકીય માળખું આવશે જે રાષ્ટ્રના બહુસાંસ્કૃતિક અને બહુમતીવાદી સમાજની વિશિષ્ટ જરૂરિયાતો, પ્રથાઓ અને ધાર્મિક સ્વતંત્રતાઓને નષ્ટ કરશે. તેઓ દલીલ કરે છે કે, UCC, ધાર્મિક સમુદાયોની તેમની આંતરિક બાબતોને તેમની પોતાની પરંપરાઓ અને માન્યતાઓ અનુસાર સંચાલિત કરવાની સ્વાયત્તતાને નબળી પાડશે અને ભારતીય સમાજના બહુલવાદી ફેબ્રિકને અસરકારક રીતે ખતમ કરશે.

વિવિધ જૂથોની સામાજિક અને ધાર્મિક ઓળખ માટે અભિન્ન અંગત કાયદાઓને ઓવરરાઈડ કરીને UCC ભારતના બિનસાંપ્રદાયિક સિદ્ધાંતોને નષ્ટ કરશે અને દેશના દરેક સમુદાયો અને ધાર્મિક લઘુમતીઓ વચ્ચે વિભાજનમાં પણ વધારો કરશે. એક સમાન નાગરિક સંહિતાને, ઘણા લોકો દ્વારા ધાર્મિક સમુદાયોના ખાનગી જીવન પર નિયંત્રણ કેન્દ્રિત કરવા, તેમની સ્વાયત્તતાને નબળી પાડવા અને સામાજિક લેન્ડસ્કેપમાં સાંપ્રદાયિક વિભાજનને વધુ વધારવા માટે રાજકીય દાવપેચ તરીકે જોવામાં આવે છે.

ધાર્મિક સ્વતંત્રતાના ગંભીર ઉલ્લંઘન માટેની ભારતે આવી નિંદાઓને સતત નકારી કાઢી છે અને એક બિનસાંપ્રદાયિક લોકશાહી તરીકે પોતાનો બચાવ કર્યો છે જ્યાં ધાર્મિક સ્વતંત્રતા બંધારણીય રીતે સમાવિષ્ટ છે અને તે આગ્રહ રાખે છે કે, તેના કાયદાઓ ધર્મના આધારે ભેદભાવ કરતા નથી. જો કે, ધાર્મિક હિંસામાં વધારો, ધાર્મિક લઘુમતીઓને લક્ષ્યાંક બનાવતી ભેદભાવપૂર્ણ નીતિઓ સાથે, દેશની બિનસાંપ્રદાયિક ઓળખને ખલેલ પહોંચાડવાના સંકેત આપે છે.

USCIRF દ્વારા ભારતને ખાસ ચિંતાનો દેશ (CPC) તરીકે જાહેર કરવા કહ્યું છે અને તે આંતરરાષ્ટ્રીય દબાણના એક શક્તિશાળી સાધન તરીકે કામ કરે છે, જે ભારત સરકારને તેની બગડતી માનવ અધિકારોની સ્થિતિનો સામનો કરવા અને ધાર્મિક અધિકારોની સુરક્ષા માટે અર્થપૂર્ણ પગલાં લેવાની ફરજ પાડશે. જ્યારે ચીન, પાકિસ્તાન અને સઉદી અરેબિયા જેવા રાષ્ટ્રોને અગાઉ તેમના સ્પષ્ટ ધાર્મિક જુલમ માટે CPC સૂચિમાં મૂકવામાં આવ્યા છે, ત્યારે આ શ્રેણીમાં ભારતનો સમાવેશ એ દેશના અસહિષ્ણુ ધાર્મિક વાતાવરણને યુનાઈટેડ સ્ટેટ્સ જે રીતે જુએ છે તેમાં નાટ્યાત્મક પરિવર્તન દર્શાવે છે. આ પગલું એ વધતી જતી ધારણાને રેખાંકિત કરે છે કે, એક સમયે વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખાતું ભારત વધુને વધુ સાંપ્રદાયિકતા અને સરમુખત્યારશાહી તરફ સરકી રહ્યું છે.

નિષ્કર્ષમાં યુ.એસ. કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ (USCIRF) દ્વારા ભારતને ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે તેને ખાસ ચિંતાના દેશ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરવાનો નિર્ણય, આંતરરાષ્ટ્રીય સમુદાય ભારતની બિનસાંપ્રદાયિકતા અને ધાર્મિક બહુમતી પ્રત્યેની પ્રતિબદ્ધતાને કેવી રીતે માને છે તે માટે એક મહત્ત્વપૂર્ણ નિર્દેશ દર્શાવે છે. બિનસાંપ્રદાયિક લોકશાહીને બચાવવા ભારતનું સત્તાવાર વલણ હોવા છતાં, ધાર્મિક હિંસા, દ્વેષપૂર્ણ ભાષણ અને ભેદભાવપૂર્ણ નીતિઓનું દસ્તાવેજીકરણ કરતા પુરાવાઓ અસહિષ્ણુતાનું વાતાવરણ સૂચવે છે.

આંતરરાષ્ટ્રીય પ્રતિસાદ અને ખાસ કરીને યુ.એસ. તરફથી બિનસાંપ્રદાયિક લોકશાહી તરીકે દેશની ઓળખ સાથે સમાધાન ન થાય તે પહેલાં ધાર્મિક સ્વતંત્રતા અને માનવ અધિકારોના મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનઃ પુષ્ટ કરવા માટે ભારતના નેતૃત્વને આહ્વાન કરવામાં આવ્યું છે. ભારત આ દબાણ માટે કેવી રીતે પ્રતિભાવ આપે છે તે એક એવા રાષ્ટ્ર તરીકે તેના ભાવિને ઘડવામાં મહત્ત્વપૂર્ણ રહેશે. કારણ કે, ભારત વિવિધતાને જાળવી રાખવાનો દાવો કરે છે.

# એલોન મસ્કની નવી X પોસ્ટમાં દાવો : રશિયા-યુક્રેન યુદ્ધ માટે પુતિન નહીં અમેરિકા દોષી

## રશિયા-યુક્રેન યુદ્ધ : મસ્ક દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં Sachsએ રશિયાની ક્રિયાઓને 'ઉશ્કેરણી વિનાની' તરીકે લેબલ કરવા બદલ બાઈડેન વહીવટીતંત્રની ખુલ્લેઆમ ટીકા કરી હતી

(એજન્સી) તા.૧૨

ટેક બિલિયોનેર એલોન મસ્ક જેઓ ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ઝુંબેશના મુખ્ય સભ્ય હતા, તેમણે તાજેતરમાં એક વીડિયો બહાર પાડ્યો હતો જે રશિયા અને યુક્રેન વચ્ચેના તાજેતરના સંઘર્ષમાં યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા ભજવવામાં આવેલી કથિત ભૂમિકા તરફ નિર્દેશ કરે છે.

એલોન મસ્કે અમેરિકન અર્થશાસ્ત્રી જેફરી ડી Sachsને દર્શાવતો એક વીડિયો શેર કર્યો, જેમણે કહ્યું કે, યુક્રેનમાં યુદ્ધ માટે પુતિન એકલા જ જવાબદાર નથી. વીડિયોમાં અમેરિકન અર્થશાસ્ત્રી જેફરી ડી Sachs દર્શાવવામાં આવ્યા છે જે યુક્રેનમાં યુદ્ધના મૂળ અને તેની અસરોને લગતી એક વિચારપ્રેરક દલીલ રજૂ કરે છે. Sachsએ દાવો કર્યો હતો કે, તે માત્ર રશિયન આક્રમણ નથી, પરંતુ યુએસની આગેવાની હેઠળના નાટોના વિસ્તરણથી પડોશી દેશો વચ્ચે સંઘર્ષ થયો હતો. મસ્ક દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં Sachsએ દાવો કર્યો છે કે, યુક્રેનને નાટોમાં એકીકૃત કરવાના યુનાઈટેડ સ્ટેટ્સના ઈરાદાએ સીધા જ રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન દ્વારા આક્રમણને ઉશ્કેર્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'આ યુક્રેન પર વ્લાદિમીર પુતિન દ્વારા હુમલો નથી, જે રીતે આપણને આજે કહેવામાં આવે છે.' Sachsના મંતવ્યો રશિયા-યુક્રેન યુદ્ધની આસપાસના મુખ્ય પ્રવાહના વૈશ્વિક વર્ણનને પડકારે છે પરંતુ કમનસીબે વીડિયોની ચોક્કસ તારીખ અને સમય ચકાસાયેલ નથી.

**'બિન-ઉશ્કેરણીજનક' : વીડિયોમાં જો બાઈડેન વહીવટની ટીકા :**

વીડિયોમાં Sachsએ રશિયાની ક્રિયાઓને 'ઉશ્કેરણી વિનાની' તરીકે લેબલ કરવા બદલ બાઈડેન વહીવટીતંત્રની ખુલ્લેઆમ ટીકા કરી હતી, જે શબ્દ તેઓએ પુતિન સામે કથિત રૂપે કથા બદલવા માટે અવિરતપણે ઉપયોગ કર્યો છે. તેમણે કોમન ડ્રીમ્સ માટેના ૨૦૨૩ લેખમાં નોંધ્યું કે, 'બાઈડેન ટીમ સતત યુદ્ધની પ્રથમ વર્ષગાંઠ પર બાઈડેનના મુખ્ય ભાષણમાં 'બિન-ઉશ્કેરાયેલ' શબ્દનો સતત ઉપયોગ કરે છે.'

Sachsએ ૧૯૯૦માં તત્કાલીન સોવિયેત પ્રમુખ મિખાઈલ ગોર્બાચેવ પ્રત્યે નાટોની પ્રતિબદ્ધતાનો સંદર્ભ આપ્યો હતો, જ્યાં જોડાણે જર્મન પુનઃ એકીકરણના બદલામાં 'એક ઈંચ પૂર્વ તરફ ન ખસવાનું' વચન આપ્યું હતું-યુએસએ ત્યારથી દગો કર્યો છે.

તેમણે દલીલ કરી હતી કે, બહુપક્ષીય સમસ્યાઓ નાટોના વિસ્તરણ સાથે શરૂ થઈ હતી, સત્તાવાર રીતે ૧૯૯૯માં પોલેન્ડ, હંગેરી અને ચેક રિપબ્લિકના પ્રવેશ સાથે શરૂ થઈ હતી.

વધુમાં Sachsએ ધ્યાન દોર્યું કે, યુ.એસ.એ ૧૯૯૯માં સર્બિયા સામે બોમ્બ ધડાકાની ઝુંબેશનું નેતૃત્વ કર્યું હતું, જેનો તે સમયે રશિયા તરફથી સખત વિરોધ કરવામાં આવ્યો હતો.

**પુતિને એકવાર નાટો સભ્યપદનો વિચાર કર્યો : વીડિયો દાવાઓ :**

Sachsએ દાવો કર્યો હતો કે, પુતિન એક સમયે 'યુરોપિયન તરફી' નેતા હતા જેમણે 'પરસ્પર આદરપૂર્ણ સંબંધ'ને પ્રોત્સાહન આપવા માટે નાટો સભ્યપદનો પણ વિચાર કર્યો હતો. Sachs અનુસાર ૨૦૦૨માં અમેરિકાએ એકપક્ષીય રીતે એન્ટિ-બેલિસ્ટિક મિસાઈલ સંધિમાંથી પીછેહઠ કર્યા બાદ સંબંધોમાં નાટ્યાત્મક તિરાડ પડી હતી.

# એલોન મસ્કની સ્ટારલિંકે ભારતમાં લાઈસન્સ માટેના તમામ નિયમોનું પાલન કરવું પડશે : જ્યોતિરાદિત્ય સિંધિયા

## મંત્રીએ કહ્યું કે, સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર તમામ જરૂરિયાતો પૂર્ણ કરવાની પ્રક્રિયામાં છે અને એકવાર તેઓ પ્રક્રિયા પૂર્ણ કરી લેશે ત્યારે તેમને લાઈસન્સ મળશે

(એજન્સી) તા.૧૨

કેન્દ્રીય ટેલિકોમ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, એલોન મસ્કની માલિકીની સ્ટારલિંકે ભારતમાં સેવાઓ માટે લાઈસન્સ મેળવવા માટે તમામ ધોરણોનું પાલન કરવું પડશે. મંત્રીએ કહ્યું કે, સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર તમામ જરૂરિયાતો પૂર્ણ કરવાની પ્રક્રિયામાં છે અને એકવાર તેઓ પ્રક્રિયા પૂર્ણ કરી લેશે ત્યારે તેમને લાઈસન્સ મળશે. સિંધિયાએ પત્રકારોને કહ્યું, તેમણે (સ્ટારલિંક) લાઈસન્સ મેળવવા માટે તમામ નિયમોનું પાલન કરવું પડશે. તમારે તેને સુરક્ષાના દૃષ્ટિકોણથી પણ જોવું પડશે. તેઓ તે કરવાની પ્રક્રિયામાં છે. એકવાર બધી આવશ્યકતાઓ પૂરી થઈ જાય પછી તેઓને લાઈસન્સ મળશે.' તેઓ સ્ટારલિંક માટે લાઈસન્સની સ્થિતિ અંગેના પત્રકારોના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. હાલમાં સરકારે ભારતી ગ્રુપ સમર્થિત OneWeb અને Jio-SES સંયુક્ત સાહસ, Jio સેટેલાઈટ કોમ્યુનિકેશનને લાઈસન્સ જારી કર્યું છે.

# કુકી-ઝો 'આતંકવાદીઓ'ની હત્યા બાદ મણિપુરની ઈમ્ફાલ ખીણમાં સુરક્ષા દળો માટે બાંધવામાં આવેલા મકાનોને સળગાવી દેવામાં આવ્યા

## CRPF દ્વારા માર્યા ગયેલા ૧૦ લોકો 'આતંકવાદી' નહીં પરંતુ 'ગામના સ્વયંસેવકો' હતા : કુકી-ઝો સંગઠનનો દાવો

(એજન્સી) ઈમ્ફાલ, તા.૧૨

જીરીબામ જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને રાજ્ય પોલીસ દળો દ્વારા ૧૦ 'સશસ્ત્ર કુકી આતંકવાદીઓ'ની હત્યા બાદ સોમવારે સાંજે સશસ્ત્ર બદમાશોએ ખીણના પેરિફેરલ ગામોમાં ગોળીબાર કર્યા પછી મણિપુરના કાંઠાના વિસ્તારોમાં તણાવ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈમ્ફાલ પશ્ચિમમાં લામસાંગ પોલીસ સ્ટેશન હેઠળના કૌત્રુક, કડાંગબંદ, કાંગચુપ ચિંગખોંગ અને ફાયેંગ વિસ્તારોમાં સાંજે ૭:૧૫ વાગ્યે ફાયરિંગની ઘટનાઓ નોંધાઈ હતી. કંગચુપ ચિંગખોંગ ખાતે તૈનાત કેન્દ્રીય અને રાજ્ય દળોએ જવાબી કાર્યવાહી કરી હોવાનું કહેવાય છે. રાત્રે ૮:૨૦ વાગ્યે સશસ્ત્ર બદમાશોએ લામસાંગ પોલીસ સ્ટેશન હેઠળના ફાયેંગમાં પોરોમ્પટ ચિંગમાં નવા બંધાયેલા મકાનોને સળગાવી દીધા હતા. આ આશ્રયસ્થાનો પોલીસ અને સુરક્ષા દળો માટે હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, હુમલામાં કાંગમોંગ મૈસ્નમ લેઈકાઈના બે મેઈતેઈ ગામના સ્વયંસેવકો ઘાયલ થયા હતા. કાંગચુપ ચિંગખોંગ ગામના રહેવાસીના જણાવ્યા અનુસાર ફોર-વ્હીલરમાં આવેલા સશસ્ત્ર આતંકવાદીઓએ રહેણાંક વિસ્તારો તરફ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને ગ્રામજનોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. આ ગોળીબાર ઉપરાંત ઘણા ઘરોને સળગાવી દેવામાં આવ્યા હતા. જીરીબામ જિલ્લા મેજિસ્ટ્રેટ કૃષ્ણ કુમારે, પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે પ્રતિભાવ આપતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ હેઠળ જિલ્લામાં કર્ફ્યુ લાદ્યો છે અને પાંચ કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો છે અને ઘરની બહાર હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો છે. આ આદેશો આગળની સૂચના સુધી લાગુ રહેશે. આ નિયમો હેઠળ હથિયારો અને તીક્ષ્ણ વસ્તુઓ સહિતના હથિયારો સાથે રાખવા પર પ્રતિબંધ છે. કુકી-ઝો ઓર્ગેનાઈઝેશન, ઈન્ડીજીનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (આઈટીએલએફ)એ આરોપ લગાવ્યો કે, સીઆરપીએફ દ્વારા માર્યા ગયેલા ૧૦ લોકો આતંકવાદીઓ ન હતા પરંતુ કુકી-ઝો 'ગામના સ્વયંસેવકો' હતા. ITLFએ જણાવ્યું હતું કે, તેઓ પર હુમલો કરીને તેમની હત્યા કરવામાં આવી હતી. મણિપુર પોલીસે સોમવારે જણાવ્યું હતું કે, સશસ્ત્ર આતંકવાદીઓએ નજીકમાં સ્થિત જકુરાધોર અને બોરોબેકરા પોલીસ સ્ટેશન પર CRPF ચોકી પર હુમલો કર્યો હતો અને CRPF અને પોલીસે આ હુમલાનો ઉગ્ર જવાબ આપ્યો હતો. એક નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે, ગોળીબાર બંધ થયા પછી આ વિસ્તારની શોધ કરવામાં આવી હતી અને હથિયારો અને દારૂગોળો સાથે ૧૦ આતંકવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા. સીઆરપીએફનો એક જવાન ઘાયલ થયો હતો અને તેને આસામની સિલચર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. કુકી-ઝો કાઉન્સિલે મંગળવારે સવારે પાંચ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી રાજ્યના પહાડી વિસ્તારોમાં સંપૂર્ણ બંધ રાખવાનું આહ્વાન કર્યું હતું, સોમવારે કાંગપોકપી જિલ્લા મુખ્યાલય ખાતે યોજાયેલી બેઠકમાં COTU એ રાજ્યના પોલીસ મહાનિર્દેશક (DGP) સાથે કુકી પ્રદેશોમાં ચાલી રહેલા સુરક્ષા મુદ્દાઓ અને અતિક્રમણના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સમિતિએ એક મેમોરેન્ડમ સબમિટ કર્યું અને ચિંતાના ક્ષેત્રોની રૂપરેખા આપી અને તાત્કાલિક હસ્તક્ષેપની વિનંતી કરી હતી. CoTUએ જણાવ્યું કે, કુકી-ઝો સમુદાય કેન્દ્રીય સુરક્ષા દળો, CRPF વિરુદ્ધ નથી પરંતુ જીરીબામના બોરોબેકરા સબ-ડિવિઝનમાં જાકુરાધોર કરોંગ ખાતેની આ તાજેતરની ઘટના સાથે કુકી-ઝો સમુદાયે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે. એક સંયુક્ત અખબારી નિવેદનમાં સંગઠનોએ હિંસાની નિંદા કરી અને ન્યાયની હાકલ કરી હતી. તેમના નિવેદન મુજબ સોમવાર મધ્યરાત્રિથી શરૂ કરીને ન્યાયની માગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી આ બંધ ચાલુ રહેશે.

# પ્રથમ ટર્મના ઘમાસાણ બાદ ડોનાલ્ડ ટ્રમ્પ તેમના વફાદારનું નામ પેન્ટાગોન ચીફ તરીકે જાહેર કરે તેવી શક્યતા

(એજન્સી) તા.૧૨

સંરક્ષણ સચિવ કોને બનાવશે ડોનાલ્ડ ટ્રમ્પ તે અંગે હજુ પણ અનિશ્ચિતતા છે, પરંતુ તે નિશ્ચિત છે કે તેઓ પેન્ટાગોન માટે પ્રમુખ તરીકે વફાદાર વ્યક્તિને પસંદ કરવાનો પ્રયાસ કરશે. અત્યાર સુધી પાંચ લોકોએ પેન્ટાગોન ચીફ તરીકે પદ સંભાળ્યું હતું, માત્ર રાજીનામું આપવા, બરતરફ કરવા અથવા અમુક સમયગાળા માટે સેવા આપવા માટે. જો કે તેઓએ હજુ સુધી નિર્ણયની જાહેરાત કરી નથી, સંભવિત પેન્ટાગોન વડાઓના નામોમાં જાણીતા નામોનો સમાવેશ થાય છે-જેમ કે ફ્લોરિડાના માઈક વોલ્ટ્ઝ-નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ કીથ કેલોગ સહિત પૂર્વ વહીવટી વફાદારોની શ્રેણીમાં જેઓ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન રાષ્ટ્રીય સુરક્ષા હોદ્દા પર સેવા આપી હતી. પૂર્વ વિદેશ સચિવ માઈક પોમ્પિયોનું નામ પણ સામે આવ્યું હતું, પરંતુ ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પર કહ્યું કે પોમ્પિયો નવા વહીવટમાં જોડાશે નહીં. કેટલાક નિર્ણયો દિવસો સુધી અટકી શકે છે કારણ કે ઉમેદવારો ધ્યાન આકર્ષિત કરવા માટે સંઘર્ષ કરે છે અને અધિકારીઓ હાઉસ રેસના અંતિમ પરિણામોની રાહ જોતા હોય છે, રિપબ્લિકન ધારાશાસ્ત્રીઓનો ઉપયોગ કરી શકાય કે કેમ તે ધ્યાનમાં લેતા અથવા ખાલી કોંગ્રેસ બેઠક માટે નવી ચૂંટણી ટાળવા માટે અન્ય સલામત વિકલ્પો છે. સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના નિવૃત્ત મરીન કર્નલ અને વરિષ્ઠ સલાહકાર માર્ક કેન્સિયને જણાવ્યું હતું કે, 'આ ચૂંટણી અમને પેન્ટાગોન સાથે કેવી રીતે વાતચીત કરશે તે વિશે ઘણું કહેશે.' તેમણે કહ્યું કે વોલ્ટ્ઝ જેવી વ્યક્તિ—પૂર્વ આર્મી ઓફિસર અને ગ્રીન બેરેટ—ઊંડી લશ્કરી પૃષ્ઠભૂમિ ધરાવનાર વ્યક્તિ ટ્રમ્પના મજબૂત વફાદાર તરીકે જોવામાં આવતા અન્ય લોકો જેટલો નાટકીય ફેરબદલ ન કરી શકે.

# રાજસ્થાન : જયપુર કોન્ફરન્સમાં વકફ (સુધારા) બિલનો મુસ્લિમ નેતાઓ દ્વારા સખત વિરોધ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

રાજસ્થાનમાં અગ્રણી મુસ્લિમ નેતાઓએ સૂચિત વકફ બિલનો સખત વિરોધ કર્યો છે, અને વકફ મિલકતોના વહીવટ, સ્વાયત્તતા અને સંરક્ષણ પર તેની અસર અંગે ચિંતા વ્યક્ત કરી છે. રાજસ્થાનના જયપુર શહેરમાં એક કોન્ફરન્સમાં વક્તાઓએ બિલની ચોક્કસ જોગવાઈઓ સામે મુસ્લિમ સમુદાયના એકીકૃત વલણ પર વાત કરી હતી. તેઓએ દલીલ કરી હતી કે આ સુધારો વકફ મિલકતોની સ્વતંત્રતા અને ધાર્મિક હેતુને ખતમ કરશે. તહફુઝ-એ-ઓકાફ (વક્ફ પ્રોપર્ટીઝનું રક્ષણ)ના બેનર હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં મુખ્ય મુસ્લિમ નેતાઓ, કાનૂની નિષ્ણાતો અને વકફ બોર્ડના સભ્યોએ હાજરી આપી હતી. વક્ફ, એ ઈસ્લામિક કાયદામાં એક વિભાવના છે, જે ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ દાનનો સંદર્ભ આપે છે. વક્ફ બોર્ડ દ્વારા સંચાલિત, આ મિલકતો મુસ્લિમ સમુદાયમાં શૈક્ષણિક, ધાર્મિક અથવા સામાજિક કલ્યાણ સેવાઓ માટે સમર્પિત હોય છે. આવી મિલકતોને સામાન્ય રીતે ધાર્મિક ટ્રસ્ટ તરીકે ગણવામાં આવે છે, જેનો હેતુ આધ્યાત્મિક અને પરોપકારી હેતુઓ માટે સમુદાયના નિયંત્રણ હેઠળ રાખવાનો છે. જો કે, વકફ બિલમાં પ્રસ્તાવિત સુધારાઓ સરકારની સંડોવણીમાં વધારો સૂચવે છે, જે વકફ મિલકતની પવિત્રતા અને સ્વાયત્તતાના સંભવિત અસર અંગે મુસ્લિમ નેતાઓમાં ચિંતા પેદા કરે છે. તહફુઝ-એ-ઓકાફ કોન્ફરન્સમાં, સહારનપુરના સાંસદ અને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ના સભ્ય ઈમરાન મસૂદે ભાજપ પર મુસ્લિમોને તેમની પૂર્વજોની જમીનોમાંથી કબજો કરવાના હેતુથી ખોટી કથાને આગળ ધપાવવાનો આરોપ મૂક્યો હતો. મસૂદે એવા આક્ષેપોને ફગાવી દીધા હતા કે મુસ્લિમો જાહેર જમીન પર અતિક્રમણ કરી રહ્યા છે, તેઓએ આવા દાવાઓને 'ભ્રામક' ગણાવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે મુસ્લિમોની માલિકીની મિલકતોમાં માત્ર મસ્જિદો, મંદિરો અને ઈદગાહનો સમાવેશ થાય છે, અને અ બિલ મુસ્લિમોને ભૂમિહીન બનાવવાની યોજનાના ભાગ રૂપે લાવવામાં આવ્યો છે. JPC સમિતિ તેઓ એવા વ્યક્તિઓ અને જૂથોને સમય આપી રહી છે જેઓ ન તો હિસ્સેદાર છે અને ન તો વકફની કોઈ સમજણ ધરાવે છે. ધારાસભ્યએ બિન-મુસ્લિમ સાંસદો અને ધારાસભ્યોને વક્ફ બોર્ડમાં સેવા આપવાની મંજૂરી આપતી બિલની જોગવાઈની નિંદા કરી, અને ચેતવણી આપી કે તે તેમના મુસ્લિમ વિરોધી નિવેદનો પ્રસારિત કરવા માટે કુખ્યાત એવા વ્યક્તિઓનો સમાવેશ કરી શકે છે. કલ્પના કરો કે આસામના સીએમ હિમંતા બિસ્વા સરમા, સાંસદ ગિરિરાજ સિંહ અથવા જયપુરના ધારાસભ્ય બાલમુકુંદાચાર્ય વક્ફ બોર્ડમાં હોય તો શું થશે. સહભાગીઓએ વક્ફ મિલકતોની પવિત્રતા અને સ્વતંત્રતા જાળવી રાખવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા વક્ફ સંસ્થાઓના કાયદાકીય અને ધાર્મિક પાસાઓ બંનેનો આદર કરતા અભિગમની હાકલ કરી હતી.

# મુંબઈમાં એનસીપીના ઉમેદવાર નવાબ મલિકની ચૂંટણી રેલીમાં ઈસ્લામી ધ્વજને પાકિસ્તાનનો ઝંડો ભૂલથી ગણી લેવાયો

## મલિકની રેલીમાં ખુલ્લી કારમાં પાછળ દેખાતો ઝંડો અને તેનો વીડિયો તથા ચિત્રો વાયરલ થતા હરિફોએ દાવો કર્યો કે આ પાકિસ્તાનનો ધ્વજ છે પરંતુ હકીકતે પાકિસ્તાનના ધ્વજ પર ઊભા સફેદ પટ્ટા હોય છે જે આમાં નહોતા

(એજન્સી) મુંબઈ, તા.૧૨

મુંબઈમાં પૂર્વ મંત્રી અને એનસીપીના ઉમેદવાર નવાબ મલિકની ચૂંટણી રેલીમાં ફરકાવવામાં આવતો એક લીલા રંગનો ઝંડો અને તેની તસવીર જોઈને તેને ભૂલથી પાકિસ્તાનનો ઝંડો ગણી લેવામાં આવ્યો હતો અને હરીફોએ દાવો કર્યો હતો કે આ પાકિસ્તાનનો ઝંડો છે. રેલીની એક તસવીર સાથે હિન્દીમાં એવી પોસ્ટ કરવામાં આવી હતી કે પાકિસ્તાનનો ધ્વજ શું પાછળ ફરકાવવો જોઈએ; આવી પોસ્ટ અને ઝંડાની તસવીર સાથેના લખાણ સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવામાં આવ્યા હતા. નવાબ મલિક મહારાષ્ટ્ર વિધાનસભાની માનખુર્દ શિવાજીનગર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે અને એમના દીકરી સના મલિક અનુ શક્તિ નગર બેઠક પરથી લડી રહ્યા છે. આ તસવીરો ચારે તરફ ફેલાવી દેવાયા બાદ તપાસ શરૂ કરવામાં આવતા




ખરેખર ખબર પડી હતી કે એ ઈસ્લામી ધાર્મિક ઝંડો હતો પણ પાકિસ્તાનનો ઝંડો નહોતો. અજીત પવાર અને અન્ય કેટલાય નેતાઓએ એમના સોશિયલ હેન્ડલ પર રેલી અને આ ઝંડાની તસવીરો મૂકી હતી. ઈસ્લામી ઝંડામાં અર્ધચંદ્ર અને તેની અંદર એક તારો હોય છે જ્યારે પાકિસ્તાનના ઝંડામાં આખો ઝંડો લીલા રંગનો હોય છે અને તેની ઉપર સફેદ ઉભા પટ્ટા હોય છે. રેલીમાં જે ઝંડો બતાવવામાં આવ્યો હતો તેમાં માત્ર અર્ધચંદ્ર અને તારાની નિશાની હતી જે ઈસ્લામી ઝનડાની નિશાની છે તેમાં ક્યાંય પણ ઉભા સફેદ પટ્ટા નહોતા એટલે તેને કોઈ કાળે કે કોઈ રીતે પાકિસ્તાની ઝંડો કહી શકાય નહીં એવું તપાસ બાદ બહાર આવ્યું હતું.

# ઉત્તરપ્રદેશમાં વિરોધ કરતા વિદ્યાર્થીઓ સામેની પોલીસ કાર્યવાહીને સખત રીતે વખોડી કાઢતી કોંગ્રેસ, ભાજપ સરકારને આડે હાથ લીધી

## જય રામ રમેશે જણાવ્યું હતું કે પ્રયાગરાજમાં વિદ્યાર્થીઓ એમની માગણીઓ માટે દેખાવો કરી રહ્યા હતા ત્યારે પોલીસ દ્વારા કરાયેલો લાઠીચાર્જ કમનસીબ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ઉત્તરપ્રદેશ જાહેર સેવા આયોગના મનસ્વીપણા સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પ્રયાગરાજમાં યુપી પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠીચાર્જને કમનસીબ ગણાવી કોંગ્રેસે ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા અને એવો દાવો કર્યો હતો કે નોકરીઓની માગણી કરી રહેલા યુવાનોનો અવાજ દબાવી દેવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે.



કોંગ્રેસના મહામંત્રી અને કમ્યુનિકેશન ઈન્ચાર્જ જયરામ રમેશે જણાવ્યું હતું કે, પોતાની માગણીઓ માટે દેખાવો કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કમનસીબ ગણાય. યુપી જાહેર સેવા આયોગ સામે એમની ફરિયાદ છે તો એમને ધ્યાનથી સાંભળવા જોઈએ. આવી રીતે ભાજપ યુવાનોનો અવાજ દબાવવા માટે પ્રયત્ન કરે છે એવું આ કાંઈ પ્રથમવાર બન્યું નથી. અગાઉ પણ નોકરીઓની માગણી કરી રહેલા વિદ્યાર્થીઓ સામે અને ભરતીના કૌભાંડો અને પેપર લીક સામે હજારો અવાજ ઉઠાવતા વિદ્યાર્થીઓ સામે પગલાં લઈને એમનો અવાજ રૂંધી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે, યુવાનોની આ સમસ્યાને બરાબર સમજતી કોંગ્રેસ પાર્ટીએ યુવાન ન્યાય ગેરંટી અંતર્ગત વચન આપ્યું છે અને એટલે જ એ દિશામાં પ્રયાસો શરૂ કર્યા છે. અમે એ માટે પાંચ ખાતરીઓ આપી છે જેમાં ૩૦ લાખ સરકારી જગ્યાઓ પર ભરતી કરવી અને પેપર લીકથી યુવાનોને આઝાદ કરવા અને સમયસર ખાલી જગ્યાઓ ભરવી એ વચનનો સમાવેશ થાય છે.

ઉત્તરપ્રદેશ જાહેર સેવા આયોગના મનસ્વી નીતિરીતિ અને કામગીરી સામે યુવાનો અવાજ ઉઠાવી રહ્યા છે એટલે જ પ્રયાગરાજમાં આયોગના વડા મથકને ઘેરો નાખવાનો વિદ્યાર્થીઓએ પ્રયાસ કર્યો હતો પણ ધરણા પર બેઠા ત્યારે પોલીસે એમને હટાવી દેવા માટે લાઠીચાર્જ કર્યો હતો. દેખાવ કરનારાઓએ આયોગની વિરૂદ્ધ સૂત્રો પણ પોકાર્યા હતા અને પોલીસે અટકાવવાના પ્રયાસ કર્યા છતાં દેખાવકારોએ ફરીથી ભેગા થઈને આગળ વધીને બેરીકેડો પણ હટાવી દીધી હતી. સોમવારે સાંજે અંધારૂં થઈ ગયું ત્યાં સુધી વિદ્યાર્થીઓ ધરણા પર બેઠા હતા અને મોબાઈલની ટોર્ચ લાઈટથી પ્રકાશ કર્યો હતો અને યુવાનોએ આ રીતે તેમની એકતારાના દર્શન કરાવ્યા હતા. અમારામાં ભાગલા નહીં પડે અને અમે જગ્યા છોડીશું નહીં અને ન્યાય નહીં મળે ત્યાં સુધી એક રહીશું એવા લખાણ સાથેના બેનર પણ ફરકાવવામાં આવ્યા હતા.

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પોલીસની કાર્યવાહીની ટીકા કરી હતી અને યુપીની ભાજપ સરકારને યુવા વિરોધી તથા વિદ્યાર્થી વિરોધી ગણાવી હતી. ઉત્તરપ્રદેશ જાહેર સેવા આયોગ દ્વારા આરઓ-એઆરઓ અને પી.સી.એસ.ની પ્રાથમિક પરીક્ષાઓ અલગ-અલગ તારીખો પર રાખવાનો પોતાની રીતે મનસ્વી નિર્ણય લીધો હતો તેની સામે વિદ્યાર્થીઓ વિરોધ કરી રહ્યા હતા.

# તમિલનાડુ : ચેન્નાઈમાં એન્ટિ મની લોન્ડરિંગ કેસમાં EDએ પીડિતને રૂા.૧૨.૭૩ કરોડની સંપત્તિ પરત કરી

(એજન્સી) તા.૧૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ સોમવારે જણાવ્યું હતું કે, તેણે મની લોન્ડ્રિંગ વિરોધી કેસમાં અસલ દાવેદારને ચેન્નાઈના સૈદાપેટ તાલુકામાં રૂા.૧૨.૭૩ કરોડની મિલકત 'પાછી આપી' છે, એજન્સીએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું.

હકના અસલ દાવેદારોને તેની રકમ પરત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), ચેન્નાઈ ઓફિસે મની લોન્ડ્રિંગ વિરોધી કેસમાં પીડિત દાવેદારને રૂા.૧૨.૭૩ કરોડની સંપત્તિ સફળતાપૂર્વક પાછી આપી છે. ઈડીએ જણાવ્યું હતું, EDએ આ કેસ અંગે સેન્ટ્રલ ક્રાઈમ બ્રાન્ચ (CCB), ચેન્નાઈ દ્વારા નોંધાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. ગેરકાયદેસર જમીન હડપ કરવાની ફરિયાદના આધારે FIR દાખલ કરવામાં આવી હતી. EDની તપાસમાં બહાર આવ્યું છે કે, જમીન હડપ કરનારાઓના એક જૂથે ચેન્નાઈના સૈદાપેટ તાલુકામાં આવેલી જમીન પર ગેરકાયદેસર રીતે અતિક્રમણ કર્યું હતું. આ જમીન પચાવી પાડનારાઓએ પાછળથી દસ્તાવેજો બનાવીને અને માલિકીનો ખોટો દાવો કરીને મિલકત ત્રીજા પક્ષકારોને વેચી દીધી હતી. આ તારણોના પરિણામે EDએ ૨૧ માર્ચ, ૨૦૧૭ના રોજ પ્રોવિઝનલ એટેચમેન્ટ ઓર્ડર જારી કર્યો હતો, જેમાં રૂા.૧૧.૪૦ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી, જેની પાછળથી ટ્રિબ્યુનલ દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી. આગળ, માનનીય પ્રિન્સિપલ સેશન્સ જજ કોર્ટ, ચેન્નાઈ સમક્ષ ફરિયાદી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને સંજ્ઞાન લેવામાં આવ્યું હતું. 'સંપત્તિની વર્તમાન કિંમત રૂા.૧૨.૭૩ કરોડ છે અને તે યોગ્ય દાવેદાર અને પીડિતને પરત કરવું એ ગુનાની રકમ અસરગ્રસ્ત લોકોને પરત મળે તે સુનિશ્ચિત કરવા માટે EDના ચાલુ પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.' ED નાણાકીય ગુનાઓનો સામનો કરવા અને આવા ગુનાઓના પીડિતો માટે ન્યાય સુનિશ્ચિત કરવા માટે તેની પ્રતિબદ્ધતા જાળવી રાખે છે.'

# ઈન્ડિયા જૂથ ભાજપના અબજોપતિ 'મિત્રો' કરતાં મહિલાઓ અને ખેડૂતોને પ્રાધાન્ય આપશે : રાહુલ

## ઝારખંડમાં ૧૩ નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના એક દિવસ પહેલાં રાહુલનો પુનરોચ્ચાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારતીય જૂથ મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબોને ભાજપે તેના 'અબજોપતિ મિત્રો' આપ્યા તેના કરતાં વધુ પૈસા આપશે, તેમણે ઉમેર્યું હતું કે ઝારખંડમાં ગઠબંધન દ્વારા મહિલાઓને તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે આપવામાં આવતા માનદ વેતનમાં વધારો કરી રૂા.૨,૫૦૦ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઝારખંડમાં ૧૩ નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના એક દિવસ પહેલા રાહુલ ગાંધીએ પુનરોચ્ચાર કર્યો હતો. રાહુલ ગાંધીએ X પર હિન્દીમાં એક પોસ્ટમાં જણાવ્યું હતું કે,"ગઈકાલે, મૈયા સન્માન યોજનાનો ચોથો હપ્તો ઝારખંડમાં માતાઓ



અને બહેનોના ખાતામાં જમા કરવામાં આવ્યો હતો. આ યોજના ખાસ કરીને મહિલાઓને મોંઘવારી સામે લડવામાં અને સ્વાભિમાન સાથે જીવવામાં મદદ કરે છે. તેથી જ અમે આ યોજના હેઠળ આપવામાં આવતી રકમમાં વધુ વધારો કરવાનું નક્કી કર્યું છે,". કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે, ડિસેમ્બર ૨૦૨૪થી ઝારખંડમાં મહિલાઓને આ યોજના હેઠળ ૨,૫૦૦ રૂપિયાનું માનદ વેતન આપવામાં આવશે જેનો લાભ રાજયની ૫૩ લાખ મહિલાઓને મળી રહ્યો છે. પૂર્વ કોંગ્રેસના વડાએ કહ્યું કે,'મેં તે પહેલાં પણ કહ્યું છે અને હું તેને પુનરાવર્તન કરી રહ્યો છું– ઈન્ડિયા (બ્લોક) મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને ગરીબોને તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે ભાજપે તેના અબજોપતિ મિત્રોને જે આપ્યું છે તેના કરતાં વધુ પૈસા આપશે,'. કોંગ્રેસ-ઝારખંડ મુક્તિ મોરચા ગઠબંધન ૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભામાં સત્તા જાળવી રાખવા માંગે છે, જ્યારે ભાજપ ૧૩ નવેમ્બર અને ૨૦ નવેમ્બરના રોજ બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં સત્તાધારી ગઠબંધનને હટાવવાની કોશિશ કરી રહી છે. પરિણામો ૨૩ નવેમ્બરે આવશે.

# વિપક્ષના બહિષ્કાર વચ્ચે વકફ સમિતિનો અભ્યાસ પ્રવાસ મુલતવી રાખવામાં આવ્યો

(એજન્સી) તા.૧૨

જ્યારથી વકફ બિલ અંગે સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે ત્યારથી લગભગ દરેક બેઠકમાં સરકાર અને વિપક્ષના સભ્યો વચ્ચે હોબાળો થયો છે. હવે વિપક્ષી સાંસદોએ જેપીસીના અભ્યાસ પ્રવાસનો બહિષ્કાર કર્યો. આ પછી લોકસભા સચિવાલયે ૧૨ નવેમ્બરથી ૧૪ નવેમ્બર સુધી કોલકાતા, પટના અને લખનૌની મુલાકાત લંબાવી. આ પહેલા વિપક્ષી સાંસદોએ ગુવાહાટી અને ભુવનેશ્વરમાં યોજાયેલી બેઠકોનો બહિષ્કાર કર્યો હતો. આ બેઠકોમાં ૩૧માંથી માત્ર પાંચ સભ્યો હાજર રહ્યા હતા. તમામ સભ્યો ભાજપના હતા. આવી સ્થિતિમાં જેપીસીની આ બેઠકોનો હેતુ સિદ્ધ થઈ શક્યો નથી. તેથી જ લોકસભા સચિવાલયે વધુ મુલાકાતોની તારીખો બદલવાનો નિર્ણય કર્યો. પેનલના વિપક્ષી સભ્યો લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મળ્યા હતા અને કહ્યું હતું કે ૯થી ૧૪ નવેમ્બર દરમિયાન ઘણા સાંસદો તેમના લોકસભા મતવિસ્તારના પ્રવાસ પર છે, તેથી આ દિવસો દરમિયાન યાત્રા ન કરવી જોઈએ. શનિવારે સાંસદોએ બિરલાને પત્ર લખીને કહ્યું હતું કે વિપક્ષી સાંસદોના વાંધાઓ છતાં જેપીસી પ્રમુખ જગદંબિકા પાલે જૂનું શિડ્યુલ લાગુ કર્યું. TMC સાંસદ કલ્યાણ બેનરજીએ સોમવારે કહ્યું



હતું કે, ઘણા રાજ્યોમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે અને આવી સ્થિતિમાં આ પ્રવાસ સ્થગિત કરવાનું કહેવામાં આવ્યું હતું. મોટાભાગની બેઠકો દિલ્હીમાં જ યોજાય છે. પરંતુ ચૂંટણી દરમિયાન ઘણા સાંસદો દિલ્હીની બહાર છે. આવી સ્થિતિમાં બેઠકનો હેતુ સિદ્ધ થતો નથી. મોડું થાય તો પણ યાત્રા મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે જે આવકાર્ય છે. ડીએમકેના એ રાજા અને કોંગ્રેસના મોહમ્મદ જાવેદે પણ સ્પીકરને પત્ર લખ્યા હતા. જગદંબિકા પાલ કહે છે કે અભ્યાસ પ્રવાસ કોઈ ઔપચારિક કાર્યક્રમ નથી અને તે ઔપચારિકતા પૂર્ણ કરવા માટે બંધાયેલો નથી.

# ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરીના કેસમાં ઝારખંડ, પશ્ચિમ બંગાળમાં EDના દરોડા

(એજન્સી) તા.૧૨

EDએ ભારતમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી મામલે તપાસ શરૂ કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ એંગલની તપાસ માટે આ કેસમાં ૧૭ ઠેકાણા પર દરોડા પાડ્યા છે. આ દરોડા ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં પાડવામાં આવ્યા છે. એક દિવસ પહેલા જ ઝારખંડ ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા અમિત શાહે ફરી બાંગ્લાદેશી ઘૂસણખોરોની રાજ્યમાં હાજરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે એક દિવસ બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ મામલે મોટી કાર્યવાહી કરી છે. ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરી કેસમાં EDએ ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં દરોડા પાડ્યા છે. EDએ મંગળવારે પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં બાંગ્લાદેશી નાગરિકોની ઘૂસણખોરી સાથે જોડાયેલા મની લોન્ડરિંગની તપાસના સંબંધમાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી છે. તપાસ એજન્સીના ઝારખંડ કાર્યાલયના અધિકારીઓ બંને પાડોશી રાજ્યોમાં કુલ ૧૭ ઠેકાણાએ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. EDએ ઝારખંડમાં કેટલીક બાંગ્લાદેશી મહિલાઓની કથિત ઘૂસણખોરી અને



તસ્કરીના એક કેસની તપાસ માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સપ્ટેમ્બરમાં એક કેસ નોંધ્યો હતો. એવો આરોપ છે કે, ઘૂસણખોરી અને દાણચોરી દ્વારા ગુનાહિત આવક ઊભી કરવામાં આવી હતી. એજન્સી દ્વારા PMLAની વિવિધ કલમો હેઠળ દાખલ કરવામાં આવેલ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ (ECIR) જુન મહિનામાં રાજધાની રાંચીમાં બરિયાતુ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ઝારખંડ પોલીસની એક FIR પર આધારિત છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના અન્ય નેતાઓએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમિયાન રાજ્ય સરકાર પર એવી ઘૂસણખોરીને પ્રોત્સાહિત કરવાનો આરોપ લગાવ્યો છે, જેનાથી આદિવાસી બહુલ સંથાલ પરગના અને કોલ્હાન ક્ષેત્રોના વસ્તી વિષયક લેન્ડસ્કેપમાં બદલાવ આવ્યો છે. પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપના અન્ય નેતાઓનું કહેવું છે કે, આમાં રાજ્ય સરકારનો હાથ છે અને તે આવી ઘૂસણખોરીને પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રકારની ઘૂસણખોરી એટલા માટે કરવામાં આવી રહી છે કે જેથી ઝારખંડની ડેમોગ્રાફીમાં ફેરફાર કરી નાખવામાં આવે અને તેનો ફાયદો ચૂંટણીમાં ઉઠાવી શકાય. ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આવતીકાલે એટલે કે બુધવારે ૪૩ બેઠકો પર મતદાન થવાનું છે. તેમજ, પશ્ચિમ બંગાળની ૬ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની છે.

# વકફ બોર્ડ જમીન હડપ કરી રહ્યું છે, હવે વકફ બોર્ડમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે : ઝારખંડની રેલીમાં અમિત શાહનો દાવો

## તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના અમલીકરણને કોઈ રોકી શકશે નહીં

(એજન્સી) બાઘમારા, તા.૧૨

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે મંગળવારે વકફ બોર્ડ પર કર્ણાટકમાં મંદિરો, ગ્રામીણો અને અન્ય લોકોની જમીન હડપ કરવાનો આરોપ મૂક્યો અને જણાવ્યું કે આ સંસ્થામાં ફેરફાર કરવાનો અને સંબંધિત કાયદામાં સુધારો કરવાનો સમય આવી ગયો છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના અમલીકરણને કોઈ રોકી શકશે નહીં, જે ઘૂસણખોરોને રોકવા માટે જરૂરી છે અને તેઓએ આદિવાસીઓને ખાતરી આપી કે તેઓને તેના દાયરામાંથી બહાર રાખવામાં આવશે. શાહે ઝારખંડના બાઘમારામાં એક ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું કે, વકફ બોર્ડ જમીન હડપ કરે છે. કર્ણાટકમાં તેણે ગ્રામજનોની સંપત્તિઓ લઈ લીધી છે. તેણે મંદિરો, ખેડૂતો અને ગ્રામજનોની જમીન પચાવી પાડી છે. મને કહો કે વકફ બોર્ડમાં ફેરફારોની જરૂર છે કે નહીં. હેમંત બાબુ અને રાહુલ ગાંધી ના કહે છે. હું તમને કહું છું કે તેમને તેનો વિરોધ કરવા દો, બીજેપી વકફ એક્ટમાં સુધારો કરવા માટે બિલ પાસ કરશે. અમને કોઈ રોકી શકશે નહીં. તેમણે જેએમએમની આગેવાની હેઠળના ગઠબંધન પર ઘૂસણખોરોને તેની વોટ બેંક બનાવવાનો આરોપ પણ મૂક્યો અને દાવો કર્યો કે જો ઝારખંડમાં ભાજપ સત્તા પર આવશે તો ગેરકાયદેસર વસાહતીઓનો ટ્રેનલોડ કરીને બાંગ્લાદેશ મોકલવામાં આવશે. ઝારખંડમાં ઘૂસણખોરીને રોકવાના હેતુથી સમાન નાગરિક સંહિતાના અમલીકરણને કોઈ રોકી શકશે નહીં અને આદિવાસીઓને તેના દાયરાથી દૂર રાખવામાં આવશે. શાહે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ ઓબીસી



અનામતનો વિરોધ કરી રહી છે. રાહુલ ગાંધીની ચાર પેઢીઓ તમારા આરક્ષણને સ્પર્શી શકશે નહીં. ભાજપના નેતાએ જેએમએમ-રાહુલ બાબા પર જાતિના આધારે દેશને વિભાજીત કરવાનો આરોપ પણ લગાવ્યો અને દાવો કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોના કલ્યાણ માટે માત્ર ચાર શ્રેણીઓ-ગરીબ, ખેડૂતો, યુવાનો અને મહિલાઓ-બનાવી છે. કેન્દ્રીય ગૃહપ્રધાને વચન આપ્યું હતું કે જો ભાજપ સત્તા પર આવશે, તો તે આગામી પાંચ વર્ષમાં ઝારખંડને દેશનું સૌથી સમૃદ્ધ રાજ્ય બનાવશે અને જેએમએમ-કોંગ્રેસના નેતાઓ દ્વારા લૂંટાયેલ દરેક પૈસા તેની તિજોરીમાં પરત કરવામાં આવશે. અમે ઝારખંડમાં ખનિજ આધારિત ઉદ્યોગો સ્થાપીશું અને એવું વાતાવરણ બનાવીશું કે જેથી કોઈ અન્ય રાજ્યોમાં સ્થળાંતર ન કરે. ૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભા માટે ૧૩ અને ૨૦ નવેમ્બરના રોજ બે તબક્કામાં ચૂંટણી યોજાશે, જેમાં મત ગણતરી ૨૩ નવેમ્બરે થવાની છે.

# ઝારખંડ : EDના દરોડાઓથી ભાજપને 'બાંગ્લાદેશી ઘૂસણખોરી'ની વાર્તા ઘડવામાં મદદ મળી : JMM

(એજન્સી) તા.૧૨

ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. એક ડઝનથી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. ANIએ સૂત્રોને ટાંકીને કહ્યું કે બાંગ્લાદેશી ઘૂસણખોરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. ઝારખંડ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. વાસ્તવમાં, ઝારખંડમાં આવતીકાલે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન થશે. આવી સ્થિતિમાં ઝારખંડ મુક્તિ મોરચા (JMM)એ પણ EDની કાર્યવાહી પર પ્રતિક્રિયા આપી છે. જેએમએમના નેતા મનોજ પાંડેએ કહ્યું, 'ચૂંટણી પહેલા આવી



કવાયત કરીને, તમે એક વાર્તા સેટ કરવાનો પ્રયાસ કરો છો. કેન્દ્રીય એજન્સીઓ દ્વારા અત્યાર સુધી જે પણ કાર્યવાહી કરવામાં આવી છે, તેમાં કશું જ મળ્યું નથી. જેએમએમના નેતા મનોજ પાંડેએ વધુમાં કહ્યું, 'આ કેન્દ્ર સરકારનું દબાણ છે. કેન્દ્રીય એજન્સીઓએ તે દબાણ સામે ઝુકવું પડશે. ત્યારે ફરી આવા કારનામા જોવા મળે છે. ભાજપ શા માટે આટલી ચિંતિત છે, શા માટે આટલી અસ્વસ્થ છે, શા માટે આટલી નિરાશ છે, શા માટે આટલી ડરેલી છે તે સમજની બહાર છે. અરે, રાજકારણમાં હંમેશા જીત અને હાર હોય છે. તમે ફરી એકવાર ખરાબ રીતે હારી રહ્યા છો. આ સત્ય સ્વીકારવું જરૂરી છે. તમે આગામી પાંચ વર્ષ માટે તૈયારી કરો. આ વખતે તમારી વાર્તા પૂરી થઈ. જેએમએમ નેતાએ આગળ કહ્યું, 'તમે હેમંત સોરેન, કલ્પના સોરેન, અમારી પાર્ટી, ગઠબંધન સાથે લડી રહ્યા છો. તમારો પરાજય થયો છે. તમારા લોકો તમામ રાજ્યોમાંથી આવી રહ્યા છે. આ બતાવે છે કે તમે હારી રહ્યા છો. વડા પ્રધાને રાંચીના દરેક ખૂણે ખૂણે ફરવું પડે છે. રાજકારણમાં આપણે આવું ક્યારેય જોયું નથી.

# સુપ્રિયા સુલેએ ભાજપ પર ભ્રષ્ટાચાર અને વિકૃત ઈતિહાસનો પ્રચાર કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

NCP (SP)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ સોમવારના રોજ દાવો કર્યો હતો કે, સત્તાધારી ભાજપ અને તેના સાથી પક્ષો ભ્રષ્ટાચારમાં ડૂબેલા છે અને તેમના પર મહારાષ્ટ્રના પ્રતીકોનું અપમાન કરવાનો અને વિકૃત ઈતિહાસનો પ્રચાર કરવાનો આરોપ મૂક્યો છે. ૨૦ નવેમ્બરે યોજાનારી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલા અહીં પત્રકારો સાથે વાત કરતા સુલેએ કહ્યું કે, ભાજપ અને તેના સહયોગીઓ પાસે આજે વિપક્ષમાં વાત કરવા માટે કંઈ નથી. બારામતીના લોકસભા સભ્યએ કહ્યું, છેલ્લી ચૂંટણીઓમાં તેઓએ ભ્રષ્ટાચાર જેવા મુદ્દા ઉઠાવ્યા હતા. આજે તેઓ કંઈ કરી રહ્યા નથી કારણ કે તેઓ પોતે જ ભ્રષ્ટાચારમાં ડૂબી ગયા છે તેમજ ભાજપ અને તેના સાથી પક્ષો પાસે અમારી સામે બોલવા માટે કંઈ જ નથી. મહાયુતિના દાવા પર કે વિપક્ષ



એમવીએએ લાડકી બેહન જેવી શાસક ગઠબંધનની યોજનાઓની નકલ કરી છે અને તેમને તેના નીતિ પત્રમાં સામેલ કર્યા છે, સુલેએ કહ્યું કે, તે કોંગ્રેસ અને એનસીપી હતા જેમણે તેમના સત્તાકાળ દરમિયાન ખેડૂતોને લોન માફી આપી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ અને એનસીપીએ જ કૃષિ પેદાશોના ભાવની ગેરંટી આપી હતી. એમવીએના વિરોધીઓ શહેરી નક્સલીઓ અને કોંગ્રેસના કેટલાક નેતાઓ દ્વારા તેમના પ્રચારમાં પ્રદર્શિત બંધારણની લાલ પુસ્તકનો મુદ્દો ઉઠાવી રહ્યા છે તે વિશે પૂછવામાં આવતા, સુલેએ દાવો કર્યો કે,ભાજપની માનસિકતા મહિલા વિરોધી છે. તેમણે આક્ષેપ કર્યો હતો, તેમના વક્તાઓ છત્રપતિ શિવાજી મહારાજ, શાહુ મહારાજ, મહાત્મા ફૂલે અને ડૉ બાબાસાહેબ આંબેડકર જેવા પ્રતીકોનું અપમાન કરતા રહે છે. સુલેએ આરોપ લગાવ્યો, ભાજપ અને તેના ગઠબંધન ભાગીદારો આ તમામ પ્રતીકોનું અપમાન કરી રહ્યા છે અને વિકૃત ઈતિહાસનો પ્રચાર કરી રહ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો કે, ભાજપના કેટલાક સાંસદો કોલ્હાપુરમાં મહિલાઓને ધમકાવી રહ્યા છે અને કહ્યું કે વિપક્ષ કોર્ટમાં જશે અને ચૂંટણી પંચને પણ ફરિયાદ કરશે. રાજ્યના ચૂંટણી પ્રચારમાં ભાજપ દ્વારા કલમ ૩૭૦ (જે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપે છે) નાબૂદ કરવાના કેન્દ્રના પગલા વિશે પૂછવામાં આવતા, સુલેએ કહ્યું કે, તેમની પાસે કોઈ એજન્ડા નથી અને તેમની પાસે બતાવવા માટે કંઈ નથી.

# ગૃહિણીએ માત્ર ૧૦,૦૦૦ રૂપિયાથી બિઝનેસ શરૂ કરી ૪૦૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી, પદ્મશ્રી જીત્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

સ્વ-નિર્મિત મહિલાઓની વાર્તાઓ ઘણીવાર ગહન પ્રેરણાદાયી હોય છે, જે યુવા પેઢી માટે પ્રેરણાના સ્ત્રોત તરીકે સેવા આપે છે. શશિ સોનીની સફર આવી જ એક અદ્ભુત વાર્તા છે. તેમણે ૧૯૭૧માં ૧૦,૦૦૦ રૂપિયાના પ્રારંભિક રોકાણનો ઉપયોગ કરીને દીપ ટ્રાન્સપોર્ટની સ્થાપના કરીને તેની ઉદ્યોગસાહસિક કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૭૫ સુધીમાં જ્યારે તેમણે મુંબઈના મુલુંડ વિસ્તારમાં દીપ મંદિર સિનેમા ખોલીને મનોરંજનની દુનિયામાં પોતાનું પ્રથમ મોટું પગલું ભર્યું ત્યારે તે પહેલેથી જ સ્વતંત્ર રીતે વ્યવસાય ચલાવી રહી હતી. આ સિનેમા ૧૯૮૦ સુધી ખીલ્યું. ત્યારપછીના વર્ષોમાં શશિએ અસંખ્ય પડકારોનો ખંતપૂર્વક સામનો કર્યો. આખરે તેમણે મૈસુરમાં ગેસ ઉત્પાદક કંપની ઓક્સિજન પ્રાઈવેટ લિમિટેડની



સ્થાપના કરી. સમય જતાં તેમણે ટેક ઉદ્યોગમાં વિસ્તરણ કર્યું. ૨૦૦૫માં શશિએ ઈઝમો લિમિટેડની સ્થાપના કરી, જે મૈસુરમાં સ્થિત એક અદ્યતન સોફ્ટવેર કંપની છે, જે વિશ્વભરમાં ઓટોમોટિવ ટેક્નોલોજી અને ઇ-રિટેલિંગ સેવાઓમાં વિશેષતા ધરાવે છે. તેણી કંપનીના વિકાસને માર્ગદર્શન આપીને અધ્યક્ષ તરીકે સેવા આપવાનું ચાલુ રાખે છે. વ્યવસાય ઉપરાંત શશિ સામાજિક કાર્યમાં ઊંડે સુધી વ્યસ્ત છે. દીપ જનસેવા સમિતિના સભ્ય તરીકે, તે રોજગાર, મહિલા શિક્ષણ, પેન્શન યોજનાઓ અને વિકલાંગ વ્યક્તિઓ માટે ભંડોળ ઊભું કરવામાં સક્રિયપણે સમર્થન આપે છે. વર્ષોથી શશિએ વ્યવસાય અને સામાજિક કલ્યાણ બંનેમાં તેમના યોગદાન માટે સન્માન મેળવ્યું છે. ભારતીય ઉદ્યોગ પર તેની અસર માટે ૧૯૯૦માં વુમન ઓફ ધ યર એવોર્ડ જેવી અગાઉની માન્યતાને પગલે તેણીને તેણીની સિદ્ધિઓ માટે પદ્મશ્રી એવોર્ડ મળ્યો હતો. તે ઓલ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીયલ ગેસ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન અને ટેક્નિકલ ડેવલપમેન્ટ ડિરેક્ટોરેટની કમિટી મેમ્બર તરીકે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ૧૪ વર્ષની ઉંમરે લગ્ન કરવા માટે દબાણ કરવામાં આવ્યું, પાંચ પ્રયાસો પછી BPSCની પરીક્ષા પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

ગ્રામીણ બિહારમાં, સૌમ્યા લતા કુમારી નામની એક યુવતીએ તેની સામે પડકારો હોવા છતાં તેના સ્વપ્નને આગળ ધપાવવા હિંમતભર્યો નિર્ણય લીધો. સૌમ્યાને શરૂઆતમાં સામાજિક ધોરણોનું પાલન કરવા અને યુવાનીમાં લગ્ન કરવા અથવા તેનું શિક્ષણ ચાલુ રાખવા જેવી ઘણીઅ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. પછીનો રસ્તો પસંદ કરવો સરળ ન હતો, પરંતુ તેણીને તેના પિતામાં અવિશ્વસનીય સહકાર મળ્યો, જે પ્રગતિશીલ માનસિકતા ધરાવતા સાધારણ કરિયાણાના વેપારી હતા. તેની પુત્રીને તેના સ્વપ્ન સાકાર કરવામાં મદદ કરવા માટે નિર્ધારિત, સૌમ્યાના પિતાએ તેના શિક્ષણમાં રોકાણ કરવા માટે તેની જમીનનો એક ટુકડો પણ વેચી દીધો, તેની અવરોધો પાર કરવાની ક્ષમતામાં વિશ્વાસ રાખ્યો. જેમ જેમ સૌમ્યા તેના અભ્યાસમાં આગળ વધતી ગઈ તેમ તેમ તેના પિતાની પ્રતિબદ્ધતા ડગમગતી ન હતી. તેણે ખંતપૂર્વક બચત કરી, બિહાર પબ્લિક સર્વિસ કમિશન (BPSC)ની પરીક્ષાઓ પાસ



કરવાના તેના લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરવા માટે દરેક પગલાનું આયોજન કર્યું. આ પ્રવાસ દરમિયાન સૌમ્યાએ બિહારના આદરણીય શિક્ષક ગુરૂ રહેમાનનું માર્ગદર્શન પણ મેળવ્યું હતું. તેણીનું સમર્પણ જોઈને રહેમાને કોઈપણ ફી લીધા વગર તેણીને માર્ગદર્શક બનવાની ઓફર કરી. તેમના માર્ગદર્શનથી સૌમ્યાને તેની કુશળતાને વધુ તીક્ષ્ણ બનાવવામાં મદદ મળી અને તેને પડકારરૂપ પરીક્ષામાં ભાગ લેવાનો આત્મવિશ્વાસ મળ્યો. ૨૦૧૬માં સ્નાતક થયા પછી, સૌમ્યાએ ૨૦૧૭માં BPSCની પરીક્ષા આપી. અનેક આંચકોનો સામનો કરવો પડ્યો અને ઘણી વખત નિષ્ફળ જવા છતાં, તે અટકી નહીં, અડગ રહી. તેણે બિહાર પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની ભરતીની પરીક્ષાનો પણ પ્રયાસ કર્યો હતો પરંતુ તે સફળ થઈ ન હતી. તેણીની દ્રઢતા ૨૦૨૨માં ફળીભૂત થઈ જ્યારે, તેના પાંચમા પ્રયાસમાં, તેણીએ આખરે BPSC પરીક્ષા પાસ કરી, બિહાર સરકારમાં બ્લોક પંચાયતી રાજ અધિકારી તરીકે સ્થાન મેળવ્યું. સૌમ્યા લતાની પ્રેરણાદાયી સફર દ્રઢતા અને કુટુંબના સમર્થનનું પ્રમાણપત્ર છે, જે સમગ્ર ગ્રામીણ ભારતની યુવા છોકરીઓ માટે આશાનું પ્રતીક બની રહી છે જેઓ પોતાનું ભવિષ્ય ઘડવાની ઈચ્છા ધરાવે છે. તેની વાર્તા, જેમ કે ધ બેટર ઈન્ડિયા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે, તે પોતાની જાતમાં વિશ્વાસ રાખવાની અને મુશ્કેલ સમયમાં તમારી સાથે ઊભા રહેવાની અસર દર્શાવે છે.

### અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત

# અવસર એન્ટરપ્રાઈઝમાંથી ઝડપાયેલ ડ્રગ્સ મામલે ૪ આરોપીઓનો પોલીસે કબજો મેળવ્યો



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વર જીઆઈડીસીમાં અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાવવાના મામલામાં જીઆઈડીસી પોલીસે ચાર આરોપીઓનો સુરત પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટ દ્વારા કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરી છે સુરત પોલીસ દ્વારા ખેપિયાઓ અંકલેશ્વરથી સ્કોડા કારમાં ડ્રગ્સનો જથ્થો લઈને સુરત જઈ રહ્યા હતા ત્યારે વેલંજા નજીક કારને ઝડપી પાડવામાં આવી હતી. આ કારમાંથી મોન્ટુ પટેલ, વિરાટ પટેલ અને વિપુલ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે તેમની પાસેથી ૨૧૦૦ ગ્રામ એમડી ડ્રગ્સનો જથ્થો કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી ધરી હતી. સુરત પોલીસે તેઓ ની પૂછપરછમાં એમડી ડ્રગ્સ અંકલેશ્વરની અવસર એન્ટરપ્રાઈઝ કંપનીમાં સંચાલક અને કેમિસ્ટ તરીકે કામ કરતા વિશાલ પટેલે વેચવા આપ્યું હોવાની કબૂલાત કરતા ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સાથે સુરત પોલીસે અવસર એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાં રેડ કરી હતી. કંપનીમાં સર્ચ દરમિયાન ૧૪૧ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ મળી આવ્યું હતું. જયારે ૪૦૦ કિલો ઉપરાંત શંકાસ્પદ એમડી ડ્રગનું રો મટીરીયલ મળ્યું હતું જે સીઝ કરી તપાસ માટે ગાંધીનગર એફએસએલ મોકલવામાં આવ્યુ હતું. આ મામલામાં અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે આરોપી મોન્ટુ પટેલ, વિરાટ પટેલ, વિપુલ પટેલ અને પલક પટેલનો સુરત પોલીસ પાસે ટ્રાન્સફર વોરન્ટના આધારે કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગર : બે પ્લોટ પર કબજો કરનાર બે શખ્સો સામે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ફરિયાદ

ભાવનગર, તા.૧૨

ભાવનગરના કાળીયાબીડમાં રહેતા અને ટ્રાન્સપોર્ટ અને ટ્રેડિંગ કરતા ભાગીદારોની કાળિયાબીડ વિસ્તારમાં આવેલ અવધનગરની જમીન ઉપર બાજુમાં રહેતા બે શખ્સોએ ગાય બાંધવા અને કડબ રાખવા માટે શેડ બનાવી લઈ જમીન ઉપર કબજો જમાવી જગ્યા ખાલી નહીં કરતા બંને ઈસમો વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ભાવનગરના કાળીયાબીડ, આનંદહોલની પાછળ આવેલ પ્લોટમાં રહેતા અને ટ્રાન્સપોર્ટ તથા ટ્રેડીંગનો વ્યવસાય કરતા અર્જુનસિંહ હરીશચંન્દ્રસિંહ રાણા તથા તેમના ભાગીદાર રાયસંગભાઈ જોરસંગભાઈ ચાવડાએ કાળીયાબીડ, ભગવતી પાર્કના રસ્તાથી ડાબી તરફ વિષ્ણુ ટ્રેડર્સની પાછળના ભાગે આવેલ અવધનગરના પ્લોટ નં. સી/૨૮૫૯ તથા સી/૨૮૬૦ કે જેનુ ક્ષેત્રફળ ૧૩૩.૦૬૫ ચો.મી. થાય છે. તે જમીન તા.૧/૦૮/૨૦૨૨ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નં.૫૩૫૩/૨૨ તથા ૫૩૫૪/૨૨થી રાજેશકુમાર મહેશભાઈ પંડ્યા તથા ચેતનભાઈ મહેશભાઈ પંડ્યા પાસેથી ખરીદ કરેલ હતી. આ પ્લોટોની પાછળ રહેતા પરાક્રમસિંહ મોહનસિંહ ગોહીલ (રહે. પ્લોટ ન્યૂ સી-૨૮૬૨ અવધનગર કાળીયાબીડ ભાવનગર) તથા તેઓની બાજુમાં રહેતા જશુભાઈ ગોહેલ બંનેએ અર્જુનસિંહના પ્લોટોમાં અલગ-અલગ પતરાઓના શેડ બનાવી ગાયો બાંધતા હતા અને કડબ મુકતા હતા. જેથી આ બંને શખ્સને પ્લોટોમાંથી બધુ હટાવી દેવાનું જણાવતા પરાક્રમસિંહ મોહનસિંહ ગોહીલે પ્લોટોના કબ્જા બાબતે ભાવનગરના એડી.સીનીયર સીવીલ જજની કોર્ટમાં દાવાઓ દાખલ કર્યા હતા, જે કોર્ટ દ્વારા પક્ષકારોને સાંભળી તેઓના બંને દાવાઓ કાઢી નાખેલ તે પછી તેઓ અપીલમાં જતા તેમાં પણ પ્લોટ માલિક તરફે ચુકાદો આવતા પ્લોટ માલિક દ્વારા અવારનવાર આ બંને શખ્સને પ્લોટ ખાલી કરવા બાબતે જણાવતા તેઓએ ખાલી નહી કરતા અર્જુનસિંહે ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ મુજબ કલેકટર ભાવનગરને અરજી કરી હતી. આ અરજીમાં નિર્ણય આવતા કલેકટરના હુકમ મુજબ એફ.આઈ.આર. દાખલ કરવા જણાવવામાં આવતા અર્જુનસિંહ હરીશચંન્દ્રસિંહ રાણાએ જમીન ઉપર કબજો કરનાર પરાક્રમસિંહ મોહનસિંહ ગોહીલ અને જશુભાઈ ગોહેલ વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

# આમોદમાં ગેરકાયદેસર દબાણો ઉપર માર્કિંગ કરવાની કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૨



ભરૂચ જિલ્લાના આમોદમાં આજ રોજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આમોદ નગરપાલિકાના અધિકારીઓને સાથે રાખી નિયંત્રણ રેખામાં આવતાં ગેરકાયદેસર દબાણો ઉપર માર્કિંગ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જેથી દબાણ કર્તાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આમોદ ચાર રસ્તા ઉપર અનેક દબાણ કરતાઓએ નેશનલ હાઈવે નંબર ૬૪ની મિલકતમાં ગેરકાયદેસર દબાણ કરી દીધા હતાં. જેનાં કારણે આમોદની ચોકડી ઉપરઅવાર નવાર ટ્રાફિકની સમસ્યા વધી રહી હતી. જે બાબતે જાગૃત નાગરિકોની ફરિયાદના આધારે આજ રોજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા તેમની ૨૭ મીટરની બાંધકામ રેખાની હદમાંથી ૧૩.૭૧ મીટર નિયંત્રણ રેખા ઉપર નેશનલ હાઈવે નંબર ૬૪ રોડના મધ્યમાંથી માપણી કરી નિયંત્રણ રેખાના માર્કિંગ કર્યા હતાં. આમોદ ચાર રસ્તા ઉપર પૂર્વ અને પશ્ચિમ દિશામાં અનેક દુકાન માલિકોએ ગેરકાયદેસર દબાણો કરી નેશનલ હાઈવેની સરકારી પ્રોપર્ટી ઉપર દબાણ કર્યુ હતું. ત્યારે આજ રોજ નેશનલ હાઈવેના અધિકારીઓ ભરત પટેલ તેમજ જીગર ગાવિતે આમોદ પાલિકાનાં મુખ્ય અધિકારી પંકજ નાયક તેમજ ઈજનેર કિરણ મકવાણાને સાથે રાખી રોડના મધ્યથી લાલ કલરથી ૧૩.૭૧ મીટરે માર્કિંગ કર્યુ હતું. જેનાં પગલે દબાણ કરતાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

# વાવ પેટાચૂંટણીના મતદાન બુથો પર ફાળવાયેલ સ્ટાફ રવાના

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૨



વાવ વિધાનસભા બેઠકના વાવ, સુઈગામ, ભાભર અને સાંતલપુરના ૧૭૯ ગામોના ૩૨૧ બુથો પર મતદાન યોજાશે. જેમાં વાવ વિધાનસભાના ૩,૧૦,૬૮૧ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી પોતાના ધારાસભ્યને ચૂંટશે. ચૂંટણીની મતદાન પ્રક્રિયાને લઈ કાયદો વ્યવસ્થા ન કથળે તે માટે ૧૫૦૦ સુરક્ષા કર્મીઓ ખડેપગે રહેશે. ૪ ડીવાયએસપી, ૮ પીઆઈ અને ૩૦ પીએસઆઈ સહિત પોલીસ કર્મીઓ પણ ખડેપગે રહેશે. ૯૭ જેટલાં સંવેદનશીલ મતદાન મથકો પર પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે વેબ કાસ્ટિંગ કેમેરા પણ કાર્યરત કરાશે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવા ઈલેક્શન વિભાગ દ્વારા તમામ વ્યવસ્થા કરાઈ છે. ફાળવાયેલ સ્ટાફ મતદાન માટે જરૂરી સામગ્રી સાથે મતદાન બુથો ઉપર રવાના કરવામાં આવેલ છે.

## નડિયાદ : બે વિદ્યાર્થીઓ કરાટેમાં બ્રોન્ઝ મેડલ જીત્યા



નડિયાદ, તા.૧૨

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતની તાજેતરમાં સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ વડોદરા ખાતે રાજ્ય કક્ષાની SGFI Karate Championship ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંત-અન્ના-સ્કૂલ નડિઆદના બે વિદ્યાર્થી અતિક-મિરઝાએ -૪૫ કિ.ગ્રામ અંડર ૧૪ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતી તથા હસ્સાન-મિરઝાએ -૪૫ કિ.ગ્રામ Under ૧૭ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતી સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

### ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે

# બુટલેગરની પાસા હેઠળ અટકાયત કરી લાજપોરની મધ્યસ્થ જેલમાં ધકેલાયો

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૨



ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંડોવાયેલ ઈસમ વિરૂદ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર તરફ મોકલી આપવામાં આવી હતી. જે અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગરએ દરખાસ્ત માન્ય રાખેલ. જેથી પોલીસ ઈસમની પાસા વોરંટની બજવણી કરી અટકાયત કરી સુરત જેલ ખાતે મોકલી આપવામાં આવેલ. ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસરની પ્રવૃતિઓમાં સંડોવાયેલ મનન ભુપતભાઈ ધાપા (ઉ.વ.૨૬) પાસા વોરંટની બજવણી કરી અટકાયત કરી (મધ્યસ્થ જેલ, લાજપોર, સુરત) ખાતે મોકલી આપવામાં આવેલ છે.


# બગદાણા ગામમાં શિક્ષકના બંધ મકાનમાંથી રૂા. ૨.૮૪ લાખની મતાની ચોરી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૨

મહુવા તાલુકાના બગદાણા ગામમાં રહેતા શિક્ષકના બંધ મકાનને તસ્કરોએ ધોળા દિવસે નિશાન બનાવી ઘરમાં રાખેલ સોના-ચાંદીના ઘરેણાં તેમજ રોકડ રકમ મળી કુલ રૂા.૨.૮૪ લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ જતા શિક્ષકે બગદાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત અનુસાર મહુવા તાલુકાના બગદાણા ગામમાં આવેલ જૂની પોલીસ લાઈન પાસે રહેતા અને બેલમપરમાં આવેલ જીવન જયોત હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા શંભુભાઈ ગોવિંદભાઈ શિયાળ ગઈકાલે બપોરે નોકરી પર ગયા હતા અને ઘરના સભ્યો વાડીએ ગયા હતા. તે દરમિયાન તેમના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી ઘરના બંને રૂમોમાંથી રૂા.૨.૧૪ લાખની કિંમતના સોના-ચાંદીના ઘરેણાં તેમજ રૂા.૭૦ હજાર રોકડા મળી કુલ રૂા.૨,૮૪,૪૫૨/-ની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીની આ ઘટના અંગે શંભુભાઈ ગોવિંદભાઈ શિયાળે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા બગદાણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીંબડી હાઈવે સર્કલ ઉપર બ્રિજની સંરક્ષણ દીવાલ પર ટ્રક ચઢી ગઈ



સુરેન્દ્રનગર, તા.૧૨

સુરેન્દ્રનગર જિલ્લાના લીબડી હાઈવે સર્કલ ઉપર બનેલા ઓવરબ્રિજ પરથી પસાર થતા ટ્રક ચાલકે અચાનક જ સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો. દિવાલ સાથે અથડાઈ ટ્રક ઉભી રહી ગઈ હતી દીવાલની મજબૂતાઈને કારણે ટ્રક પુલ નીચે પટકાઈ નહોતી. જો ટ્રક બ્રિજ નીચે પટકાઈ હોત તો સર્વિસ રોડ પર મોટી દુર્ઘટના સર્જાઈ હોત પરંતુ સદ્‌નસીબે કોઈ દુર્ઘટના ન સર્જાતા હાશકારાની લાગણી છવાઈ ગઈ હતી.

# લાખણી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આગ લાગતાં નુકસાન થયું

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૨

લાખણી તુાકાના મોટા કાપરા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આગ લાગતા ફ્રીજ મા પડેલ વેક્સિનના આઈસ પેક અને વેક્સિનના કેરિયર અને વેક્સિન નો જથ્થો બળીને ખાખ થઈ જતાં ભારે નુકશાન થયું હતું. લાખણી તાલુકાના મોટા કાપરા ગામ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં રવિવારની રાત્રે શોર્ટ સર્કિટના કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આગ લાગી હતી આગ લાગતા ગામના આજુબાજુના લોકો દોડી આવ્યા અને આરોગ્ય કર્મચારીઓને જાણ કરતા આરોગ્ય કર્મચારીઓએ ડીસા ફાયર બ્રિગેડનો સંપર્ક કરતા ડીસા ફાયર બ્રિગેડે ઘટના સ્થળે દોડી આવી આગ કાબૂમાં લીધી હતી જેમાં દવાખાનામાં પડેલા બે ફ્રીજ અને વીજળીના ઉપકરણો બળીને ખાખ થતા ભારે નુકસાન થયું હતું જેની ભીલડી પોલીસ સ્ટેશને જાણવા જોગ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ખનીજ ચોરીના કેસો દાખલ કરનાર ખનીજ વિભાગના અધિકારીનું રાજીનામું

## નીરવ બારોટના રાજીનામાથી ખનીજ માફિયાઓ ગેલમાં



સુરેન્દ્રનગર, તા.૧૨

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેર કાયદેસર કાર્બોસેલ અને ગેરકાયદેસર રેતીના કાળા કારોબાર ચાલી રહ્યા છે આ કારોબાર અટકાવવા માટે સરકાર દ્વારા ખાણ ખનીજ વિભાગના અધિકારી તરીકે નીરવ બારોટની નિમણૂક કરવામાં આવી હતી ત્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં ખનીજ ચોરી ઉપર લગામ લગાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યો હતો. ત્યારે પક્ષના આગેવાનો દ્વારા પણ તેમની બદલી માટે સરકારમાં રજૂઆતો કરવામાં આવતી હતી તે છતાં પણ ગેરકાયદેસર ચાલતી કાર્બોસેલની ખાણો ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા હતા ભલે ભાજપના નેતાઓની ખાણો છતાં પણ ખાણ ખનીજ વિભાગના અધિકારી નીરવ બારોટ તેની ઉપર પણ કાર્યવાહી કરતા હતા. ત્યારે મોડી રાત્રે તેમના દ્વારા સરકારમાં રાજીનામું આપી દેવામાં આવ્યું છે અને તેમનું રાજીનામું સરકારમાં મંજૂર પણ કરી દેવામાં આવ્યું છે સુરેન્દ્રનગર જિલ્લામાં ગેર કાયદેસર ખનીજ ચોરીના સૌથી વધુ કેસ અત્યાર સુધી દાખલ કરવામાં આવ્યા છે સુરેન્દ્રનગરના ખાણ ખનીજ વિભાગના બાહોશ અધિકારી તરીકે નીરવ બારોટ પોતાની ફરજ બજાવતા હતા ગેરકાયદેસર ચાલતી ખનન અને વહનની પ્રવૃત્તિઓ ઉપર સતત દરોડા પર પાડવામાં આવતા હતા તેમની દેખરેખ હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં એક વર્ષમાં સૌથી વધુ ખનીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે અને દંડ પણ વસૂલવામાં આવ્યા છે અને ખનીજ માફિયાઓ ઉપર કેસ દાખલ કરવામાં આવ્યા છે અલગ અલગ પાર્ટીઓ સાથે જોડાયેલા લોકો પણ ખનીજ ચોરી કરતા હોવાનું સામે આવ્યું હતું તે છતાં પણ નિરવ બારોટ દ્વારા તેમની સામે પગલાં ભરવામાં આવતા હતા ત્યારે તેમના દ્વારા ધારાસભ્યને સાથે રાખી અને મુખ્યમંત્રી સુધી તેની બદલીની રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે તે છતાં પણ તેમની બદલી કરવામાં ન આવી હતી..

### અંગત કારણોસર રાજીનામું આપી દેવામાં આવ્યું છે : નીરવ બારોટ (ખાણ ખનિજ અધિકારી)

રાજીનામું આપ્યા બાદ ખાણ ખનીજ વિભાગના અધિકારી નિરવ બારોટ સાથે વાતચીત કરવામાં આવતા તેમને જણાવ્યું છે કે અંગત કારણોસર રાજીનામું આપી દેવામાં આવ્યું છે તેમના પરિવારમાં મેડિકલ પ્રોબ્લેમ હોવાના કારણે રાજીનામું આપી દેવામાં આવ્યું હોવાનું હાલ જાણવા મળી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારના એક નોન કરપટેડ અધિકારી તરીકેની છાપ ધરાવતા નીરવ બારોટના રાજીનામા બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચાએ જોર પકડયું છે

સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા માટે તેમનું સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા હતા ત્યારે રાજીનામું મંજૂર થયા બાદ ખનીજ માફિયાઓ હાલ દિવાળી જેવો પર્વ ઉજવી રહ્યા છે

સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલતી ખનીજ ચોરી અટકાવવા માટે પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી પ્રકાશ મકવાણા દ્વારા સતત પ્રયાસ હાથ ધરવામાં આવતા હતા અને એક કરોડથી વધુનો ખર્ચ કરી જિલ્લામાં ગેરકાયદેસર કાર્બોસેલની ખાણો પૂરવામાં આવી હતી. નીરવ બારોટ પણ તેમાં સચોટ કામગીરી કરતા હતા ત્યારે હવે ફરી એક વખત સુરેન્દ્રનગર જિલ્લામાં ખનીજ ચોરી ચાલુ થઈ જાય તે પ્રકારની પરિસ્થિતિ છે

# નેત્રંગ-અંકલેશ્વર રસ્તાના નવીનીકરણની કામગીરી શરૂ નહીં થતાં લોકોમાં આક્રોશ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૨

ભૃરૂચ જિલ્લાના નેત્રંગ-અંકલેશ્વર કમરતોડ રસ્તાના કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ચોમાસાની સિઝનમાં ધોધમાર વરસાદના પગલે ૪૫ કિમી રસ્તાનું ભારે ધોવાણ અને ઠેર-ઠેર મોટા ખાડા પડતા વાહનચાલકો જીવના જોખમે પસાર થવા મજબુર બન્યા છે. ઉડતી ધુળની ડમરી અને રોજેરોજ બનતી ગમખ્વાર અકસ્માતની ઘટનાના પગલે વાહનચાલકોમાં ભારે આક્રોશ ભભુકી ઉઠ્યો હતો. તેવા સંજોગોમાં ભરૂચ સાંસદ મનસુખ વસાવા અને ઝઘડીયાના ધારાસભ્ય રિતેશ વસાવાએ રાજ્ય સરકારમાં રસ્તાના નવીનીકરણ માટે લેખિત-મૌખિક રજુઆત કરતાં સરકારે મંજુરી આપી હતી. તમામ ઘટતી કામગીરી પુર્ણ કરીને શિવાલય ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રા.લી કંપની વડોદરાને વકઓડર અપાતા રૂ.૫૦ કરોડના ખર્ચે ૧૮ માસમાં રસ્તાની કામગીરી પુર્ણ કરવાની રહેશે. રસ્તાના નવીનીકરણની કામગીરી દિવાળી પછી શરૂ કરાશે તેવી ચર્ચા હતી. પરંતુ દિવાળીના તહેવારને પુર્ણ થયાને લાંબો સમય પસાર થઈ ચુક્યો છે. તેમ છતાં કામગીરી શરૂ કરાઈ નથી. એક અધિકારીએ જણાવ્યું હતું કે,ખાતમુહુર્તની વિધી સંપન્ન થયા પછી રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી શકે તેમ છે.આ બાબતે જવાબદાર પદાધિકારીઓ-અધિકારીઓ વાહનચાલકોના હિતમાં રસ્તાની કામગીરી શરૂ થાય તેવા પ્રયત્નો હાથધરે તેવી લોકમાંગ ઉઠી છે.

# નડિયાદના સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ખાતે નેશનલ આર્ચરી સ્પર્ધાની શરૂઆત

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૨



સ્પોટ્‌ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત, રમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા નડિયાદના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, મરીડા ભાગોળ ખાતે અંડર ૧૪/૧૭/૧૯ વયજૂથ માટે ૬૮મી એસજીએફઆઈ નેશનલ આર્ચરી સ્પર્ધાની શરૂઆત થઈ. જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ અને નડિયાદ ધારાસભ્ય પંકજ દેસાઈએ એસજીએફઆઈનો ધ્વજ ફરકાવીને નેશનલ આર્ચરી સ્પર્ધાની શરૂઆત કરાવી હતી.

કલેક્ટર અને ધારાસભ્યએ રમતનું મહત્ત્વ સમજાવી રમતવીરોનું અભિવાદન કર્યું હતું. તેમણે રમત સ્પર્ધકો સાથે સંવાદ કરી તેમનો પરિચય કેળવ્યો હતો અને રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રથમ દિવસે કુલ ૩૩ રાજ્યોના અંડર ૧૭ વયજૂથના કુલ ૬૪૩ રમતવીરોએ આર્ચરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કુલ ૩૩૭ પુરૂષ અને કુલ ૩૦૬ મહિલા રમતવીરો સહભાગી થયા હતા. કાર્યક્રમ અંતર્ગત તમામ રાજ્યોના સ્પર્ધકોએ માર્ચ પાસ્ટ કરી હતી. સાથે જ તમામ રમતવીરોએ રમતની ગરિમા અને ખેલદિલી જાળવવા માટે શપથ લીધી હતી. કાર્યક્રમ અંતર્ગત વિવધ સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.આગામી તારીખ ૧૫-૧૬ નવેમ્બરના રોજ અંડર ૧૯ અને તારીખ ૧૯-૨૦ નવેમ્બરના રોજ અંડર ૧૪ રમતવીરોની આર્ચરી સ્પર્ધા સ્પોર્ટસ કોમ્પલેક્ષ નડિયાદ ખાતે યોજાશે.

# ગોધરામાં પરિવેશ સામયિક દ્વારા સર્જક સ્નેહમિલન યોજાયું

ગોધરા, તા.૧૨



ગોધરાથી પ્રગટ થતા આંતર રાષ્ટ્રીય પીયર રિવ્યુડ ત્રિમાસિક સામયિક પરિવેશ દ્વારા સર્જક સ્નેહ મિલન યોજાઈ ગયું હતું. આ સ્નેહમિલનમાં મોટી સંખ્યામાં કવિઓ, લેખકો, તંત્રીઓ, પત્રકારો અને સામાજિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત.પદ્મશ્રી ડો.પ્રવીણ દરજીએ ઉપસ્થિત શ્રોતાઓને સંબોધિત કરતાં કહ્યું હતું કે, કવિતા યુગપ્રવર્તક હોય છે. કવિતા કોઈની સેવા કરવા માટે કે પ્રશસ્તી માટે નહીં પણ સત્યને ઉજાગર કરવા માટે હોય છે. આ પ્રસંગે સર્જક વિશેષ એવા કાનજી પટેલે દેશીવાદ વિશે વક્તવ્ય આપ્યું હતું તો અમેરિકાથી આવેલા કવિ અને અનુવાદક હિમાંશુ પટેલે કવિતાનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પરિવેશના તંત્રી શીતલ શૌહણ, સંપાદકો વિનુ બામણિયા, રાજેશ વણકર, સતીષ પ્રાઈયદર્શી, અને પ્રવીણ ખાટે જહેમત ઉઠાવી હતી.

# યુનિસેફ: ઈઝરાયેલે ઓકટોબરમાં ગાઝામાં આશ્રય શાળાઓ પર એક દિવસમાં ૨ હુમલા કર્યા



(એજન્સી) તા.૧૨

યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) અને તેના ભાગીદારોએ ઓકટોબર મહિનામાં ઘેરાયેલા ગાઝા પટ્ટીમાં વિસ્થાપિત પેલેસ્ટીની પરિવારોની શાળાઓ પર ઈઝરાયેલી કબજાવાળા દળો દ્વારા ઓછામાં ઓછા ૬૪ હુમલાઓનું દસ્તાવેજીકરણ કર્યું છે, જેમાં ઓછામાં ઓછા ૧૨૮ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, આ દરરોજના બે હુમલા સમાન છે. શુક્રવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં, યુએન એજન્સીએ જણાવ્યું કે ઓકટોબરમાં શાળાઓ પર ઈઝરાયેલના હુમલા સાથે, ઘેરાયેલા પ્રદેશ પર ઈઝરાયેલના વિનાશક યુદ્ધની શરૂઆતથી આ પ્રકારના હુમલાઓની કુલ સંખ્યા ૨૨૬ પર પહોંચી ગઈ છે, જેના પરિણામે એક લાખથી વધુ લોકોના મોત થયા છે. બાળકોને વિસ્થાપિત કરવા પડ્યા છે. રિપોર્ટમાં યુનિસેફના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર કેથરિન રસેલને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, શાળાઓ ક્યારેય યુદ્ધની આગળની લાઈન પર ન હોવી જોઈએ અને બાળકો જ્યારે આશ્રય શોધે છે ત્યારે તેમના પર ક્યારેય અંધાધૂંધ હુમલો ન કરવો જોઈએ. તેમણે, 'ગાઝામાં આપણે જે ભયાનકતા જોઈ રહ્યા છીએ તે માનવતા માટે એક કાળી મિસાલ સ્થાપિત કરી રહી છે, જેમાં વર્ગખંડની અંદર સલામતી શોધતી વખતે બોમ્બથી બાળકોને મારવામાં આવે છે. તેમને આઘાત અને નુકસાન એ રોજિંદી બાબત બની ગઈ છે.' તાજેતરના અંદાજો અનુસાર, ઓકટોબરમાં નોંધાયેલા લગભગ અડધા હુમલાઓ ઉત્તરી ગાઝામાં થયા હતા, જ્યાં ઈઝરાયેલે ઓકટોબરમાં તેના બૉમ્બમારા ઝુંબેશને વધુ તીવ્ર બનાવી હતી, જેના કારણે સામૂહિક વિસ્થાપન અને અપૂરતી સહાય બાળકો સહિત નાગરિકો સુધી પહોંચી હતી. વિસ્થાપિત પરિવારોને આશ્રય આપવા ઉપરાંત, કેટલીક શાળાઓ જરૂરિયાતમંદ લોકો માટે કુપોષણ સારવાર કેન્દ્રો પણ પ્રદાન કરે છે. અહેવાલમાં જણાવાયું છે કે શાળાઓ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા હેઠળ સંરક્ષિત વિસ્તારો છે, તેમ છતાં ઓકટોબર ૨૦૨૩ સુધીમાં, ગાઝાની ૯૫ ટકાથી વધુ શાળાઓ આંશિક અથવા સંપૂર્ણ રીતે નાશ પામી છે. તેમાં જણાવ્યું કે ૮૭ ટકા શાળાઓને તેમની કામગીરી પુનઃસ્થાપિત કરવા માટે વ્યાપક પુનઃનિર્માણની જરૂર પડશે.


અલ-સફા હજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
તા. 23-11-2024
દિવસ-15 Rs.
ફાતમા માંડાવાલા ગ્રુપ
મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ગોલલીમડા બસ સ્ટેન્ડ પાસે, આસ્ટોડિયા રોડ, અમદાવાદ-૧
M : 9714635786, 9033619292, 079-25324445

ન્યુ ઝમઝમ હજ્જ-ઉમરાહ
ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (20 વર્ષના અનુભવી)

| શાબાન, રમઝાન-શવ્વાલ | ડિસે.4, જાન્યુ.5, ફેબ્રુ.5 | હજ્જ બુકિંગ |
| --- | --- | --- |
| 40 દિવસ | (25 દિવસ) | 5,50,000 38થી 40 દિવસ |
| 1,35,000 | 85,000 | (તમામ ટેક્સ સાથે) |

ફ્લાઈટ-અમદાવાદથી અમદાવાદ
મૌલાના સાજીદ (સિદ્ધપુર) + 91 9638929480
ઐયુબભાઈ (અમદાવાદ) + 91 9825442205
IATA જાલીવાલી મસ્જિદની સામે, અમદાવાદ


# ઈઝરાયેલના ગોળીબારમાં ૨૫ પેલેસ્ટીનીનાં મોત, ટેન્ક મધ્ય ગાઝા કેમ્પમાં ઘૂસી ગઈ



(એજન્સી) તા.૧૨

ઈઝરાયેલી સૈન્યએ સોમવારે (૧૧ નવેમ્બર, ૨૦૨૪) ગાઝાના નુસરત કેમ્પના પશ્ચિમ ભાગમાં ટેન્ક મોકલી હતી, જે એન્ક્લેવના મધ્ય વિસ્તારમાં એક નવું આક્રમણ હતું, અને પેલેસ્ટીની ચિકિત્સકોએ જણાવ્યું કે ઈઝરાયેલી લશ્કરી હુમલાઓ ઓછામાં ઓછા રવિવાર રાતથી ચાલુ છે. ગાઝા પટ્ટીના આઠ ઐતિહાસિક શરણાર્થીઓમાંથી એક, કેમ્પના વિસ્તારમાં પ્રવેશતા જ ઈઝરાયેલી ટેન્કેએ ગોળીબાર કર્યો હતો, જેના કારણે વ્યાપક જાનહાનિ થઈ હતી. વસ્તી અને વિસ્થાપિત પરિવારોમાં ભય ફેલાઈ ગયો, જેક મોહમ્મદ, એક રહેવાસીએ જણાવ્યું કે ટેંકોનું આગમન સંપૂર્ણ આશ્ચર્યજનક હતું. 'કેટલાક લોકો બહાર નીકળી શક્યા ન હતા અને તેમના ઘરની અંદર ફસાયેલા રહ્યા અને બહાર જવાની પરવાનગી માટે વિનંતી કરતા રહ્યા, જ્યારે અન્ય લોકો કે જેઓ તેઓ જે કંઈપણ લઈ શકતા હતા અને તેની સાથે ભાગી ગયા હતા.' ગાઝામાં યુદ્ધ હવે તેના ૧૪મા મહિનામાં પ્રવેશી ચૂક્યું છે, અને ઈઝરાયેલ ઉત્તર અને કેન્દ્રમાં તેની કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે કહે છે કે આ હમાસ આતંકવાદીઓના હુમલાઓને રોકવા અને તેમને ફરીથી સમુહ થવાથી રોકવા માટેનું ઓપરેશન છે. હજારો પેલેસ્ટીની રહેવાસીઓને આ વિસ્તાર ખાલી કરવા માટે કહેવામાં આવ્યું છે, એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે તેઓને ક્યારેય પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. યુદ્ધવિરામ માટેની પહેલેથી જ પાતળી સંભાવનાઓ સપ્તાહના અંતે વધુ ઓછી થઈ ગઈ હતી, જ્યારે મધ્યસ્થી કતારે કહ્યું કે જ્યાં સુધી ઈઝરાયેલ અને હમાસ બંને સોદા સુધી પહોંચવાની વધુ ઈચ્છા ન બતાવે ત્યાં સુધી તે તેના પ્રયત્નોને સ્થગિત કરી રહ્યું છે. ચિકિત્સકોએ જણાવ્યું કે નુસરતમાં રાતોરાત અને સોમવારે બે અલગ-અલગ ઈઝરાયેલી હવાઈ હુમલામાં સાત લોકો મૃત્યુ પામ્યા, જેમાંથી એક તંબુ કેમ્પને અથડાયો હતો. બેટ લાહિયાના ઉત્તરી ગાઝા શહેરમાં, જ્યાં ઈઝરાયેલી દળો ૫ ઓક્ટોબરથી કાર્યરત છે, ચિકિત્સકોએ જણાવ્યું કે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૨૫ લોકો મૃત્યુ પામ્યા છે.

# શેખ હસીનાની ધરપકડ માટે ઈન્ટરપોલની મદદ માંગતી બાંગ્લાદેશ સરકાર

(એજન્સી) તા.૧૨

બાંગ્લાદેશની વચગાળાની સરકારનું કહેવું છે કે તે દેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ભારતમાંથી પરત લાવવા માટે ઈન્ટરપોલની મદદ લેશે. પીટીઆઈ દ્વારા રવિવારે આ સંબંધિત માહિતી આપવામાં આવી હતી. ૭૭ વર્ષીય અવામી લીગના વડા અને તેમની પાર્ટીના નેતાઓ પર વિદ્યાર્થી વિરોધી આંદોલનના ક્રૂર દમનનો આરોપ છે. આના પરિણામે જુલાઈ-ઓગસ્ટના વિરોધ પ્રદર્શન દરમિયાન સેંકડો જાનહાનિ થઈ હતી. બાદમાં આ ચળવળ મોટા પાયે વિદ્રોહમાં ફેરવાઈ ગઈ, જેના કારણે તેઓ ભાગીને ભારતમાં



આશ્રય લેવાની ફરજ પડી. મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારનું કહેવું છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન ઓછામાં ઓછા ૭૫૩ લોકો માર્યા ગયા અને હજારો ઘાયલ થયા. સરકારે કહ્યું છે કે હસીના અને તેના અવામી લીગના નેતાઓ વિરૂદ્ધ ઓકટોબરના મધ્ય સુધીમાં ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ અને પ્રોસિક્યુશન ટીમમાં ૬૦થી વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી છે. આ માનવતા વિરૂદ્ધના ગુનાઓ અને નરસંહાર સાથે સંબંધિત છે. અહેવાલ મુજબ, કાયદાકીય બાબતોના સલાહકાર આસિફ નઝરૂલે કહ્યું, ખૂબ જ ટૂંક સમયમાં ઈન્ટરપોલને રેડ નોટિસ જારી કરવામાં આવશે. દુનિયામાં આ ભાગેડુ ફાશીવાદીઓ ક્યાં છુપાયેલા છે તેનાથી કોઈ ફરક પડતો નથી. તેમને પાછા લાવવામાં આવશે અને કોર્ટ ન્યાય કરશે.

# તુર્કીના રાષ્ટ્રપતિએ કહ્યું કે ઈઝરાયેલના ગાઝા નરસંહાર પર મુસ્લિમ દેશોનો પ્રતિસાદ નકામો

(એજન્સી) તા.૧૨

તુર્કીના રાષ્ટ્રપતિએ સોમવારે ગાઝામાં ચાલી રહેલા નરસંહાર પર મુસ્લિમ દેશોની પ્રતિક્રિયાના અભાવની ટીકા કરી અને પશ્ચિમી દેશો પર ઈઝરાયેલને સંપૂર્ણ સમર્થન આપવાનો આરોપ પણ લગાવ્યો હતો. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (ઓઆઈસી) અને અરબ લીગની અસાધારણ સંયુક્ત સમિટમાં રેસેપ તૈયપ એર્દોગને જણાવ્યું કે, 'કેટલાક પશ્ચિમી દેશોએ ઈઝરાયેલને તમામ પ્રકારનું સમર્થન પૂરૂ પાડ્યું છે, જ્યારે મુસ્લિમ દેશો પર્યાપ્ત જવાબ આપવામાં નિષ્ફળ રહ્યા છે.' સઉદીની રાજધાની રિયાધના કારણે સ્થિતિ આ તબક્કે પહોંચી છે. એર્દોગને જણાવ્યું કે તુર્કીએ અત્યાર સુધીમાં ગાઝાને ૮૪,૦૦૦ ટનથી વધુ સહાય મોકલી છે અને પ્રતિબંધો



હટાવ્યા પછી તે હજી વધુ સહાય મોકલવા માટે તૈયાર છે. એર્દોગને વધુમાં જણાવ્યું કે ઈઝરાયેલ ગાઝાને માનવતાવાદી સહાય પુરવઠો પણ પોસાય તેમ નથી અને તે મહિનાઓથી ઈજિપ્તમાં સહાય પુરવઠાની રાહ જોઈ રહ્યું છે. તુર્કીના રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, 'અમે બધા નક્કર પગલાં અમલમાં મૂકવા માટે તૈયાર છીએ જે નેતન્યાહુ સરકારના પેલેસ્ટિનિયન પ્રદેશો પર સતત કબજાની ભારે કિંમતને પ્રતિબિંબિત કરશે.' તેમણે જણાવ્યું કે, 'આપણે વધુ દેશોને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં ઈઝરાયેલ વિરૂદ્ધ દક્ષિણ આફ્રિકા દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં હસ્તક્ષેપ કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

# ઈઝરાયેલી સેનાએ ઉત્તરી કબજાવાળા વેસ્ટ બેંકમાં પેલેસ્ટીનીની હત્યા કરી

(એજન્સી) તા.૧૨

શનિવારે એક પેલેસ્ટીનીનું મૃત્યુ થયું જ્યારે ઈઝરાયેલી દળોએ ઉત્તરી વેસ્ટ બેંકના ટુબાસ શહેર પર એન્ટી-ટેન્ક એનર્જા શેલ સાથે બોમ્બમારો કર્યો. સત્તાવાર પેલેસ્ટીની ન્યૂઝ એજન્સી વફાએ અહેવાલ આપ્યો કે, ઈઝરાયેલી સૈનિકોએ તેમના ઘરને ઘેરી લીધા પછી શનિવારે વહેલી સવારે અદહમ ઝેદ ઈઝ્ઝત અલ-મસરીની હત્યા કરવામાં આવી હતી. સાક્ષીઓએ જણાવ્યું કે, ઈઝરાયેલી દળોએ વહેલી સવારે અકાબા શહેરમાં હુમલો કર્યો, એક ઘરને ઘેરી લીધું અને એનર્જા શેલોથી હુમલો કર્યો. વધુમાં પેલેસ્ટીની રેડ ક્રિસેન્ટ સોસાયટી અનુસાર ઈઝરાયેલી લશ્કરી આક્રમણના પરિણામે શહેરમાં બે પેલેસ્ટીનીઓ ઘાયલ થયા હતા. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર કબજાવાળા પ્રદેશમાં ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭૮૧ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૬૩૦૦થી વધુ ઘાયલ થયા છે. આ વધારો જુલાઈમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસના સીમાચિહ્નરૂપ ચુકાદાને અનુસરે છે, જેમાં પેલેસ્ટીની જમીન પર ઈઝરાયેલના દાયકાઓથી ચાલતા કબજાને 'ગેરકાયદેસર' જાહેર કરવામાં આવ્યો હતો અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસલેમમાં તમામ હાલની વસાહતો ખાલી કરાવવાની માંગ કરવામાં આવી હતી.



# લેબેનીઝ સિવિલ ડિફેન્સે લેબેનોનના વિવિધ ભાગોમાં કાટમાળમાંથી ૪૩ મૃતદેહો બહાર કાઢ્યા



(એજન્સી) તા.૧૨

લેબેનીઝ સિવિલ ડિફેન્સે જણાવ્યું કે તેણે રવિવારે દક્ષિણ અને પૂર્વીય લેબેનોનમાં ઈઝરાયેલી હુમલા બાદ કાટમાળ નીચેથી ૪૩ મૃતદેહો અને ઘણા ઘાયલ લોકોને બહાર કાઢ્યા હતા. લેબેનોનની રાષ્ટ્રીય સમાચાર એજન્સી અનુસાર, નાગરિક સંરક્ષણ દળોએ માઉન્ટ લેબેનોન ગવર્નરેટના બાયબ્લોસ જિલ્લામાં કાટમાળમાંથી ૨૪ મૃતદેહો અને આઠ ઘાયલ લોકોને બહાર કાઢ્યા છે. નાગરિક સંરક્ષણ દળોએ પાંચ પીડિતોના મૃતદેહોને બહાર કાઢ્યા અને ગવર્નરેટના દેર કનોન રાસ અલ-ઈન ગામમાં બે ઘાયલ લોકોને બચાવ્યા. એ જ રાજ્યમાં, એડલોન ગામમાંથી ત્રણ લોકોના અવશેષો મળી આવ્યા હતા અને અન્ય બે લોકોના મૃતદેહ હનીયેહ શહેરમાં કાટમાળ નીચેથી મળી આવ્યા હતા. પૂર્વીય લેબેનોનના બેકા રાજ્યમાં, નાગરિક સંરક્ષણ દળોએ નવ પીડિતોના મૃતદેહ બહાર કાઢ્યા અને બેડનાયેલ, રસમ અલ-હદાથ અને સરૈન અલ-ફુકાના નગરોમાંથી પાંચ ઘાયલ લોકોને બહાર કાઢ્યા. ઈઝરાયેલ સપ્ટેમ્બરના અંતથી લેબેનોનમાં એક વિશાળ હવાઈ અભિયાન ચલાવી રહ્યું છે, જેમાં તે હિઝબુલ્લાહ સમૂહને લક્ષ્યાંકિત કરવાનો દાવો કરે છે, ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆતથી એક વર્ષ લાંબી સીમા પાર યુદ્ધ વધ્યું છે. લેબેનીઝ આરોગ્ય અધિકારીઓના જણાવ્યાં અનુસાર, ઓકટોબર ૨૦૨૩થી ઈઝરાયેલી હુમલામાં ૩,૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૩,૯૦૦થી વધુ ઘાયલ થયા છે. આ વર્ષે ૧ ઓકટોબરે ઈઝરાયેલે દક્ષિણ લેબેનોન પર આક્રમણ કર્યું હતું.

# ઈઝરાયેલી સમાચાર આઉટલેટે ઉત્તરી ગાઝામાં વંશીય સફાઈનો સ્વીકાર કર્યો



(એજન્સી) તા.૧૨

હારેટ્ઝ લશ્કરી સંવાદદાતા યાનીવ કુબોવિચે ગયા અઠવાડિયે ગાઝાની મુલાકાતે ઈઝરાયેલી કબજાના દળોમાં જોડાયા પછી જણાવ્યું હતું કે, 'એવું લાગે છે કે આ વિસ્તાર કુદરતી આફતનો ભોગ બન્યો છે.' ડાબેરી ઈઝરાયેલી સમાચાર આઉટલેટ્સે અહેવાલ આપ્યો કે 'ઈઝરાયેલી દળો ઉત્તરી ગાઝા પટ્ટીમાં વંશીય સફાઈ કામગીરી હાથ ધરી રહ્યા છે. વિસ્તારમાં બાકી રહેલા થોડા પેલેસ્ટીનીઓને બળજબરીથી બહાર કાઢવામાં આવી રહ્યા છે, ઘરો અને માળખાકીય સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો છે અને વિસ્તારના રસ્તા પહોળા કરવામાં આવ્યા છે.' ગાઝા શહેરના કેન્દ્રથી ઉત્તરીય પટ્ટીમાં સમુદાયોને અલગ કરવા માટે બનાવવામાં આવી રહ્યા છે અને પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. ૬ નવેમ્બરના રોજ એક સંપાદકીયમાં, અખબારે જણાવ્યું કે, "ઈઝરાયેલી જનતાએ જોવું જોઈએ કે તેના દળો ઉત્તરી ગાઝા પટ્ટીમાં તેના નામે શું કરી રહ્યા છે. ઓક્ટોબરની શરૂઆતમાં, ઈઝરાયેલ સંરક્ષણ દળોએ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરી અને એક કરતાં વધુ હવે એક મહિનાથી, જબલ્યા, બીત હનુન અને બીત લાહિયા શહેરોની આસપાસનો વિસ્તાર ચુસ્ત ઘેરાબંધી હેઠળ છે." અખબારે જણાવ્યું કે યુએનના એક અધિકારીએ તેને 'સીઝની અંદર ઘેરો' ગણાવ્યો હતો. એક વિશ્લેષણમાં અખબારે જણાવ્યું કે ઈઝરાયેલી સેનાએ '૧ગાઝાના ઉત્તરીય ભાગમાંથી રહેવાસીઓને હાંકી કાઢ્યા છે અને તે વિસ્તાર પર નિયંત્રણ જાળવી રાખવાની તૈયારી કરી રહી છે,' ચિંતાજનક છે કે, તેમની ઘોષણાઓ હોવા છતાં, 'નેતાન્યાહુની વિરૂદ્ધ.' 'તેના દૂર-જમણે સાથીઓના પુનર્વસનના તેના સ્વપ્નને સાકાર કરવાની યોજના-બંધકોના જીવનની કિંમત પર પણ.' કુબોવિચે ૮ નવેમ્બરે સૈન્યને જણાવ્યું કે ઈઝરાયેલ ઉત્તરના રહેવાસીઓને તેમના ઘરે પાછા ફરવા દેશે નહીં. તેણે જણાવ્યું કે કોઈ ઉત્તર તરફ પાછા ફરતું નથી. ઉત્તર તરફ કોઈ વળતર નથી, અને ત્યાં કોઈ વળતર હશે નહીં.

# હમાસે ચેતવણી આપી કે ગાઝાના લોકોને સમાપ્ત કરવા માટે ઈઝરાયેલ ભૂખમરો, તરસનો ઉપયોગ કરી રહ્યું છે

(એજન્સી) તા.૧૨

હમાસે ગઈકાલે જણાવ્યું કે ઈઝરાયેલ ગાઝા પટ્ટીના લોકો સામે ભૂખ અને તરસના શસ્ત્રોનો ઉપયોગ કરી રહ્યું છે તેના નરસંહાર અભિયાનના ભાગ રૂપે જે એક વર્ષથી વધુ સમયથી ચાલી રહ્યું છે અને ખોરાક, પાણી અને દવાઓના પ્રવેશને અવરોધે છે. રેકોર્ડ કરેલા ભાષણમાં, હમાસના અધિકારી ઓસામા હમદાને જણાવ્યું કે 'કબજો કરનારાઓ ગાઝા પટ્ટીમાં અમારા લોકો સામે ભૂખમરા અને તરસના શસ્ત્રોનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે, તેમને ખોરાક, પાણી, દવા અને સારવારથી વંચિત રાખે છે.' તેમણે જણાવ્યું કે, '૫૦ દિવસથી વધુના વ્યવસાયે ઉત્તરના ઘેરાયેલા લોકો સુધી કોઈપણ સહાય પહોંચતા અટકાવી દીધી છે, જેના પરિણામે દુકાળની પરિસ્થિતિ સર્જાઈ છે જેણે આપણા લોકો અને પરિવારોને બરબાદ કરી દીધા છે અને બાળકો તીવ્ર ભૂખથી મરી રહ્યા છે.' એક વર્ષથી કબજે કરનારાઓ આપણા લોકો સામે ભૂખમરાનું શસ્ત્ર વાપરી રહ્યા છે, જે ક્રૂર હથિયારોમાંથી એક તેઓ તેમના જનરલની યોજનાને અમલમાં મૂકવા માટે વાપરે છે અને તે સૌથી જઘન્ય રૂપે બર્બર પદ્ધતિ છે જેનો ઉપયોગ ફક્ત યુદ્ધ ગુનેગારો અને વંચિત લોકો દ્વારા જ થઈ શકે છે. અંતરાત્મા અને માનવતા. આ દુનિયાને આ ઝિઓનિસ્ટ એન્ટિટીનું સત્ય વારંવાર સાબિત કરે છે. 'માનવ જીવનના સૌથી મૂળભૂત તત્ત્વોના અભાવને કારણે, ઘાયલ અને ઘાયલ લોકો પણ શેરીઓમાં અને નાશ પામેલી ઈમારતોના કાટમાળ હેઠળ રહે છે,' તેમણે ચેતવણી આપી કે તમામ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોને નષ્ટ કર્યા પછી, આ વ્યવસાયને કારણે તબીબી ટીમો, એમ્બ્યુલન્સ અને સિવિલ ડિફેન્સ ટીમો તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે, શિયાળાના



આગમન સાથે, આપણા લોકો દ્વારા સામનો કરવામાં આવતી વેદના અને માનવીય દુર્ઘટનામાં વધારો થશે. હમદાને અહેવાલ આપ્યો કે 'ગાઝા પટ્ટીમાં ૨૦ લાખથી વધુ પેલેસ્ટીની નાગરિકો સામે ઝાયોનિસ્ટ કબજા દ્વારા નરસંહાર, વંશીય સફાઈ, ભયાનક હત્યાકાંડ, ભૂખમરો અને તરસનું યુદ્ધ સતત ૪૦૧મા દિવસે ચાલુ છે. તેમણે જણાવ્યું કે 'કબજેદાર ગાઝાના લોકો સામે હત્યા, દુર્વ્યવહાર, ધરપકડ, ત્રાસ અને વિસ્થાપનના સૌથી જઘન્ય પ્રકારો ચલાવી રહ્યો છે અને તેમને માનવ જીવનની તમામ મૂળભૂત સુવિધાઓથી વંચિત કરી રહ્યો છે. તે અભૂતપૂર્વ આક્રમકતાના યુદ્ધમાં હજારો બંદીવાનોને લઈ રહ્યો છે. આધુનિક ઈતિહાસ બળજબરીથી અદશ્ય થઈ રહ્યો છે.'

# ગાઝા પર યુદ્ધ શરૂ થયા પછી મોરોક્કોએ પ્રથમ વખત ઈઝરાયેલ સાથે સંબંધોને મજબૂત કર્યા

(એજન્સી) તા.૧૨

ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆત પછી મોરોક્કોએ પ્રથમ વખત ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધોનું સમર્થન કર્યું છે, જ્યારે ઉત્તર આફ્રિકન રાજ્યમાં વ્યાપક સામાન્યીકરણ વિરોધી પ્રદર્શનો અને લાગણીઓ પ્રવર્તે છે. ફ્રેન્ચ અખબાર લે પોઈન્ટ સાથેની મુલાકાતમાં, મોરોક્કન વિદેશ મંત્રી નાસેર બૌરીતાએ ઈઝરાયેલ સાથેના મોરોક્કોના કરારનો બચાવ કર્યો, એવી દલીલ કરી કે તેલ અવીવ સાથેના સંબંધો જાળવી રાખવાથી ઈઝરાયેલી સરકારની કાર્યવાહીનું સમર્થન નથી. 'મોરોક્કો ઉચ્ચ સ્તરે નાગરિકો, હોસ્પિટલો અને શાળાઓ પર ઈઝરાયેલી હુમલાઓની સખત ટીકા કરે છે અને તેમને અસ્વીકાર્ય ગણાવે છે,' તેમણે ૨ નવેમ્બરના રોજ પ્રકાશિત એક મુલાકાતમાં જણાવ્યું હતું. બૌરીતાએ જણાવ્યું કે, 'આ અભિગમને પેલેસ્ટીનના મુદ્દાને છોડી દેવાના રૂપમાં ન જોવો જોઈએ. પેલેસ્ટીન પર મોરોક્કોની સ્થિતિ પ્રાથમિકતા રહે છે.' તેમણે આ જટિલ સંબંધના આધાર તરીકે મોરોક્કન રાજ્યના યહૂદી વારસાને રેખાંકિત કર્યો. એક સમયે મોરોક્કોમાં ૨૫ લાખ યહૂદીઓ રહેતા હતા. માત્ર ૨,૦૦૦ યહૂદીઓ હવે મોરોક્કોમાં રહે છે અને મોરોક્કન મૂળના આશરે ૧૦ લાખ યહૂદીઓ ઈઝરાયેલમાં રહે છે તેમ છતાં, મોરોક્કન ઓબ્ઝર્વેટરી અગેઈન્સ્ટ નોર્મલાઈઝેશનએ બૌરીતાની ટિપ્પણીઓને 'ભ્રામક અને ખોટી' ગણાવી અને આરોપ લગાવ્યો કે રબાટે 'તેના સમર્થનને સાબિત કરવા માટે કંઈ કર્યું નથી. પેલેસ્ટીની તરફી સમુહના સભ્ય અઝીઝ હનૌઈએ જણાવ્યું કે, 'શ્રી બૌરીતા જૂઠાણાંની



પાછળ છુપાવે છે. એવા રાજ્ય સાથે સંબંધો જાળવવા કે જેના ધારાશાસ્ત્રીઓ બે-રાજ્ય ઉકેલનો વિરોધ કરે છે તે પેલેસ્ટિનિયનોને સમર્થન નથી.' જુલાઈમાં ઈઝરાયેલની સંસદે પેલેસ્ટીની રાજ્યની સ્થાપના વિરૂદ્ધ ભારે મતદાન કર્યું હતું. મોરોક્કન તરફી પેલેસ્ટીની સમુહે પણ બોરીટાના તેમના યહૂદી વારસાના સંદર્ભને ભ્રામક અને 'નરસંહાર' દેશ સાથેના સંબંધોને કાયદેસર બનાવવાના પ્રયાસ તરીકે ટીકા કરી છે. મોરોક્કોએ ૨૦૨૦માં યુએસ-બ્રોકરેડ ડીલ હેઠળ ઈઝરાયેલ સાથેના સંબંધોને સામાન્ય બનાવ્યા હતા, જેના હેઠળ તેણે પશ્ચિમ સહારા પર મોરોક્કોના દાવાની યુએસ માન્યતાના બદલામાં રાજદ્વારી સંબંધોની આપલે કરી હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# મણિપુરની હિંસા અટકાવવામાં સરકાર હજુ શેની રાહ જોઈ રહી છે?

મણિપુરમાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. તાજેતરમાં સશસ્ત્ર ઉગ્રવાદીઓ જીરીબામ જિલ્લામાં આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામમાં ઘૂસી ગયા હતા અને છ ઘરોને આગ ચાંપી દીધી હતી. જેમાં એક મહિલાનું મોત થયું હતું. મૃતક મહિલાના પતિએ એફઆઈઆર નોંધાવી છે કે, મહિલાને રૂમમાં બંધ કરીને તેના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેને સળગાવી દેવામાં આવી હતી. જો કે, મણિપુર પોલીસ આ કેસમાં ઢાંકપિછોડાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. મણિપુર હિંસા ફાટી નીકળ્યાને દોઢ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. સરકાર તેને કાબૂમાં લેવાનું આશ્વાસન આપી રહી છે. વાસ્તવિકતા એ છે કે, ત્યાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ છે. મેઈતેઈ અને કૂકી સમુદાયના લોકો એક બીજા પર હુમલા કરે છે હવે આ હિંસામાં રોકેટ અને ડ્રોન જેવા અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ પણ જોવા મળી રહ્યો છે. ઘણી ઘટનાઓથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે, ઉગ્રવાદીઓ પહેલા કોઈ વિસ્તારને નિશાન બનાવે છે અને પછી ત્યાં શ્રેણીબદ્ધ હુમલા કરે છે. હાલમાં જીરીબામ જિલ્લામાં વધુ હુમલાઓ જોવા મળી રહ્યા છે, જો કે, હિંસા ફાટી નીકળ્યા પછી કેન્દ્ર સરકારે શરૂઆતમાં દખલ કરી હતી, પરંતુ તે માત્ર એક દેખાવ પૂરતી સાબિત થઈ હતી. તે પછી પણ ઘણી વખત ઉગ્રવાદીઓએ પોલીસ શસ્ત્રાગારમાંથી હથિયારો અને દારૂગોળો લૂંટી લીધો હતો. આ હિંસા પર અંકુશ લાવવામાં આવશે તેવા વારંવાર દાવા કરવામાં આવ્યા હતા, પરંતુ આ માટે કોઈ વ્યવહારૂ પગલાં લેવામાં આવતા જોવા મળ્યા નથી.

સર્વોચ્ચ અદાલતે પણ આ અંગે સ્વતઃ સંજ્ઞાન લીધું હતું અને મોનિટરિંગ અને તપાસ સમિતિઓની રચના કરી હતી. તેમાં બહારના રાજ્યોના પોલીસ અધિકારીઓ તૈનાત હતા. મણિપુર પોલીસ દરેક તપાસમાં સહકાર આપવા બંધાયેલી હતી. ત્યારે એવી આશા હતી કે, મણિપુર હિંસાની વાસ્તવિકતા ટૂંક સમયમાં જ પ્રકાશમાં આવશે અને તે હિંસા રોકવામાં મદદ કરશે. પરંતુ તેનું પણ કોઈ ખાસ પરિણામ આવ્યું ન હતું.

મણિપુર એટલું મોટું રાજ્ય નથી કે ત્યાંની પરિસ્થિતિનો સામનો કરવો મુશ્કેલ હોય. આ સમગ્ર ઘટનાક્રમનો વિવાદ પણ એક ભ્રમને કારણે ઊભો થયો હતો કે જેમાં હાઈકોર્ટે મેઈતેઈ સમુદાયને આદિજાતિ શ્રેણીમાં મૂકવાનું સૂચન કર્યું હતું. જો સરકાર ખરેખર ગંભીર હોત તો અત્યાર સુધીમાં બંને સમાજના લોકોને સામસામે બેસાડીને આ પ્રશ્નનો ઉકેલ લાવી દેત. પરંતુ તેના વલણ પરથી લાગે છે કે, તે તેનો ઉકેલ લાવવા માંગતી નથી. આ મણિપુર સરકાર અને કેન્દ્રની અવગણનાનું પરિણામ છે કે, ત્યાંના ઉગ્રવાદી સંગઠનો વધુને વધુ શક્તિશાળી બન્યા છે અને હિંસા અને પ્રતિહિંસાની ઘટનાઓ પર અંકુશ મેળવવો મુશ્કેલ જણાય છે. કેન્દ્રમાં વિપક્ષી દળો સતત એવી માગણી કરી રહ્યા છે કે, જો મણિપુરના મુખ્યમંત્રી પરિસ્થિતિનો સામનો કરવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે તો તેમને બદલવામાં કેમ આવતા નથી ?? પરંતુ કેન્દ્ર સરકાર એ માંગને અવગણતી જ રહી છે. કોઈપણ કલ્યાણકારી સરકાર નિષ્ક્રિય બેસીને દેશના કોઈપણ ભાગમાં ગૃહ યુદ્ધ જેવી પરિસ્થિતિ કેવી રીતે જોઈ શકે? રાજ્ય સરકારની આવી ઢીલી નીતિ અને કેન્દ્રની ટોચની નેતાગીરીનું આ મામલે મૌન દેશના લોકોને અકળાવી રહ્યું છે કે, મણિપુરમાં અત્યાર સુધીમાં લગભગ અઢીસો લોકો માર્યા ગયા છે, લગભગ ૬૦ હજાર લોકો બેઘર થયા છે, ઘણી સ્ત્રીઓ પર સામૂહિક બળાત્કાર થયો છે. ત્યારે હજીયે સરકાર શેની રાહ જોઈ રહી છે એ જ સમજાતું નથી.

# મહારાષ્ટ્ર : વર્તમાન શાસન વાણીના સ્વાતંત્ર્યને દબાવી રહ્યું છે, હવે રાજ્યની ચૂંટણીમાં લોકો માટે લોકશાહીને ટકાવી રાખવાની એક તક છે

## રાજ્યમાં અસંમતિને શાંત કરવા માટે હિંસક ધમકીઓ, કાનૂની કાર્યવાહી એ મહારાષ્ટ્રની ચૂંટણી દરમિયાન નાગરિક સ્વાતંત્ર્યની સુરક્ષા માટે નિર્ણાયક ક્ષણ છે

મહારાષ્ટ્રની નિર્ણાયક ચૂંટણીની નજીક આવી રહી છે, અને રાજ્યનું રાજકીય લેન્ડસ્કેપ એ માત્ર આર્થિક પડકારો માટે જ નહીં, પણ વાણી સ્વતંત્ર અને લોકશાહી અભિવ્યક્તિ માટે વધુને વધુ પ્રતિકૂળ વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. સમગ્ર ભારતમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા પર દેખરેખ રાખવા માટે સમર્પિત સંસ્થા 'ફ્રી સ્પીચ કલેક્ટિવના એક અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે કે, છેલ્લા વર્ષમાં, મહારાષ્ટ્રમાં શ્રેણીબદ્ધ વિચલિત ઘટનાઓ જોવા મળી છે જેણે નાગરિક સ્વતંત્રતા અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. ટી પત્રકારો અને કાર્યકરોને હિંસક લક્ષ્ય બનાવવામાં આવ્યા છે અને અસંમતિને શાંત કરવા માટે વ્યાપક કાયદાકીય દરખાસ્તો કરવામાં આવી છે જે ભારતના આ સૌથી ધનાઢ્ય રાજ્યમાં અસંમતિના દમન માટે પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે અને જેના લીધે નાગરિકો અને નાગરિક અધિકાર સંસ્થાઓ ચિંતામાં છે. આમાંની દરેક ઘટના અસંમતિના અવાજોને શાંત પાડવા, અસંમતિને દબાવી દેવાની અને જાહેર જવાબદારી વિરુદ્ધ ધમકીને દર્શાવે છે, જેની લોકશાહી પર અત્યંત ખરાબ અસર પડી શકે છે.

વર્તમાન શાસક ગઠબંધન - (શિંદે શિવસેના, ભારતીય જનતા પાર્ટી અને અજીત પવારની રાષ્ટ્રીય કોંગ્રેસ પાર્ટી)નું મહાયુતિ ગઠબંધન - પણ આમાંની ઘણી ઘટનાઓ સાથેના તેના સંબંધો માટે તપાસ હેઠળ છે, જેમાં સ્થાનિક નેતાઓ અને તેમના આનુષંગિકો દ્વારા હુમલા, ધાકધમકી અને સેન્સરશિપમાં સામેલ છે. આ ક્રિયાઓ ટીકા અને વિરોધ માટે વધતી જતી અસહિષ્ણુતા તરફ નિર્દેશ કરે છે, ખાસ કરીને જેઓ રાજકીય રીતે સંવેદનશીલ મુદ્દાઓ પર જાણ કરવાની અથવા બોલવાની હિંમત કરે છે તેમને આવી ધમકીઓ આપવામાં આવે છે. મહારાષ્ટ્ર તેના આર્થિક કદ અને ઔદ્યોગિક શક્તિ માટે લાંબા સમયથી પ્રખ્યાત છે અને તે હવે ઓળખની કટોકટીનો સામનો કરી રહ્યું છે કારણ કે તે એ પ્રશ્ન સાથે ઝઝૂમી રહ્યું છે કે, શું અસંમતિ માટે સજા આપવા માટે વધુને વધુ તૈયાર હોય તેવા શાસન હેઠળ તેની લોકશાહી ભાવના જાળવી શકે છે?

અનેક પત્રકારો આ દુશ્મનાવટનો ભોગ બન્યા છે, તેઓને ધમકીઓ, શારીરિક હુમલાઓ અને હત્યાનો પણ સામનો કરવો પડ્યો છે. ૨૦૨૩માં, રત્નાગીરીના એક પત્રકાર શશિકાંત વારિશેનું આઘાતજનક મૃત્યુ, જેઓએ ભાજપ સાથે જોડાયેલા જમીન દલાલને રાજકીય ચુનંદાઓ સાથે જોડતા એક આલોચનાત્મક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. મહારાષ્ટ્રના પ્રેસ આજે ધમકીનો સામનો કરી રહ્યા છે. દરમિયાન, પર્યાવરણીય અધોગતિ અને વિસ્થાપનનો વિરોધ કરતા કાર્યકરો, તેમજ શૈક્ષણિક સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરતા વિદ્યાર્થીઓની પોલીસ સતામણી, કાનૂની ધાકધમકી અને પ્રતિબંધોનો સામનો કરવો પડ્યો છે જે સ્પષ્ટ સંદેશ આપે છે કે રાજ્યની નીતિઓની ટીકા સહન કરવામાં આવશે નહીં.

જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ મહારાષ્ટ્રના નાગરિકો મૂંઝવણમાં છે. એક એવું રાજ્ય કે જે તેની ઔદ્યોગિક શક્તિ અને લોકશાહી મૂલ્યો પર ગર્વ કરે છે, તે આ વધતા જતાં નિયંત્રણો અને તેના અસ્તિત્વ માટેના પડકારનો સામનો કરે છે. આગામી ચૂંટણીઓ માત્ર નેતાઓના સમૂહને પસંદ કરવા વિશે નથી પરંતુ મહારાષ્ટ્ર કેવા પ્રકારનું સમાજ બનવાની ઈચ્છા ધરાવે છે તે નક્કી કરવા વિશે છે. એક એવો સમાજ જે લોકશાહી સ્વતંત્રતાઓનો આદર કરે છે અને તેના નાગરિકોના અધિકારોનું રક્ષણ કરે છે અથવા એવું રાજ્ય જે ભય અને નિયંત્રણની રાજનીતિને સમર્થન આપે છે. મતદારો સમક્ષની પસંદગી ભાગ્યે જ સ્પષ્ટ અથવા વધુ પરિણામલક્ષી રહી છે, કારણ કે ભાષણની સ્વતંત્રતા, જવાબદારી અને અસંમતિના અધિકારનું ભાવિ અસંતુલનમાં છે.

**૧. પત્રકારો અને પ્રેસની સ્વતંત્રતા માટે વધતી જતી ધમકીઓ**

ફ્રી સ્પીચ કલેક્ટિવની આ શ્રેણી હેઠળ જાન્યુઆરી ૨૦૨૩-નવેમ્બર ૨૦૨૪ વચ્ચે બનેલી ઘટનાઓની નીચેની સૂચિ પ્રદાન કરે છે:

**"હત્યા"**

૧. ૦૬.૦૨.૨૦૨૩ : શશિકાંત વારિશે, પંઢરીનાથ અંબેરકર (ભાજપના નજીકના જમીન દલાલ), રાજાપુર, રત્નાગીરી જિલ્લો દ્વારા કાપવામાં આવ્યો

**હુમલાઓ**

૧. ૦૯.૦૮.૨૦૨૩ : પત્રકાર સંદીપ મહાજન પર સ્થાનિક ધારાસભ્ય કિશોર અપ્પા પાટીલ (શિવસેના શિંદે)ના સમર્થકો દ્વારા હુમલો

૨. ૦૯.૦૨.૨૦૨૪ : વરિષ્ઠ પત્રકાર નિખિલ વાગલે, વકીલ અસીમ સરોડે, કાર્યકર્તા વિશ્વંભર ચૌધર અને શ્રેયા અવલે અને ડ્રાઈવર વૈભવ કોઠુલે પર ભાજપ અને શિવસેના (શિંદે) કાર્યકરો દ્વારા હુમલો

૩. ૨૧.૧૦.૨૦૨૪ : રાજકીય નેતા યોગેન્દ્ર યાદવ પર વંચિત બહુજન આઘાડીના કાર્યકરો દ્વારા હુમલો કરવામાં આવ્યો અને તેઓને બોલતા અટકાવવામાં આવ્યા, જે અકોલા, મહારાષ્ટ્રમાં બન્યું હતું.

**ધમકીઓ**

૧. ૨૭.૦૪.૨૦૨૪ : પત્રકાર સુખસદાનંદ પુરવને કેન્દ્રીય મંત્રી અને ભાજપના મુંબઈ ઉત્તર લોકસભા ઉમેદવાર પીયૂષ ગોયલના સમર્થકો દ્વારા ધમકી આપવામાં આવી હતી.

૨. ૧૪.૦૫.૨૦૨૪ : એક પત્રકારને ભાજપના પ્રદેશ પ્રવક્તા શ્રીશ બોરાલકર, ભાજપ અનુસૂચિત જાતિ સેલના પ્રદેશ મહાસચિવ જાલિન્દર શેંડગે અને ભાજપના પ્રદેશ કાર્યકારિણી સભ્ય અનિલ મકરીયે દ્વારા ધમકી આપવામાં આવી હતી.

૩. ૨૦.૦૮.૨૦૨૪ : બદલાપુર બળાત્કાર કેસને કવર કરી રહેલા પત્રકાર મોહિની જાધવને બદલાપુરના પૂર્વ મેયર (શિવસેના શિંદે) વામનમહાત્રે દ્વારા ધમકી આપવામાં આવી હતી.

મહારાષ્ટ્રમાં, પ્રેસની સ્વતંત્રતા પર આ અસર નિર્વિવાદ છે, તાજેતરની ઘટનાઓ સત્ય અહેવાલ આપવામાં પત્રકારોને જે ગંભીર જોખમોનો સામનો કરે છે તે જાહેર કરે છે. રત્નાગીરીમાં ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ પત્રકાર શશિકાંત વારિશેની હત્યાની ઘટના એ સૌથી કરુણ ઘટનાઓમાંની એક હતી. વારિશને ઈરાદાપૂર્વક પંઢરીનાથ અંબેકર દ્વારા ભગાડવામાં આવ્યા હતા, જે એક જમીન દલાલ છે જે સત્તાધારી ભાજપ સાથેના તેમના ગાઢ સંબંધો માટે જાણીતા હતા. વારીશેના છેલ્લા લેખે ઉચ્ચ કક્ષાના પોલ સાથે સંકળાયેલા વિવાદાસ્પદ જમીન સોદામાં અંબેકરની કથિત સંડોવણી પર પ્રકાશ પાડ્યો હતો.

૯ ઓગસ્ટ, ૨૦૨૩ ના રોજ જલગાંવ જિલ્લામાં પચોરાના પત્રકાર સંદિપ મહાજન પર હુમલો થયો હતો. સ્થાનિક શિંદે શિવસેનાના ધારાસભ્ય કિશોર અપ્પા પાટીલના સમર્થકો દ્વારા મહાજન પર ધોળા દિવસે હુમલો કરવામાં આવ્યો હતો. તેને ગંભીર ઈજાઓ થઈ હોવા છતાં, મહાજનને અમલદારશાહી પ્રતિકારનો સામનો કરવો પડ્યો અને તેણે પ્રથમ માહિતી અહેવાલ (FIR) દાખલ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેને મુશ્કેલી પડી હતી જે રાજકીય જોડાણો ધરાવતા લોકોનું રક્ષણ કરવા અને પત્રકારોને સત્તાને પડકારવાથી નિરાશ કરે છે.

પત્રકારો સામેની ધમકીઓ એ તેમની સત્ય વાર્તાઓને નિયંત્રિત કરવા માટેનું એક સામાન્ય સાધન બની ગયું છે. એપ્રિલ ૨૦૨૪માં, એક પત્રકાર સુખદસદાનંદ પુરવ, જેણે કેન્દ્રીય પ્રધાન પીયુષ ગોયલને કવર કર્યા હતા, તેમને ભાજપના સહયોગીઓ તરફથી ધમકીભર્યા સંદેશા મળ્યા હતા, અને તેમના પર ટીકાત્મક લેખો પાછા ખેંચવા દબાણ કરવામાં આવ્યું હતું. મે ૨૦૨૪માં, રાજ્યના પ્રવક્તા શ્રીશ બોરાલકર સહિત ભાજપના ત્રણ



અધિકારીઓએ અન્ય એક પત્રકારને પ્રતિકૂળ કવરેજ માટે કથિત રીતે ધમકી આપી હતી. ઑગસ્ટમાં એક સમાન ઘટનામાં બદલાપુરના પૂર્વ મેયર વામન મ્હાત્રેએ પત્રકાર મોહિની જાધવને સ્થાનિક બળાત્કારના કેસના અહેવાલો આપવા માટે ધમકીઓ આપી હતી.

**૨. શિક્ષણમાં ધાકધમકી અને સેન્સરશિપ વધી રહી છે**

ફ્રી સ્પીચ કલેક્ટિવ આ શ્રેણી હેઠળ જાન્યુઆરી ૨૦૨૩-નવેમ્બર ૨૦૨૪ વચ્ચે બનેલી ઘટનાઓની નીચેની સૂચિ પ્રદાન કરે છે:

**શિક્ષણમાં સેન્સરશિપ**

૧. ૦૮.૦૬.૨૦૨૩ : બળાત્કારીઓને કોઈ ધર્મ ન હોવા અંગેની તેમની ટિપ્પણીઓનો હિંદુત્વ જૂથો પ્રત્યે વફાદારી ધરાવતા વિદ્યાર્થીઓએ વિરોધ કર્યા પછી પ્રોફેસરને રજા પર જવાની ફરજ પડી હતી અને આ ઘટના કોલ્હાપુર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, ગોકુલ શિરગાંવ, કોલ્હાપુરમાં બની હતી.

૨. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૩ : PM મોદી પર BBC સિરીઝના સ્ક્રીનિંગ સામે મુંબઈના TISS ખાતે વિદ્યાર્થીઓને એડવાઈઝરી જારી કરવામાં આવી, અને આ ચેતવણી છતાં સ્ક્રીનિંગ યોજાઈ હતી.

૩. ૧૮.૦૪. ૨૦૨૪ : TISS એ દલિત પીએચડી વિદ્યાર્થીને 'રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ' માટે ૨ વર્ષ માટે સસ્પેન્ડ કર્યો હતો.

૪. ૧૯.૦૮.૨૦૨૪ : વિદ્યાર્થી સંગઠન પ્રોગ્રેસિવ સ્ટુડન્ટ્સ ફોરમ પર TISS પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને તે વિદ્યાર્થીઓના વિરોધ પછી રદ કરવામાં આવ્યો હતો.

૫. ૨૦.૦૯.૨૦૨૪ : TISS દીક્ષાંત સમારોહ : વિદ્યાર્થીઓએ દલિત વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાનો, શિક્ષકોને કાઢી મૂકવાનો, વિદ્યાર્થી અર્ઘ્ય દાસને બળજબરીથી દૂર કરવાનો અને ડિગ્રી પ્રમાણપત્ર રોકી રાખવાનો વિરોધ કર્યો હતો.

૬. ઑક્ટોબાર ૨૦, ૨૦૨૪: TISSએ વાઈરલ વિરોધ વિડિયો પર સહાયક પ્રોફેસરને કારણદર્શક નોટિસ જારી કરી હતી.

આ શૈક્ષણિક સંસ્થાઓ, જેઓને બૌદ્ધિક સ્વતંત્રતાના સ્તંભો ગણવામાં આવે છે તે પણ દેશમાં પ્રવર્તતા પક્ષપાતી અને દમનકારી વાતાવરણથી અસર થાય છે. ખાસ કરીને, મુંબઈમાં ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ (TISS)એ રાજકીય પ્રવચન અને વિરોધને મર્યાદિત કરવા માટે વધતા દબાણનો સામનો કરવો પડ્યો છે, તેઓએ આદિવાસી અને દલિત વિદ્વાનોને નિશાન બનાવ્યા છે. ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, TISSએ દલિત પીએચડીને સસ્પેન્ડ કરવાનું કડક પગલું ભર્યું હતું. આ વિદ્યાર્થી, રામદાસ પ્રિનીશિવાનંદન પર કથિત "રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ"ના આરોપ સાથે અને સરકારી નીતિઓ સામે વિદ્યાર્થી વિરોધમાં તેની ભાગીદારીનો ઉલ્લેખ કરીને તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો. આ નિર્ણયથી કેમ્પસમાં વ્યાપક આક્રોશ ફેલાયો હતો, અને વિદ્યાર્થીઓએ તેને અસંમતિને દબાવવા માટે વહીવટી શક્તિનો દુરુપયોગ ગણાવ્યો હતો. સપ્ટેમ્બરમાં TISSના દીક્ષાંત સમારોહમાં તણાવ વધી ગયો હતો, અને વિદ્યાર્થીઓએ સસ્પેન્ડ કરાયેલા વિદ્યાર્થી અને સમાન સંજોગોમાં બરતરફ કરાયેલા ફેકલ્ટી સભ્યો માટે ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જ્યારે સ્નાતક વિદ્યાર્થી અર્ઘ્ય દાસે સમારંભ દરમિયાન એક પ્લૅકાર્ડ દર્શાવ્યું ત્યારે સુરક્ષા દળોએ તેને બળજબરીથી હટાવી દીધો, તેની ડિગ્રી અટકાવી દીધી અને તેની અટકાયત કરી હતી. આ ક્રિયાઓ દર્શાવે છે કે કેવી રીતે મહારાષ્ટ્રમાં શૈક્ષણિક સંસ્થાઓ મુક્ત અભિવ્યક્તિ અને રાજકીય અસંમતિ માટે યુદ્ધનું મેદાન બની રહી છે.

TISSની બહાર, અન્ય શૈક્ષણિક વ્યક્તિઓને સમાન દમનનો સામનો કરવો પડ્યો છે. જૂન ૨૦૨૩માં, કોલ્હાપુર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના પ્રોફેસરને હિન્દુત્વ જૂથો સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણીઓનો જવાબ આપ્યા પછી "બળજબરીથી રજા" પર મૂકવામાં આવ્યા હતા. જ્યારે તેણીએ માત્ર એવું જ કહ્યું હતું કે "બળાત્કારીઓનો કોઈ ધર્મ હોતો નથી," ત્યારે તેણીની આ ટિપ્પણી સંપાદિત કરીને અન્ય સ્વરૂપમાં વાયરલ થઈ હતી, અને તેને દૂર કરવા માટે જમણેરી સંગઠનોની પ્રતિક્રિયા દ્વારા સંસ્થા પર દબાણ કરવામાં આવ્યું હતું. સામાજિક ન્યાયના વિષયો પર નિર્ણાયક પ્રવચનને મર્યાદિત કરવા માટે ધાકધમકીનો ઉપયોગ કરીને, વર્ગખંડમાં એક કથાને આકાર આપવા માટે વૈચારિક જૂથો કેવી રીતે કાર્ય કરી રહ્યા છે તે આ દર્શાવે છે.

**૩. સક્રિયતા અને પર્યાવરણીય વિરોધ પર કડક કાર્યવાહી**

ફ્રી સ્પીચ કલેક્ટિવ આ શ્રેણી હેઠળ જાન્યુઆરી ૨૦૨૩-નવેમ્બર ૨૦૨૪ વચ્ચે બનેલી ઘટનાઓની નીચેની સૂચિ પ્રદાન કરે છે:

**"લોકોના વિરોધ, કાર્યકરો પર સેન્સરશીપ**

૧. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩ : બાર્સુ-સોલગાંવ પ્રદેશ, રત્નાગીરીમાં સઉદી-અરામ્કો રિફાઈનરીના વિરોધમાં ગ્રામજનો અને કાર્યકરોની અટકાયતના આદેશ આપવામાં આવ્યા હતા.

૨. નવેમ્બર ૨૦૨૩-માર્ચ ૨૦૨૪ : આરેના કાર્યકર તબરેઝ સૈયદને નોટિસ આપીને કાર્યવાહી કરવામાં આવી હતી.

૩. ઑક્ટો ૬, ૨૦૨૪ : મુંબઈમાં ઈઝરાયેલના આક્રમણ વિરુદ્ધ રેલી યોજાઈ હતી અને તેના આયોજકોને નોટિસ આપવામાં આવી હતી.

૧. ૧૧.૦૭.૨૦૨૪ : મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ, ૨૦૨૪, વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવ્યું, અને અસંમતિ અને જાહેર વિરોધ સામે આ કડક જોગવાઈઓ છે. એકેડેમીયા ઉપરાંત, અસંમતિ માટે મહારાષ્ટ્રની કાર્યવાહી પર્યાવરણીય અને સામાજિક કાર્યકરો પર પણ કરવામાં આવે છે. રત્નાગીરીમાં, બારસુ-સોલગાંવમાં સઉદી-અરામ્કો રિફાઈનરી સામેના વિરોધમાં અટકાયત અને કાનૂની ધાકધમકી જાન્યુઆરી ૨૦૨૩માં થઈ હતી. ગ્રામજનો અને કાર્યકરોએ પર્યાવરણીય અધોગતિ, વિસ્થાપન અને આરોગ્યના જોખમોના ભયને કારણે આ રિફાઈનરીનો વિરોધ કર્યો હતો. તેના જવાબમાં, સરકારે આ વિરોધને દબાવવા માટે પોલીસ દળોને તૈનાત કર્યા હતા અને લોકોને તેમના પોતાના ગામોમાંથી મુખ્ય કાર્યકરો પર અસરકારક રીતે પ્રતિબંધ મૂક્યો હતો અને પ્રતિબંધના આદેશો આપ્યા હતા. સરકારની આ રણનીતિએ માત્ર શાંતિપૂર્ણ પ્રદર્શનોને જ વિક્ષેપિત કર્યા નથી પરંતુ કાર્યકરોને તેમના સમુદાયોમાંથી દૂર કરીને અસંમતિને દબાવવાનો પ્રયાસ કર્યો હતો.

મુંબઈના સેવ આરે ચળવળના કેન્દ્રીય વ્યક્તિ તબરેઝ સૈયદના કેસ સાથે આ દમનકારી અભિગમ ચાલુ રહ્યો છે, જેને આરેના જંગલના વિનાશ સામેના વિરોધમાં તેમની ભૂમિકા બદલ બહુવિધ કાનૂની નોટિસ આપવામાં આવી હતી. આરેમાં આયોજિત મેટ્રો બાંધકામ એ નોંધપાત્ર ગ્રીન સ્પેસને ખતમ કરશે અને સ્વદેશી સમુદાયોને વિસ્થાપિત કરશે, તેમ છતાં સૈયદ જેવા કાર્યકરોએ પર્યાવરણીય ચિંતાઓ ઉઠાવવા માટે વધતી જતી કાનૂની ધમકીઓ અને સતામણીનો સામનો કરવો પડ્યો હતો.

જુલાઈ ૨૦૨૪માં, મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ રજૂ કરીને આ દમનને સંસ્થાકીય બનાવવા માટે નિર્ણાયક પગલું ભર્યું હતું. ગૃહપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ દ્વારા રજૂ કરાયેલ અ બિલનો ઉદ્દેશ્ય દેખીતી રીતે શહેરી નક્સલીઓનો સામનો કરવાનો હતો પરંતુ સંગઠિત વિરોધના કોઈપણ સ્વરૂપને કાબૂમાં રાખવા માટે રાજ્યને વ્યાપક સત્તાઓ આપવામાં આવી હતી. જો આ ખરડો પસાર થાય છે, તો સત્તાધિકારીઓને કાર્યકરોની અટકાયત કરવા, સંપત્તિ જપ્ત કરવા અને જાહેર વ્યવસ્થાને જોખમમાં મૂકતી કોઈપણ હિલચાલને રોકવાની સત્તા આપશે. જો કે લોકોમાં વ્યાપક ચિંતા એ છે કે જો મહાયુતિ ગઠબંધન સત્તા જાળવી રાખે છે, તો આ બિલ ફરીથી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર રાજ્યમાં સક્રિયતા અને મુક્ત અભિવ્યક્તિ પરના નિયંત્રણ માટે સરકારને કાનૂની કવચ પ્રદાન કરશે.

**૪. ન્યાયતંત્રનો પ્રતિભાવઃ મિશ્ર પરિણામ**

ફ્રી સ્પીચ કલેક્ટિવ આ શ્રેણી હેઠળ જાન્યુઆરી ૨૦૨૩-નવેમ્બર ૨૦૨૪ વચ્ચે બનેલી ઘટનાઓની નીચેની સૂચિ પ્રદાન કરે છે:

**કોર્ટના કેસો**

૧. ૨૨.૦૮.૨૦૨૪ : બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ રેવતી મોહિતેડેરે અને જસ્ટિસ શ્યામ સી. ચાંડકની ખંડપીઠે પત્રકાર અભિજિત અર્જુન પાડલેની જાન્યુઆરી ૨૦૨૨માં થયેલી ધરપકડને ગેરકાયદે ગણાવી હતી.

૨. ૨૦.૦૯.૨૦૨૪ : બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ. ચંદુરકરે, કુણાલ કામરા કેસમાં "ટાઈ બ્રેકર" ચુકાદો આપ્યો જેમાં તેમણે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) સુધારા નિયમો, ૨૦૨૩ ("આઈટી નિયમો)ના નિયમ ૩ (૧)(b)(v) ("ઈમ્પગ્ડ નિયમ")માં સુધારાને ફગાવી દીધા હતા. આ સોશિયલ મીડિયા પરની સામગ્રીને ગેરબંધારણીય ગણાવવા માટે હકીકત તપાસ માટે ફેક્ટ ચેક યુનિટ ("FCU")ની સ્થાપના કરવા માંગે છે.

૩. ૦૭.૦૩.૨૦૨૪ : સુપ્રીમ કોર્ટે કોલ્હાપુર જિલ્લાની સંજય ઘોડાવત કોલેજના પ્રોફેસર જાવેદ અહેમદ હજમ સામે ફોજદારી આરોપો રદ કર્યા, જેઓ જમ્મુ અને કાશ્મીરના બારામુલાના છે, તેમના WhatsApp સ્ટેટસ પર આર્ટિકલ ૩૭૦ નાબૂદ કરવાનું વર્ણન 'બ્લેક ડે' તરીકે કરવા બદલ આ આરોપ કરવામાં આવ્યા હતા.

અભિવ્યક્તિની સ્વતંત્રતા પરના આ વધતા જતા જોખમો વચ્ચે, ન્યાયતંત્રે ક્યારેક-ક્યારેક રક્ષક તરીકે કામ કર્યું છે. ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ એક સીમાચિહ્નરૂપ કેસમાં, બોમ્બે હાઈકોર્ટે સામાજિક મીડિયા પર નજર રાખવા માટે સરકાર-નિયંત્રિત ફેક્ટ ચેક યુનિટની સ્થાપના કરવાની માંગ કરતા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમોમાં એક સુધારો ગેરબંધારણીય જાહેર કર્યો હતો. ઓનલાઈન વાણી સ્વાતંત્ર્યનું રક્ષણ કરતા આ નિર્ણયને વ્યાપકપણે સરકારની દેખરેખ સામેની જીત તરીકે જોવામાં આવ્યો હતો.

બીજી ન્યાયિક જીત માર્ચ ૨૦૨૪માં આવી જ્યારે સુપ્રીમ કોર્ટે કોલ્હાપુરમાં કામ કરતા મૂળ જમ્મુ અને કાશ્મીરના પ્રોફેસર જાવેદ અહેમદ હજામ સામેના ફોજદારી આરોપો રદ કર્યા, જેમના પર કલમ ૩૭૦ નાબૂદ કરવાને "કાળો દિવસ" તરીકે દર્શાવીને WhatsApp સ્ટેટસ મૂકવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ કાયદાકીય ચુકાદાઓ દમનકારી પગલાં સામે સ્વતંત્ર વાણીના બચાવમાં ન્યાયતંત્રની નિર્ણાયક ભૂમિકાને રેખાંકિત કરે છે. જો કે, અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર કરતી ઘટનાઓના સ્કેલને જોતાં, આ વિજયો અધિકારોના વ્યાપક સંદર્ભમાં ઓછા છે.

**આગામી ચૂંટણીઓ શા માટે નિર્ણાયક છે**

મહારાષ્ટ્રમાં, આર્થિક વિકાસ અને સામાજિક પડકારો સહઅસ્તિત્વ ધરાવે છે, ત્યારે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર રાજ્યના વલણની ગહન અસરો પડી શકે છે. મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણીઓ, જેના માટે મતદાન ૨૦ નવેમ્બરે થશે, તે રાજ્યમાં નાગરિક સ્વતંત્રતા અને લોકશાહી મૂલ્યો માટે એક મહત્વની ક્ષણનું પ્રતિનિધિત્વ કરે છે. મહાયુતિ ગઠબંધનના કાર્યકાળમાં અસંમતિને દબાવવામાં તીવ્ર વધારો જોવા મળ્યો છે, પત્રકારો, કાર્યકર્તાઓ અને શિક્ષણવિદોને ધાકધમકી, કાનૂની ધમકીઓ અને હિંસા સાથે નિશાન બનાવ્યા છે. પ્રેસ પરના હુમલાઓ, યુનિવર્સિટીઓમાં સેન્સરશિપ અને કાર્યકરોની સતામણી એ બધું સૂચવે છે કે ગઠબંધનનું શાસન મોડલ વિરોધને શાંત કરવા પર આધારિત છે. જો આ વલણો ચાલુ રહે છે, તો લોકશાહી સમાજ તરીકે મહારાષ્ટ્રના ભાવિ પર અસર પડશે.

શાસક ગઠબંધનની તાજેતરની ક્રિયાઓ લોકશાહી આદર્શોથી દૂર એક મુશ્કેલીજનક માર્ગને પ્રકાશિત કરે છે, જ્યાં અસંમતિને ગુનાહિત ગણવામાં આવે છે. આ ચૂંટણીના રાજકીય પરિણામો અગત્યના છે અને તે નાગરિક સ્વતંત્રતાના ભાવિને આકાર આપશે, સ્વતંત્ર અભિવ્યક્તિ માટે એક દાખલો સ્થાપિત કરશે અને લોકશાહી મૂલ્યો પ્રત્યે મહારાષ્ટ્રની પ્રતિબદ્ધતાને સમર્થન આપશે અથવા નકારશે.

આ ચૂંટણીઓ મહારાષ્ટ્રના લોકો માટે આ ઉલ્લંઘનોને ઉકેલવાની તક આપે છે. ઉચ્ચ ગરીબી દર, ખેડૂતોની આત્મહત્યા અને વધતી બેરોજગારી સાથે ઝઝૂમી રહેલા રાજ્ય માટે, જાહેર પ્રવચનને દબાવવું એ માત્ર વ્યક્તિગત સ્વતંત્રતા પર હુમલો નથી પરંતુ પ્રણાલીગત સામાજિક મુદ્દાઓને સંબોધવામાં પણ અવરોધ છે. સક્રિયતા માટે મજબૂત મીડિયા વિના, આ મુદ્દાઓ સંભવતઃ અસરકારક રહેશે નહીં, અને નેતાઓને જવાબદાર રાખવાની જનતાની ક્ષમતાને ઘટશે.

જો મતદારો એવા પક્ષોને સમર્થન આપવાનું નક્કી કરે છે જેઓ વાણી સ્વાતંત્ર્યનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લે છે, તો તે પારદર્શિતા અને જવાબદારીને મહત્ત્વ આપતા ગવર્નન્સ મોડલ તરફ પરિવર્તનનો સંકેત આપી શકે છે. તેનાથી વિપરિત, જો વર્તમાન શાસન ફરીથી ચૂંટાય છે, તો મહારાષ્ટ્ર સ્પેશિયલ પબ્લિક સિક્યુરિટી બિલ અને અન્ય દમનકારી પગલાંનું તોળાઈ રહેલું જોખમ વધી શકે છે અને રાજ્યમાં સરમુખત્યારશાહીને પ્રેરિત કરી શકે છે, જે આવનારા વર્ષોમાં અસંમતિને શાંત કરી શકે છે.

(સૌ. : સબરંગ ઈન્ડિયા)

**હદીસ બોધ**

સાચું બોલો, ભલે પછી તેના કારણે નુકસાન થતું હોય.
(હદીસ બોધ)

**બોધ વચન**

દરેક વ્યક્તિ પોતાની ભૂલોને અનુભવ તરીકે ઓળખાવે છે.
- ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

૧૩ નવેમ્બર બુધવાર ૨૦૨૪
૯ જમાદિલઅવ્વલ હિજરી ૧૪૪૬
કારતક સુદ બારસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૩૦
ખત્મે ઝવાલ ૧૨-૨૪
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૬

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**મેહરૂમ રહા દૌલત-એ-દરિયાસે વો ગવ્વાસ,**
**કરતા નહીં જો સોબત-એ-સાહિલસે કિનારા**

જે મરજીવા (ગવ્વાસ) દરિયા કિનારે બેસી રહે છે, દરિયામાં ઊંડે છલાંગ મારતા નથી તેમને કયારેય મોતીનો ખજાનો મળતો નથી. જે યુવાન સખત મહેનત કરતો નથી, કામ માટે કમીટેડ નથી તે જિંદગીમાં સિદ્ધીઓ પ્રાપ્ત કરી શકતો નથી. જે સમાજ, પ્રજા તેના ભવિષ્ય માટે જાગ્રત નથી, મહેનતુ, ઉદ્યમી નથી તે પછાત અને ગરીબ જ રહે છે.
**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
**- વ્યવસ્થાપક**

# જૌનપુર સમાચાર : દલિત યુવકે ઝેર ખાઈને આત્મહત્યા કરી, દોઢ મહિના પહેલા બનાવ્યો વીડિયો; આરોપીનું નામ આપ્યું

(એજન્સી) તા.૧૨

વીડિયો જૌનપુરના એસપી સુધી પહોંચતા જ તેમણે આ મામલે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે. પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો. આરોપી ઘરેથી ભાગી ગયો.

૨ જૌનપુરના કેરાકટ કોતવાલીના બેહરા ગામના પૂર્વા અસ્માનપટ્ટી ગામના એક યુવકનો ઝેર ખાઈને આત્મહત્યા કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. જો કે આ વીડિયો દોઢ મહિનો જૂનો હોવાનું કહેવાય છે.

આ કેસમાં પોલીસે મૃતકના ભાઈની ફરિયાદના આધારે આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. આરોપી ઘરેથી ભાગી ગયો છે. પોલીસે બે લોકોની અટકાયત કરીને તપાસ હાથ ધરી છે.

મૃતકના ભાઈ રાજકુમારે પોલીસને જણાવ્યું કે મારા ભાઈ રાજા કુમારે તેનો એક મોબાઈલ ફોન તે જ ગામના સૌરભ



પાંડેને ૨૮ હજાર રૂપિયામાં વેચ્યો હતો, પરંતુ તે પૈસા આપતો ન હતો. ઘણી વખત માંગવા પર પૈસા આપતા ન હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. ઘણી વખત આરોપીનો મોટો ભાઈ ઘરે આવીને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. જેના કારણે મારા ભાઈએ ગુસ્સે થઈ ઝેર ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તેણે જણાવ્યું કે આ ઘટના ૨૭ સપ્ટેમ્બરે બની હતી. ઘટના બાદ અમે અમારા ભાઈને સારવાર માટે સિંધૌરા (વારાણસી) લઈ ગયા, જ્યાં તેની હાલત નાજુક બનતાં અમે વારાણસી ગયા, જ્યાં મારા ભાઈનું મૃત્યુ થયું. પરિવારજનો મૃતદેહને ઘરે લાવ્યા અને બીજા દિવસે તેને અગ્નિદાહ આપ્યો.

પરિવારજનોને મૃતકનો મોબાઈલ મળી આવતા મામલો પ્રકાશમાં આવ્યો હતો. રવિવારે સવારે કોઈએ ઘટનાનો વીડિયો એસપીના નંબર પર મોકલ્યો, વીડિયો વાયરલ થતાં જ પોલીસ હરકતમાં આવી ગઈ હતી.

કેરાકટ કોટવાલ સતીશસિંહ અને થાનાગદ્દી ચોકીના પ્રભારી વિદ્યાસાગર સિંહ ભારે દળ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા. મૃતકના ભાઈ અને તેની માતાએ સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે આ મામલે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. કોતવાલી પ્રભારી સતીશકુમાર સિંહે જણાવ્યું કે પીડિતની ફરિયાદ પર કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓને પકડવા માટે છાપા મારવામાં આવી રહ્યા છે.

# યુપીના બલિયામાં ૧૩ વર્ષની દલિત બાળકીનું અપહરણ, સગીર દ્વારા બળાત્કાર

## પોલીસના જણાવ્યા અનુસાર, છોકરાએ શનિવારે વહેલી સવારે છોકરીને લાલચ આપીને તેનું અપહરણ કર્યું હતું

(એજન્સી) તા.૧૨

આ જિલ્લાના બૈરિયા વિસ્તારમાં એક ૧૩ વર્ષની દલિત છોકરીનું તેના જ ગામના એક સગીર છોકરા દ્વારા કથિત રીતે અપહરણ અને બળાત્કાર કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ ઘટના ગત શનિવારે બની હતી, તેઓએ જણાવ્યું હતું કે, ૧૪ વર્ષીય આરોપીની અટકાયત કરવામાં આવી હતી અને બાદમાં તેને કિશોર ગૃહમાં મોકલવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે છોકરી અને આરોપી બંને ધોરણ ૮માં અભ્યાસ કરે છે. પોલીસના જણાવ્યા અનુસાર, છોકરાએ ગત શનિવારે વહેલી સવારે છોકરીને લાલચ આપીને તેનું અપહરણ કર્યું હતું. બૈરિયા સર્કલ ઓફિસર (CO) ડી કે શ્રીવાસ્તવે જણાવ્યું



હતું કે છોકરીના પિતાની ફરિયાદના આધારે સગીર વિરુદ્ધ BNS અને અનુસૂચિત જાતિ અને જનજાતિ (અત્યાચાર નિવારણ) એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સીઓ શ્રીવાસ્તવે જણાવ્યું કે, બાળકીને બચાવી લેવામાં આવી હતી. તેના નિવેદનમાં, તેણે આરોપ લગાવ્યો છે કે આરોપીએ તેના ઘરેથી તેનું અપહરણ કર્યું હતું અને તેના પર બળાત્કાર કર્યો હતો. અધિકારીએ કહ્યું કે છોકરીના નિવેદનના આધારે કેસમાં BNSની બળાત્કારની કલમ અને POCSO એક્ટની સંબંધિત કલમ ઉમેરવામાં આવી છે. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે પોલીસે આરોપીની અટકાયત કરી હતી અને તેને બલિયાની જુવેનાઈલ કોર્ટમાં રજૂ કર્યો હતો જેણે આરોપીને બાળ સુધાર ગૃહમાં મોકલી આપ્યો હતો.

# દલિતો મંડ્યા મંદિરમાં પ્રવેશ્યા, નારાજ ગ્રામજનોએ મૂર્તિઓ બહાર ખસેડી

(એજન્સી) મંડ્યા, તા.૧૨

સદીઓ જૂના કાલભૈરવેશ્વર સ્વામી મંદિરમાં દલિતોના પ્રવેશનો વિરોધ કરતા, ગ્રામજનોના એક વર્ગે 'ઉત્સવ મૂર્તિ'-દેવતાઓ કે જેમને મોટા મંદિર તહેવારના દિવસોમાં શહેરની પ્રદક્ષિણા કરાવવામાં આવે છે-ને મંડ્યા જિલ્લાના હનાકેરે ગામના મંદિરના પરિસરમાં સુરક્ષિત સ્થાન પર ખસેડ્યા. રવિવારે માંડ્યા શહેરથી ૧૩ કિમી દૂર હનાકેરે ખાતે સરકારી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓની મેરેથોન બેઠક બાદ દલિતોને એન્ડોમેન્ટ વિભાગ દ્વારા સંચાલિત મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ, મંદિરનો સેંકડો વર્ષનો



ઈતિહાસ છે અને તાજેતરમાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય એમ શ્રીનિવાસના નેતૃત્વમાં તેનું જીર્ણોદ્ધાર કરવામાં આવ્યું હતું. કેટલાક ગ્રામજનોએ પરંપરાઓને ટાંકીને દલિતોના પ્રવેશનો વિરોધ કર્યો અને એ પણ જણાવ્યું કે ગામમાં દલિતો માટે અલગ મંદિર બનાવવામાં આવ્યું છે. દલિતોને મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપવાના નિર્ણયથી નારાજ કેટલાક ગ્રામજનોએ ઉત્સવ મૂર્તિને એક અલગ ચેમ્બરમાં સ્થાનાંતરિત કરી અને કહ્યું કે તેઓએ તેના પર પૈસા ખર્ચ્યા છે. અંધાધૂંધીના પગલે બપોરના સુમારે મંદિરને થોડા કલાકો માટે બંધ કરી દેવામાં આવ્યું હતું. મંદિરના દરવાજા દિવસ પછી ફરીથી ખોલવામાં આવ્યા હતા અને તમામ ધાર્મિક વિધિઓ રાબેતા મુજબ કરવામાં આવી હતી. મંદિરમાં તમામ જાતિના ભક્તોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. અગમચેતીના ભાગરૂપે ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તહસીલદાર શિવકુમાર બીરાદારે આ પ્રશ્નનો સૌહાર્દપૂર્વક ઉકેલ લાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### યુ મુમ્બાને હરાવી હયાના સ્ટીલર્સ ટેબલમાં ટોપ પર

# પીકેએલ ૧૧ : પટના પાઈરેટ્સે ગુજરાત જાયન્ટસને હરાવ્યું

નવી દિલ્હી, તા.૧૨

પટના પાઈરેટ્સે શાનદાર પ્રદર્શન સાથે વિજયના માર્ગે પરત ફરતા સોમવારે પ્રો.કબડ્ડી લીગમાં ગુજરાત જાયન્ટ્સને ૪૦-૨૭થી પરાજય આપ્યો. રયાન લોહચલ અકવાર ફરી પાઈરેટ્સનો સ્ટાર ખેલાડી રહ્યો. જેણે ત્રણ ટેકલ પોઈન્ટ સહિત ૧૦ પોઈન્ટ મેળવ્યા જ્યારે દેવાંક દલાલ અને સંદીપે ક્રમશઃ ૬ અને પાંચ પોઈન્ટ મેળવ્યા. ધીમી શરૂઆત બાદ પાઈરેટ્સે પોતાની લય પકડી લીધી કારણ કે દલાલ અને અયાન લોહચલે પોતાની શરૂઆતની ભૂલોની ભરપાઈ કરતા બાલાજીડી અને સોમબીર જેવા ખેલાડીઓને મેટની બહાર કરી દીધા. બંને ટીમો શરૂઆતમાં આક્રમણ અને ડિફેન્સ બંને મામલામાં એકબીજાની બરાબરી પર રહી. જેમાં રાકેશે ગુજરાત તરફથી રીડિંગ વિભાગનું નેતૃત્વ કર્યું અને ચાર ઝડપી પોઈન્ટ મેળવ્યા હતા. જેવો જ પ્રથમ હાફ સમાપ્ત થયો પાઈરેટ્સે રમતમાં પુનરાગમન કરી સ્કોર બરાબર કર્યો અને પછી હાફ સમાપ્ત થવાની બે મિનિટ પહેલા ગુજરાત જાયન્ટસને ઓલઆઉટ કરી દીધું. આ પાઈરેટ્સને પ્રથમ ૨૦ મિનિટના અંતમાં ૨૧-૧૬ની લીડ લેવા માટે પર્યાપ્ત હતું. ગુજરાત જાયન્ટસે બીજા હાફમાં પુનરાગમન કર્યું અને આશા વ્યક્ત કરી કે તે સ્કોરનો ઓછો કરી શકે પણ પાઈરેટ્સ પાસે તેની મોટાભાગની ચાલોનો જવાબ હતો. આઠ પોઈન્ટની લીડ લીધા બાદ પટના પાઈરેટસે ગુજરાત જાયન્ટસને રમતમાં બીજીવાર ઓમઆઉટ કરી દીધું. દિવસની બીજી મેચમાં હરિયાણા સ્ટીલર્સે રોમાંચક મુકાબલામાં યુ મુમ્બાને ૪૮-૩૯ને હરાવી ટેબલમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું.

# પર્થ સ્ટેડિયમમાં લોકડાઉન લાગ્યું ટીમ ઈન્ડિયાનો સિક્રેટ ટ્રેનિંગ કેમ્પ શરૂ

પર્થ, તા.૧૨

આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ ચક્રની સૌથી મહત્ત્વની ટેસ્ટ સિરીઝ ૨૨ નવેમ્બરથી પર્થમાં શરૂ થશે. બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં આ વખતે ચારની જગ્યાએ પાંચ ટેસ્ટ મેચ રમાશે અને આ ટેસ્ટ સિરીઝનું પરિણામ એ નક્કી કરશે કે ડબ્લ્યુટીસીની ફાઈનલમાં ભારત સ્થાન મેળવશે કે નહીં. ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ ૨૨ નવેમ્બરથી પર્થમાં રમાશે. પર્થના જૂના ટેસ્ટ વેન્યુ વાકા પર ભારતીય ટીમે સિક્રેટ ટ્રેનિંગ કેમ્પ શરૂ કર્યા છે. વાકા સ્ટેડિયમની ચારેય તરફ નેટ્સ લગાવાઈ છે અને તેને પબ્લિક માટે બંધ કરી દેવાયું છે. વિરાટ કોહલી પર્થ પહોંચનાર ભારતીય ટેસ્ટ ટીમનો પ્રથમ ખેલાડી હતો. જે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સિરીઝ શરૂ થવાના બે સપ્તાહ પહેલાં જ પહોંચી ગયો છે. ધ વેસ્ટ ઓસ્ટ્રેલિયાના એક રિપોર્ટ અનુસાર વાકા સ્ટેડિયમમાં હાલ લોકડાઉન છે. જે તે સમયની યાદ અપાવે છે જ્યારે ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૨ ટી-૨૦ વર્લ્ડ કપ દરમ્યાન ભારતીય ટીમ પર્થ પહોંચી હતી. તેની બાઉન્ડ્રીને નેટ્સ લગાવી ઢાંકી દેવાઈ હતી અને પબ્લિક માટે આને બંધ કરી દેવાયું હતું અને આ ઉપરાંત સ્ટેડિયમના કર્મચારીઓને પણ અંદર લેનના ઉપયોગ કરવાની પરમિશન ન હતી. ભારતને ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વવાળી ભારત 'એ' ટીમ વિરૂદ્ધ પ્રેક્ટિસ મેચ રમવાની હતી. બીસીસીઆઈએ આ પ્રેક્ટિસ મેચ રદ કરી દીધી છે. બીસીસીઆઈ નથી ઈચ્છતું કે અંતિમ સમયમાં ભારતીય ખેલાડી ઈજાગ્રસ્ત થાય.


**ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર**

**જોઈએ છે**

**જોઈએ છે**
જુહાપુરા વેજલપુર વિસ્તાર માટે અનુભવી એડવાઈઝર/ વર્કશોપ મેનેજર TVS ટુ વ્હીલર વર્કશોપ માટે
**9979097899**

**વેચવાનું છે**

3 BHK **વેચવાનો છે**
બીજો માળ, C બ્લોક, લાલા કોમ્પ્લેક્ષ શાહેઆલમ
**7016384527**
**9879812510**

FLAT **વેચવાનો છે**
1 BEDROOM, HALL, KITCHEN 82 વાર, ચોથા માળે, અરહાન એવન્યુ, શક્તિ સોસાયટી, દાણીલીમડા
**9904891922**

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
**9825215334**
**9904969895**

**વ્યવસાયીલક્ષી/ અન્ય**

**નામ બદલેલ છે**
જૂનું નામ : અદનાન સમીરભાઈ વોહરા
નવું નામ : અદનાન સમીરભાઈ વ્હોરા
૧, સહેજાદ પાર્ક, નશીમ પાર્લર પાસે, ફતેહવાડી, જુહાપુરા, **અમદાવાદ-૩૮૦૦૫૫**

**નામ બદલેલ છે**
જૂનું નામ અરબ નશીમા મોહમદ હનીફ. નવું નામ અરબ નશીમબાનું મોહમદ હનીફ એડ્રેસ :- ૧૨૧/૬ હનુમાનજી મંદિરની ચાલી, બહેરામપુરા, **અમદાવાદ-૩૮૦૦૨૨**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
**રજિસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧ ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ :+૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨**
**અધિકૃત અધિકારી - શ્રી દિવ્યરાજસિંહ ઝાલા - સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯**
**અધિકૃત અધિકાર - ચિન્મય આચાર્ય - સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪**

**ખાનગી સંધિ દ્વારા સરફેસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ વેચાણ માટે મિલકત**

જ્યારે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (The SARFAESI એક્ટ, ૨૦૦૨)ના ૧૩(૪) હેઠળ તમામ મિલકતનો કબજો લીધો છે. **મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન વિસ્તાર ક્ષેત્રફળ ૩૦-૩૪ ચો.મી. (નિસરણી સાથે)+ પહેલા માળ વિસ્તાર ક્ષેત્રફળ ૩૦-૩૪ ચો.મી. (નિસરણી સાથે) સ્થિત કુલ જમીન ક્ષેત્રફળ ૫૭-૩૮ ચો.મી. સિટી સર્વે વોર્ડ નં.૧, સિટી સર્વે ન.૧૪૬૩ પૈકી રાજકોટ,- ઉત્તર તરફઃ કહેવાતી મિલકત પૈકીના યુનિટ, દક્ષિણ તરફ : અન્યની મિલકત, પૂર્વ તરફ : અન્યની મિલકત અને પશ્ચિમ તરફ : ઘી કાંટા રોડ(સલામત મિલકત) લોન એકાઉન્ટ નં. ૩૫૨૯૭૧૦ અને ૩૮૭૨૩૧૬ના સંદર્ભમાં ઓકે મેચિંગ સેન્ટરના કલ્પેશ કાપડિયા, રામસિંગભાઈ લક્ષ્મણભાઈ મકવાણા, પરેશ આર કાપડિયા અને સુશીલાબેન આર મકવાણા (દેણદારો).** અધિકૃત અધિકારીને SARFAESI એક્ટ હેઠળ ઉપરોક્ત ઉલ્લેખિત સિક્યોર્ડ એસેટની ખરીદી પ્રત્યે સંભવિત ખરીદદાર તરફથી રસની અભિવ્યક્તિ પ્રાપ્ત થઈ છે. હવે, અધિ કૃત અધિકારી આથી સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૮ અને ૯ની શરતોમાં ખાનગી સંધિ દ્વારા ઉપરોક્ત મિલકતના વેચાણની નોટિસ આપી રહ્યા છે. વેચાણ "જેમ છે તેમ આધાર છે અને જેમ છે તે આધારે છે'.

| | |
|---|---|
| **મોર્ગેજ મિલકતનું સરનામું** | **મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન વિસ્તાર ક્ષેત્રફળ ૩૦-૩૪ ચો.મી. (નિસરણી સાથે)+ પહેલા માળ વિસ્તાર ક્ષેત્રફળ ૩૦-૩૪ ચો.મી. (નિસરણી સાથે) સ્થિત કુલ જમીન ક્ષેત્રફળ ૫૭-૩૮ ચો.મી. સિટી સર્વે વોર્ડ નં.૧, સિટી સર્વે ન.૧૪૬૩ પૈકી રાજકોટ,- ઉત્તર તરફઃ કહેવાતી મિલકત પૈકીના યુનિટ, દક્ષિણ તરફ : અન્યની મિલકત, પૂર્વ તરફ : અન્યની મિલકત અને પશ્ચિમ તરફ : ઘી કાંટા રોડ** |
| **અનામત કિંમત** | **રૂા.૨૧૩૩૨૭૨૭.૦૦/- (રૂપિયા બે કરોડ તેર લાખ બત્રીસ હજાર સાતસો સત્તાવીસ માત્ર)** |
| **ખાનગી સંધિની હરાજીની તારીખ** | **૩૦-નવેમ્બર-૨૦૨૪** |

દેણદાર અને સહ-દેણદારને આથી ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ એટલે કે **રૂા. ૪૦૩૩૭૯૨૬.૭૩/-(ચાર કરોડ ત્રણ લાખ સાડત્રીસ હજાર નવસો છવ્વીસ રૂપિયા અને તોત્તેર પૈસા માત્ર) ૩૦-નવેમ્બર-૨૦૨૪** પહેલા વ્યાજ અને આનુષંગિક ખર્ચ સાથે, જો નિષ્ફળ જાય તો મિલકત ખાનગી સંધિ દ્વારા વેચવામાં આવશે.

**સહી/-**
**તારીખ : ૧૩-૧૧-૨૦૨૪** **અધિકૃત અધિકારી**
**સ્થળ : રાજકોટ** **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**


### ટીમ ઈન્ડિયા માટે ખુશ ખબરી

# ફીટ થયેલો મો.શમી એક વર્ષ બાદ આજે મેદાનમાં પુનરાગમન કરશે

ઈન્દોર, તા.૧૨

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયા માટે એક ખુશ ખબરી સામે આવી છે. ટીમનો ઝડપી બોલર મોહમ્મદ શમી ફીટ થઈ ગયો છે અને તે મેદાન પર પુનરાગમન કરવા માટે તૈયાર છે. લગભગ એક વર્ષ બાદ તે પ્રોફેશનલ મેચ રમતો જોવા મળશે. ૧૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ તેણે અંતિમ મેચ ભારત માટે રમી હતી. ત્યારબાદથી તે કોઈપણ ઘરેલુ મેચ પણ ઈજાના કારણે રમી શક્યો નથી. જો કે હવે તેને રણજી ટ્રોફીમાં તક મળશે અને તે બુધવારે ૧૩ નવેમ્બરે મેદાનમાં ઊતરશે. આ વાતની જાહેરાત બંગાળ ક્રિકેટ એસોસિએશને કરી છે. મોહમ્મદ શમી બુધવારે મધ્યપ્રદેશ વિરૂદ્ધ રણજી ટ્રોફી એલીટ ગ્રુપ-સીની મેચમાં ઈન્દોરના મેદાન પર પોતાનો પાવર બતાવતો દેખાશે. બંગાળ ક્રિકેટ એસોસિએશને પ્રેસ રિલીઝમાં કહ્યું કે આ ઈન્ડિયન ક્રિકેટ અને બંગાળ રણજી ટ્રોફી માટે સારી વાત છે કે મોહમ્મદ શમી પોતાનું કમબેક કરવા જઈ રહ્યો છે. તે બુધવારે ઈન્દોરમાં યજમાન મધ્યપ્રદેશ વિરૂદ્ધ શરૂ થનારી રણજી મેચમાં રમવાનો છે. બંગાળ ક્રિકેટ સંઘે આગળ કહ્યું કે શમીનું બંગાળ ટીમમાં સામેલ થવું ટીમ માટે ફાયદાકારક સાબિત થશે. રણજી ટ્રોફીના આગામી રાઉન્ડમાં સ્થાન મેળવવા માટે બંગાળની ટીમ પ્રવાસ કરી રહી છે. બંગાળની ટીમ પોતાના ગ્રુપમાં હાલ ચાર મેચો બાદ ૮ પોઈન્ટ મેળવીને પાંચમા સ્થાને છે. શમી પાસે પોતાની ફિટનેશ સાબિત કરવાની તક છે અને તેની હજી પણ ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ પાંચ મેચોની બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ટીમમાં પસંદગી થઈ શકે છે.

# જો પાકિસ્તાન રાજી નહીં થાય તો દ.આફ્રિકામાં ચેમ્પિયન્સ ટ્રોફી રમાશે

નવી દિલ્હી, તા.૧૨

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની યજમાની પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) પાસે છે. પીસીબીની મુશ્કેલી બીસીસીઆઈએ વધારી દીધી છે. બીસીસીઆઈએ આઈસીસી દ્વારા પાકિસ્તાન પર દબાણ બનાવ્યું છે કે ફેબ્રુઆરી-માર્ચમાં રમાનારી આ ટુર્નામેન્ટને હાઈબ્રિડ મોડલ પર આયોજિત કરવામાં આવે. ભારતીય ટીમ પોતાની મેચ દુબઈમાં રમે અને બાકીની મેચ પાકિસ્તાનમાં આયોજિત કરવામાં આવે. જો કે પાકિસ્તાન હાલમાં આના માટે રાજી નથી ત્યાં સુધી રિપોર્ટ આવી રહ્યા છે કે ભારતીય ટીમના પાકિસ્તાન નહીં આવવા પર પાકિસ્તાન ટુર્નામેન્ટની યજમાની કરવાની પાછળ હટી શકે છે. જો આવું થશે તો પછી એક નવા દેશને ટુર્નામેન્ટની યજમાની કરવાની તક મળી શકે છે. રિપોર્ટ અનુસાર બીસીસીઆઈએ ઈમેલ દ્વારા આઈસીસીને સૂચિત કર્યું છે કે ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન જશે નહીં. સુરક્ષા કારણોસર ભારત સરકાર પણ આના પક્ષમાં નથી. આવામાં ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ પર આયોજિત કરવામાં આવી શકે છે. આઈસીસીએ આ ઈમેલ પીસીબીને મોકલી દીધો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આના માટે તૈયાર નથી. બીજીબાજું પાકિસ્તાન સરકારે પીસીબી પર દબાણ બનાવ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન સરકારે બોર્ડને કહ્યું છે કે જો ભારતીય ટીમ પાકિસ્તાન આવે નહીં તો તે ટુર્નામેન્ટની યજમાની છોડી શકે છે. સરકાર તરફથી એ પણ સંકેત મળ્યો છે કે પાકિસ્તાનને હાઈબ્રિડ મોડલ પર પણ ટુર્નામેન્ટને આયોજિત કરવા માટે રાજી નહીં હોવું જોઈએ. આવામાં જો પાકિસ્તાન ટુર્નામેન્ટની યજમાની કરવાથી પાછળ હટશે તો પછી પૂરી ટુર્નામેન્ટ દ.આફ્રિકામાં આયોજિત થઈ શકે છે.

### પાક.સ્પિનરે અંગ્રેજોને ઘૂંટણીયે લાવી દીધા હતા

# પાકિસ્તાનના નોમાન અલીએ આઈસીસી પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો

**મહિલા વર્ગમાં ન્યુઝીલેન્ડની અમેલિયા કેરે બાજી મારી ● કોઈ પાકિસ્તાની ખેલાડીએ એક વર્ષથી વધુ સમય બાદ આ એવોર્ડ જીત્યો છે, બાબરે ગત વર્ષ ઓગસ્ટમાં આ એવોર્ડ જીત્યો હતો**

દુબઈ, તા.૧૨

આઈસીસીએ મંગળવારે પ્લેયર ઓફ ધ મંથની જાહેરાત કરી છે. પાકિસ્તાનના સ્પિનર નોમાન અલીને પુરૂષ વર્ગ જ્યારે ન્યુઝીલેન્ડની સ્ટાર ઓલરાઉન્ડર અમેલિયા કેરને મહિલા વર્ગમાં શાનદાર પ્રદર્શન માટે ઓક્ટોબર મહિનાના પ્લેયર ઓફ ધ મંથ એવોર્ડથી સન્માનિત કરાયા છે. નોમાને ગત મહિને ઈંગ્લેન્ડને ઘૂંટણીયે લાવવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. પાકિસ્તાને ઘર આંગણે ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ત્રણ મેચોની ટેસ્ટ સિરીઝ ૨-૧થી પોતાના નામે કરી હતી. નોમાને બે મેચોમાં ૧૩.૮૫ની સરેરાશથી કુલ ૨૦ વિકેટ ઝડપી હતી. પાકિસ્તાને ઈંગ્લેન્ડ સામે નવ વર્ષ બાદ ટેસ્ટ સીરિઝ જીતી છે. ૩૮ વર્ષીય નોમાને દ.આફ્રિકાના ઝડપી બોલર રબાડા અને ન્યુઝીલેન્ડના સ્પિનર સેન્ટનરને પછાડી આ એવોર્ડ જીત્યો છે. કોઈ પાકિસ્તાની ખેલાડીએ એક વર્ષથી વધારે સમય બાદ આઈસીસી પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ જીત્યો છે. બાબર આઝમે ગત વર્ષ ઓગસ્ટમાં આ એવોર્ડ જીત્યો હતો. નોમાને વિજેતા બનવા પર કહ્યું કે મારી પસંદગી થવાથી ખુશ છું, હું પોતાના બધા સાથીઓનો આભારી છું. જ્યારે ૨૪ વર્ષીય અમેલિયા કેરે ઓક્ટોબરમાં મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં શાનદાર પ્રદર્શન કર્યું અને ન્યુઝીલેન્ડને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વનો રોલ નિભાવ્યો છે. તેને આજ મહેનતનું ફળ મળ્યું છે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
**(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**
CIN : L65110TN2014PLC097792
**રજિસ્ટર્ડ ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧.
ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ /ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ -૪ [રૂલ-૮ (૧)]**
**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**ના અધિકૃત અધિકારી છે અને કલમ ૧૩ (૧૨)ના વાંચન સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ના નિયમ ૩ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતા ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટરોને ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ નીચે દર્શાવેલ તારીખથી ૬૦ દિવસની અંદર સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમ અને વધારાના વ્યાજ અને અન્ય ચાર્જીસ ડિમાન્ડ નોટિસની તારીખ સુધીના ખરેખર સુધીના પરત ચૂકવવા માટે આ સાથે જાણ કરવામાં આવે છે. દેણદાર/સહ-દેણદારો/ ગેરેન્ટરો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાથી દેણદાર-સહદેણદારો-ગેરેન્ટરો અને જાહેર જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા સિક્યુરિટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ નિયમ ૮ સાથે વાંચતા તેની કલમ ૧૩ પેટા કલમ (૪) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકતનો કબજો લેવામાં આવ્યો છે.

| લોન એકાઉન્ટ નંબર | દેણદાર/રો સહદેણદાર/રો અને ગેરેન્ટરોના નામ | ગીરો મિલકતની વિગતો | ડિમાન્ડ નોટિસ | | તારીખ અને મેળવેલ કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | તારીખ | બાકી રકમ (રૂપિયા) | |
| 25218602 | ૧. મહેશકુમાર અમરતજી ઠાકોર, ૨. સોમીબેન ઠાકોર, ૩. મહેશકુમાર અમરતજી ઠાકોર (સ્વ. અમરતજી ડાહ્યાજી ઠાકોરના કાનૂની વારસદાર) ૪. સોમીબેન ઠાકોર (સ્વ. અમરતજી ડાહ્યાજી ઠાકોરના કાનૂની વારસદાર) | તે તમામ ભાગ અને હિસ્સાઓ આમજા ગ્રામ પંચાયત મિલકત નં.૪૯૫, એસેસમેન્ટ સિરીયલ નં.૫૦૨, 'ઠાકોર વાસ' (ગામતળ), ક્ષેત્રફળ ૮૦૦ ચો.ફૂટ, સ્થિત અત્રે આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર, રાજ્ય- ગુજરાત-૩૮૨૭૩૫, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : જાવાજી ધાનાજી ઠાકોરની મિલકત, પશ્ચિમ : રોડ પછી, પ્રહ્લાદજી જાવાજીની મિલકત, ઉત્તર : રણછોડજી ડાહ્યાજી ઠાકોરની મિલકત, દક્ષિણ : રોડ** | 20.07.2024 | Rs. 3,11,237.10/- | 07.11.2024 પ્રતિકાત્મક કબજો |
| 31399477 | ૧. રમીલાબેન કામાભાઈ રબારી, ૨. રમીલાબેન કામાભાઈ રબારી, | તે તમામ ભાગ અને હિસ્સાઓ મિલકત નં.૩૨, ક્ષેત્રફળ ૨૫x૪૦=૧૦૦૦.૦૦ ચો.ફૂટ, સ્થિત અત્રે ગામ : મેલુસણ, તા. સરસ્વતી, જિ. પાટણ, ગુજરાત-૩૮૪૨૮૫, અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : રાજાભાઈ હરીભાઈનું ઘર, પશ્ચિમ : ખેતાભાઈ મેવાભાઈ, ઉત્તર : રસ્તો, દક્ષિણ : વસીભાઈ વશરામભાઈ** | 27.07.2024 | Rs. 2,22,888.06/- | 07.11.2024 પ્રતિકાત્મક કબજો |
| 36581320 | ૧. વિજયસિંહ ભાગુજી સોલંકી, ૨. હંસાબેન ભાગુજી ઠાકોર, ૩. વિજયસિંહ ભાગુજી સોલંકી | તે તમામ ભાગ અને હિસ્સાઓ મિલકત નં.૩૧, ક્ષેત્રફળ ૩૦x૯૦=૨૭૦૦.૦૦ ચો.ફૂટ(૨૫૦.૮૩ ચો.મી.) સ્થિત અત્રે ગામ : લક્ષ્મીપુરા, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૫૫૦, કહેવાતા પ્લોટની આ મુજબ ખૂંટ : **પૂર્વ : રસ્તો, પશ્ચિમ : શ્યામજીનો પ્લોટ, ઉત્તર : બાબુજી ભીમાજીનું ઘર, દક્ષિણ : રૂપાજી નવાજીનો પ્લોટ** | 27.07.2024 | Rs. 7,64,134.30/- | 07.11.2024 પ્રતિકાત્મક કબજો |
| 63818124 | ૧. ચાવડા રામસિંહ છત્રસિંહ, ૨. રંજનાબેન ચાવડા | સ્થાવર મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ગામતળ મિલકત (ઘર) નં.૪૦૩, વિસ્તારનું ક્ષેત્રફળ લગભગ ૧૫x૬૦ એટલે કે એગ્રેગેટિંગ ક્ષેત્રફળ લગભગ ૯૦૦ ચો.ફૂટ બંધાયેલ જમીન વિસ્તાર સ્થિત મોજે/ગામ, રંગપુર, તા. માણસા, જિ. ગાંધીનગર, ગુજરાત-૩૮૨૮૩૫ અને આ મુજબ ખૂંટ : **પૂર્વ : ચાવડા લાલસિંહ મનુસિંહનું ફાર્મ, પશ્ચિમ : રોડ, ઉત્તર : ચાવડા જુજરસિંહનું ઘર, દક્ષિણ : ચાવડા કચરાજીનું ઘર** | 12.06.2024 | Rs. 3,48,040.49/- | 07.11.2024 પ્રતિકાત્મક કબજો |
| 75995930 | ૧. વસાવા પ્રભાતભાઈ, ૨. વસાવા વંદનાબેન | તે તમામ ભાગ અને હિસ્સાઓ ગ્રામ પંચાયત ઘર નં.૬૧, વિસ્તાર ૫૬x૧૪ ફૂટ =૭૮૪ ચો.ફૂટ સ્થિત અત્રે મોજે ભૂછડ, રજિ. સબ જિ. નાંદોદ, રજિ. જિ. નર્મદા, ગુજરાત-૩૯૩૧૪૫ આ મુજબ ખૂંટ : **પૂર્વ : વાડો, પશ્ચિમ : વાડો, ઉત્તર : રોડ, દક્ષિણ : ગણેશભાઈની મિલકત** | 31.07.2024 | Rs. 4,24,220.89/- | 07.11.2024 પ્રતિકાત્મક કબજો |

ખાસ કરીને દેણદાર અને સહદેણદાર તથા જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે અહીં વર્ણવેલી મિલકતના સોદામાં પડવું નહીં અને જો તે મિલકતને લગતા કોઈપણ સોદા **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)ના ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ** ઉપરાંત વધારા વ્યાજ અને અન્ય ખર્ચ સહિત ચુકવણીની તારીખ સુધી સહિતની રકમ માટેના હકને આધીન રહેશે.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**તારીખ : ૦૭.૧૧.૨૦૨૪** **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**સ્થળ : ગુજરાત** **(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ તરીકે અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલય થયેલ છે)**

# વડાપ્રધાન મોદી બકરીઓની જેમ ધારાસભ્યોને ખરીદવામાં અને સરકારને પછાડવામાં વિશ્વાસ રાખે છે : મલ્લિકાર્જુન ખડગેનો આરોપ

## ૮૧ સભ્યોની ઝારખંડ વિધાનસભાની ચૂંટણી ૧૩ અને ૨૦ નવેમ્બરે યોજાશે, જ્યારે મતદાનની ગણતરી ૨૩ નવેમ્બરે થશે

(એજન્સી) તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે તેમના પર વિપક્ષો પર જુલમ કરવાનો, ચૂંટાયેલી સરકારોને પછાડવાનો અને ધારાસભ્યોને બકરાની જેમ ખવડાવવા અને પછીથી તેમની મિજબાની કરાવા માટે તેમને ખરીદવાનો આરોપ મૂક્યો હતો. ખડગેએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે તેઓ 'મુખ મેં રામ, બગલ મેં છુરી' જેવા છે. તે MLA ખરીદે છે. મોદી ધારાસભ્યોને બકરાની જેમ રાખે છે, તેમને ખવડાવે છે અને બાદમાં મિજબાની કરે છે. ખડગેએ આક્ષેપ કર્યો હતો કે, મોદી અને શાહે વિપક્ષી નેતાઓ સામે ED, CBI અને અન્ય કેન્દ્રીય એજન્સીઓને ઉતારી છે પરંતુ અમે ડરતા નથી. અમે આઝાદી માટે લડ્યા, અમારા જીવનનું બલિદાન આપ્યું છે. મોદી અમને જેલના સળિયા પાછળ નાખશે તો પણ અમે ગરીબોની સેવા કરવાનું ચાલુ રાખીશું. દેશમાં ચાર લોકો- મોદી, શાહ, અદાણી અને અંબાણી- દેશ ચલાવી રહ્યા છે, જ્યારે રાહુલ ગાંધી અને હું બંધારણ અને લોકશાહીને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ખડગેએ મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે મોદી માને છે કે તે જૈવિક નથી અને તે જૂઠા છે જે ક્યારેય તેના વચનો પૂરા કરતા નથી. શું ગુજરાતમાં ગોલ્ડન યુગ આવ્યો ? અમે ૨૫



વર્ષથી સીએમ અને પીએમ તરીકે મોદીને સહન કરી રહ્યા છીએ. તે પછાત લોકો અને મહિલાઓનું શોષણ કરનારાઓને સમર્થન આપે છે. મોદી મણિપુરની મુલાકાત લેવાથી ડરે છે, હું તેમને ત્યાં જવા ચેલેન્જ આપું છું. ખડગેએ આક્ષેપ કર્યો કે, મોદી ઝારખંડમાંથી કોલસો, આયર્ન લૂંટી રહ્યા છે; તેમનો પક્ષ ચોર છે. તેઓએ કોલસાના ખાણકામના બદલામાં ઝારખંડના રૂા.૧.૩૬ લાખ કરોડની ચુકવણી કરવાની બાકી છે. યુપીના સીએમ પર પ્રહાર કરતા ખડગેએ કહ્યું કે, એક સાચો યોગી 'બટેંગે તો કટેંગે' (જો વિભાજિત થશે તો આપણે નાશ પામીશું) જેવી ભાષાનો ઉપયોગ કરી શકતા નથી. આ ભાષાનો ઉપયોગ આતંકવાદીઓ કરે છે. યોગી મઠના વડા છે, ભગવા ઝભ્ભા પહેરે છે, પણ 'મુખ મેં રામ બગલ મેં છુરી'માં માને છે. ખડગેએ કહ્યું કે તેણે પોતાનો ભગવો ઝભ્ભો છોડવો જોઈએ અને તેના બદલે અન્ય રાજકારણીઓની જેમ સફેદ કપડાં પહેરવા જોઈએ. જનતાને 'મૂર્ખ બનાવવાનું' બંધ કરો. સોનિયા ગાંધીએ તેમના પતિ રાજીવ ગાંધીના એક હત્યારાને માફ કરી દીધા હતા જ્યારે પ્રિયંકા ગાંધીએ હત્યારાને ભેટી પડ્યા હતા, તેમણે ઉમેર્યું હતું કે આ કરૂણા છે. ખડગેએ આરોપ લગાવ્યો કે, ભાજપ દેશને વિભાજિત કરી રહી છે જેના માટે ઈન્દિરા ગાંધીએ અને રાજીવ ગાંધીએ તેમના જીવનનું બલિદાન આપ્યું છે અને દેશના ભાગલા પાડનારાઓ આપણને 'દેશભક્તિ' શીખવી રહ્યા છે. ભાજપ-આરએસએસમાં કોઈએ દેશ માટે બલિદાન આપ્યું છે કે કેમ તે અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા, કોંગ્રેસ નેતાએ આરોપ મૂક્યો કે, તમે લોકોના જીવ લીધા છે. ખડગેએ પીએમ મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે તેઓ અમને શહેરી નક્સલી કહે છે. રામ મંદિરની છત લીક થઈ રહી છે, જ્યારે બુલેટ ટ્રેનનો પુલ તૂટી પડ્યો છે. ખડગેએ દાવો કર્યો હતો કે રાજ્યની ૮૧ સીટો પર પ્રચાર માટે NDAના ૮૧ મંત્રીઓ બહારથી ઝારખંડ આવ્યા હતા. મોદી સરકાર JDUના નીતીશ કુમાર અને TDPના ચંદ્રાબાબુ નાયડુના સમર્થન પર છે. દેશમાં સ્થિતિ એવી છે કે લોકો ટીવી પર દિવસ-રાત ટીવી પર 'મોદીના દર્શન' જોઈ રહ્યા છે જ્યારે 'ભગવાનના દર્શન' દુર્લભ છે.

# શૂટરને બાબા સિદ્દીકી અથવા તેમના પુત્રને મારવાનું કહેવામાં આવ્યું હતું-ક્રૂર હત્યાની ચોંકાવનારી વિગતો સામે આવી

## દાઉદ ઈબ્રાહિમ અને સલમાન ખાન સાથેના સંબંધોના કારણે બાબા સિદ્દીકીની હત્યા કરવામાં આવી હતી : શૂટર શિવ કુમાર

(એજન્સી) તા.૧૨

મહારાષ્ટ્રસરકારના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે ત્રણ લોકોએ ગોળી મારીને હત્યા કરી હતી. તે સમયે તેઓ તેમના પુત્ર જીશાન સિદ્દીકીની ઓફિસ છોડીને દુર્ગા પૂજાની ઉજવણી કરવા પંડાલ તરફ જઈ રહ્યા હતા.

બાબા સિદ્દીકીને ગોળી મારવામાં આવતા અરાજકતાનું વાતાવરણ હતું. જે બાદ બે આરોપીઓને લોકોએ પકડીને પોલીસને હવાલે કર્યા હતા, પરંતુ એક આરોપી શિવ કુમાર ત્યાંથી ભાગવામાં સફળ રહ્યો હતો, પરંતુ હવે તે પોલીસની કસ્ટડીમાં છે. બાબા સિદ્દીકીની હત્યામાં સંડોવાયેલા મુખ્ય આરોપી શિવકુમાર ગૌતમ ઉર્ફે શિવે STF અને મુંબઈ પોલીસની પૂછપરછ દરમિયાન ઘણા રહસ્યો ખોલ્યા છે. ૨૫ વર્ષથી ઓછી ઉંમરના શિવકુમારે ખુલાસો કર્યો છે કે બાબા સિદ્દીકીને ગોળી માર્યા બાદ તે ભીડવાળા વિસ્તારમાં દોઢ કલાક સુધી ફરતો રહ્યો અને ત્યાંના વાતાવરણને સમજવાનો પ્રયાસ કરતો રહ્યો. આ ઘટનામાં બાબા સિદ્દીકીને ત્રણ ગોળી વાગી હતી, ત્રણેય ગોળી શિવકુમારે વાગી હતી. આ પછી શિવ કુમારે પિસ્તોલ ફેંકી દીધી અને ટી-શર્ટ બદલીને ઘટનાસ્થળે ફરતો રહ્યો, જ્યારે તેના બે સાથી સ્થળ પર જ ઝડપાઈ ગયા. આ હત્યાકાંડને અંજામ આપવા પાછળનો સૌથી મોટો હેતુ બોલીવુડ અને મુંબઈમાં આતંક ફેલાવીને મોટા પાયે ગુંડા ટેક્સ વસૂલવાનો હતો. મળતી માહિતી મુજબ સ્નેપ ચેટ પર લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈએ બાબા સિદ્દીકી હત્યા કેસનું કાવતરૂં ઘડતા શિવ કુમારને કહ્યું હતું કે જો બાબા સિદ્દીકી ન મળે તો તેમના પુત્ર જીશાન સિદ્દીકીને ઉડાવી દે. બાબા સિદ્દીકી હત્યા કેસના કથિત શૂટરોમાંના એક શિવ કુમાર ગૌતમે પોલીસને જણાવ્યું છે કે, ભાગેડુ ગેંગસ્ટર દાઉદ ઈબ્રાહિમ અને અભિનેતા સલમાન ખાન સાથેના ગાઢ સંબંધોના કારણે પૂર્વ મંત્રીને નિશાન બનાવવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે ગૌતમને ૧૦ લાખ રૂપિયા, વિદેશ પ્રવાસ અને માસિક ખર્ચ આપવાનું વચન આપવામાં આવ્યું હતું. ગૌતમે પોલીસને જણાવ્યું હતું કે વોન્ટેડ આરોપી શુભમ લોંકરે તેને કહ્યું હતું કે ગેંગસ્ટર





અનમોલ બિશ્નોઈ મુંબઈમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા અને આતંક ફેલાવવા માંગે છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગૌતમે દાવો કર્યો હતો કે તેના હેન્ડલર લોંકરે તેને ભડકાઉ ભાષણો દ્વારા ફસાવ્યો હતો. જોકે, સિદ્દીકીની હત્યા સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (SRA) પ્રોજેક્ટ પરના વિવાદો સાથે જોડાયેલી હોવાની શક્યતાને પોલીસે નકારી નથી. ગૌતમને સોમવારે ૩૭મી મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં તેના ચાર સહયોગીઓ-અનુરાગ કશ્યપ, જ્ઞાન ત્રિપાઠી, આકાશ શ્રીવાસ્તવ અને અખિલેન્દ્ર પ્રતાપ સિંહ સાથે રજૂ કરવામાં આવ્યો હતો-જેમણે તેને પકડવામાં અને નેપાળ ભાગી જવાથી કથિત રીતે મદદ કરી હતી. કોર્ટે પાંચેયને ૧૯ નવેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા છે. સિદ્દીકીની બાંદ્રા (R)માં તેમના પુત્રની ઓફિસની બહાર ૧૨ ઓક્ટોબરે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હત્યાના એક દિવસ પછી, લોંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક સંદેશ પોસ્ટ કર્યો, "સલમાન ખાન, અમે આ યુદ્ધ ઈચ્છતા ન હતા, પરંતુ તમે અમારા ભાઈને નુકસાન પહોંચાડ્યું. આજે બાબા સિદ્દીકીની ઈમાનદારી પર સવાલ ઉઠી રહ્યા છે. દાઉદ સાથેના વ્યવહારમાં સામેલ હતો. અનુજ થાપન અને દાઉદનું નામ બોલિવૂડ, રાજનીતિ અને પ્રોપર્ટી ડીલિંગ સાથે જોડાયેલું હતું, જેના કારણે તેનું મોત થયું હતું. અમારી કોઈની સાથે દુશ્મની નથી, પરંતુ જે કોઈ સલમાન ખાન અને દાઉદ ગેંગને મદદ કરે છે જો કોઈ આવું કરે, તો તેણે પોતાનો હિસાબ ચોખ્ખો રાખવો જોઈએ. જો કોઈ અમારા ભાઈને નુકસાન પહોંચાડશે અથવા તેને મારી નાખશે, તો અમે ચોક્કસ જવાબ આપીશું, જો કે અમે પહેલાં ક્યારેય કોઈ પગલાં લીધાં નથી."

# શું ટ્રમ્પ ૨.૦ના H-1B વિઝા પ્રતિબંધ મોદી ૩.૦ના આત્મનિર્ભર ભારતને પ્રોત્સાહન આપી શકે છે ? આ અંગે SBIનો રિપોર્ટ

## SBIનો અહેવાલ સૂચવે છે કે બીજા ટ્રમ્પ વહીવટ હેઠળ સંભવિત H-1B વિઝા પ્રતિબંધોથી ભારતની આત્મનિર્ભર ભારત પહેલને ફાયદો થઈ શકે છે, યુ.એસ.માં ભારતીય IT કંપનીઓ સામે ઊભા થયેલા પડકારોને સ્વીકારતી વખતે, અહેવાલમાં ભારત માટે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આંતરિક રોકાણ આકર્ષવાની તક તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨

SBIના રિપોર્ટ અનુસાર ટ્રમ્પ ૨.૦ હેઠળ માનવામાં આવતા H-1B વિઝા પ્રતિબંધો સંભવિતપણે મોદી ૩.૦ની આત્મનિર્ભર ભારત (આત્મનિર્ભર ભારત) પહેલને "ઘરેલુ ઉત્પાદન, સ્વ-નિર્ભરતા અને આંતરિક રોકાણમાં સુધારાને વેગ આપવા માટે પ્રોત્સાહન તરીકે સેવા આપી શકે છે." આ રિપોર્ટમાં અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ખાસ કરીને H-1B વિઝા પ્રોગ્રામ પર કડક વિઝા નિયમો લાદવાની શક્યતાનો અભ્યાસ કરે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, જો કે નિયમો એક તરફ યુએસમાં સ્થિત ભારતીય IT અને ITes ક્ષેત્રો માટે ખર્ચમાં વધારો કરશે, તો બીજી બાજુ "ભારતને તેની "આત્મનિર્ભર ભારત" પહેલ દ્વારા તેના પોતાના સ્થાનિક ઉત્પાદનને મજબૂત કરવાની તક આપશે. અહેવાલમાં જણાવ્યું હતું કે, "H-1B વિઝા પ્રતિબંધોથી





શ્રમની ગતિશીલતામાં ઘટાડો થઈ શકે છે, જે યુ.એસ.માં કાર્યરત ભારતીય IT કંપનીઓની ભરતી કરવાની ક્ષમતાને અસર કરી શકે છે. આના પરિણામે ભારતીય કંપનીઓ યુએસમાં સ્થાનિક સ્તરે વધુ કિંમતે ભરતી કરવા માટે સંસાધનો ફાળવી શકે છે, જે કંપનીઓ માટે માર્જિન પર દબાણ લાવી શકે છે." તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે, "જ્યારે ટ્રમ્પની નીતિઓ પડકારો ઊભી કરી શકે છે, ત્યારે તેઓ ભારતને તેની "આત્મનિર્ભર ભારત" પહેલ દ્વારા તેના પોતાના સ્થાનિક ઉત્પાદનને મજબૂત કરવાની તક પણ આપે છે. આપણે સ્થાનિક ઉત્પાદન, આત્મનિર્ભરતા અને આંતરિક રોકાણમાં સુધારાને વેગ આપવાનું વિચારી શકીએ છીએ." અહેવાલમાં જણાવાયું છે કે, ટ્રમ્પે H-1B પ્રોગ્રામનો વિરોધ કરીને દલીલ કરી છે કે તેનાથી અમેરિકન કામદારોને નુકસાન થાય છે. તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન વિઝા અસ્વીકારમાં તીવ્ર વધારો જોવા મળ્યો હતો. ૨૦૨૦માં તેમના વહીવટીતંત્રે H-1B વિઝા ધારકો માટે ઉચ્ચ લઘુત્તમ વેતન લાદવાની પણ માંગ કરી હતી, પરંતુ અદાલતોએ આ પગલાને અવરોધિત કર્યું હતું. ટ્રમ્પ ૧.૦ હેઠળ, યુ.એસ. દ્વારા જારી કરાયેલા બિન-ઈમિગ્રન્ટ વિઝાની સંખ્યા દર વર્ષે લગભગ ૧૦ લાખ પર પ્રમાણમાં સ્થિર રહી હતી. જો કે, ૨૦૨૩માં આશરે ૧૪ લાખ ભારતીયોએ નોન-ઈમિગ્રન્ટ વિઝા મેળવ્યા હતા, જે નોંધપાત્ર વધારો દર્શાવે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પના બીજા શાસનકાળમાં મુસ્લિમ વિશ્વ પર શું અસર થશે

## ટ્રમ્પની દુનિયામાં મિત્ર કે શત્રુ તરીકે જોવામાં આવનાર વિશ્વના નેતાઓ ઉપરાંત, ભારત અને અન્ય કેટલાક દેશો તેમના વ્હાઇટ હાઉસમાં પાછા ફરવાથી તેઓ પોતાને વિજેતા તરીકે જુએ તેવી શક્યતા છે, પરંતુ તેમના પ્રમુખપદની સૌથી મોટી કસોટી મુસ્લિમ રાષ્ટ્રો સાથેના તેમના સંબંધોને ફરીથી સેટ કરવામાં આવશે, જેમાંથી મોટા ભાગના છેલ્લા ચાર વર્ષોમાં અમેરિકા વિરોધી બન્યા છે.

અમેરિકામાં વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પનો પુનઃપ્રવેશ થયો છે અને સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને સમગ્ર વિશ્વમાં મુસ્લિમ રાષ્ટ્રો તેને આતુરતા સાથે જોઈ રહ્યા છે, કારણ કે સમગ્ર વિશ્વ તેમના વર્તમાન પ્રમુખપદમાં તેઓ કેવી રીતે વહીવટ ચલાવશે તેની રાહ જોઈ રહ્યું છે. શું તે પહેલાની જેમ "અમેરિકા ફર્સ્ટ" અંગે હશે અથવા ખાસ કરીને મુસ્લિમ રાષ્ટ્રો સાથે વ્યવહાર કરતી વખતે તે વધુ સહનશીલ હશે.

ડોનાલ્ડ ટ્રમ્પે ચાર વર્ષની ગેરહાજરી પછી યુએસ પ્રમુખપદ પર ફરીથી કબજો કર્યો છે, અને તેઓ ૪૭માં અમેરિકન પ્રમુખ બન્યા છે અને તેઓએ યુએસ હિતોને પ્રાથમિકતા આપવા અને અન્ય રાષ્ટ્રોની તાકાત અને સંરેખણના આધારે જોડાણનું મૂલ્યાંકન કરવાના તેમના અભિગમનો સંકેત આપ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સઉદી અરેબિયાના મોહમ્મદ બિન સલમાન જેવા નેતાઓ તેમની ઓછી ચકાસણી સાથે તેમની સાથે સરળ વાટાઘાટોની અપેક્ષા રાખી શકે છે, જ્યારે ઈઝરાયેલના બેન્જામિન નેતાન્યાહુ જે ડોનાલ્ડ ટ્રમ્પના સહાયક છે તે તેમના પરિચિત સાથીનું સ્વાગત કરે તેવી અપેક્ષા છે. જો કે, યુક્રેનના વોલોડીમિર ઝેલેન્સ્કીને પડકારોનો સામનો કરવો પડી શકે છે, કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ એવા દેશોને પ્રાધાન્ય આપવાનું વલણ ધરાવે છે જે યુએસ નીતિઓ સાથે સંરેખિત હોય. આ જ નિયમ ચીનના શી જિનપિંગ સાથેના તેમના ભાવિ વ્યવહાર પર પણ લાગુ થઈ શકે છે.

ટ્રમ્પની દુનિયામાં મિત્ર કે શત્રુ તરીકે જોવામાં આવનાર વિશ્વના નેતાઓ ઉપરાંત, ભારત અને અન્ય કેટલાક દેશો તેમના વ્હાઈટ હાઉસમાં પાછા ફરવાથી તેઓ પોતાને વિજેતા તરીકે જુએ તેવી શક્યતા છે, પરંતુ તેમના પ્રમુખપદની સૌથી મોટી કસોટી મુસ્લિમ રાષ્ટ્રો સાથેના તેમના સંબંધોને ફરીથી સેટ કરવામાં આવશે, જેમાંથી મોટા ભાગના છેલ્લા ચાર વર્ષોમાં અમેરિકા વિરોધી બન્યા છે.

મુસ્લિમ રાષ્ટ્રોમાં, યુએસનો સૌથી સ્પષ્ટ અને જૂના સમયનો સાથી સઉદી અરેબિયા છે. પરંતુ આ સામ્રાજ્યના વાસ્તવિક શાસક, ક્રાઉન પ્રિન્સ સઉદી મોહમ્મદ બિન સલમાનની આગેવાની હેઠળ, ટ્રમ્પ ચોક્કસપણે યુ.એસ. સાથે લાંબા સમયથી રાહ જોવાતી સુરક્ષા સંધિ માટેના પ્રયત્નોને પુનર્જીવિત કરવાનું પસંદ કરશે. ઈઝરાયેલ અને અન્ય કેટલાક આરબ રાષ્ટ્રો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનાર અબ્રાહમ સમજૂતીમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ટ્રમ્પ, સઉદી અરેબિયાને પણ સામેલ કરવા માટે આ માળખાના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે.

જો ટ્રમ્પ ઇઝરાયેલ અને સઉદી અરેબિયા સામ્રાજ્ય વચ્ચે શાંતિ સોદો કરવામાં સફળ થાય છે, તો તે યુએસ માટે સઉદી અરેબિયાને સુરક્ષા સહાય આપવાનો માર્ગ મોકળો કરી શકે છે. આનાથી સામ્રાજ્ય તેના આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે અને તેની ઈરાન તરફથી સંભવિત જોખમો અંગેની ચિંતાઓને ઓછી કરશે. આ રીતે દ્વિપક્ષીય સંબંધોમાં વધારો કરવા માટે ઈચ્છુક અન્ય મુસ્લિમ રાષ્ટ્ર તુર્કી હશે. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગન ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ સંબંધો સુધરવાની આશા રાખી શકે છે. અર્દોગન અને ટ્રમ્પે મૈત્રીપૂર્ણ તાલમેલ જાળવી રાખ્યો છે, ટ્રમ્પનું પુનઃઆગમન



એર્દોગનને વોશિંગ્ટનમાં વધુ સીધો પ્રવેશ પ્રદાન કરી શકે છે. ટ્રમ્પનું યુદ્ધ વિરોધી વલણ અને વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરવાથી એર્દોગનને ફાયદો થઈ શકે છે, પરંતુ ઈઝરાયેલની તેમના વચ્ચે તણાવ પેદા કરી શકે છે. વધુમાં, ચીન સાથેના સંબંધોને મજબૂત કરવા માટે તુર્કીની તાજેતરની ચાલ યુએસ સાથેના સંબંધોને સંતુલિત કરવામાં પડકારો રજૂ કરી શકે છે. મધ્ય પૂર્વીય રાજકારણમાં અન્ય પ્રબળ દેશ ઈરાનને અત્યાર સુધી ટ્રમ્પના પુનઃઆગમન અસર ઓછી થઈ શકે છે, રાષ્ટ્રપતિ તેમના પરમાણુ કાર્યક્રમ પર મુત્સદ્દીગીરીના દરવાજા બંધ કરે છે, જેની તેહરાનને આશા હતી કે તે તેના પ્રતિબંધોથી પ્રભાવિત અર્થતંત્રને સરળ બનાવી શકે છે. ઈઝરાયેલના મજબૂત સમર્થક, ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ઈરાન પ્રત્યે "મહત્તમ દબાણ" કરવાની નીતિ લાગુ કરી હતી. તેમણે અગાઉ લાદેલા યુએસ પ્રતિબંધોને વધુ કડક કરીને તે ઈરાનને વધુ અલગ કરી શકે છે. જો કે, ટ્રમ્પને હવે આ બદલાયેલા પ્રદેશનો સામનો કરવો પડશે, કારણ કે ઈરાને તાજેતરમાં સઉદી અરેબિયા અને યુએઈ સાથે સંબંધો મજબૂત કર્યા છે, જે બંનેએ એક સમયે "મહત્તમ દબાણ" અભિગમને સમર્થન આપ્યું હતું.

સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહજેરાનીએ રાજધાની તેહરાનમાં કેબિનેટની બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું કે, યુએસ ચૂંટણીથી ઈરાનીઓની આજીવિકા પર અસર થશે નહીં. યુએસ ચૂંટણીઓ ખરેખર અમારો વિષય નથી. અમારી નીતિઓ સ્થિર છે અને તે વ્યક્તિઓના આધારે બદલાતી નથી. અમે આવી જરૂરી આગાહીઓ પહેલા કરી હતી અને લોકોની આજીવિકામાં કોઈ ફેરફાર થશે નહીં.

જ્યાં સુધી પેલેસ્ટીનના મુદ્દાનો સંબંધ છે, તે સ્પષ્ટ નથી કે ટ્રમ્પ પશ્ચિમ એશિયાના આ યુદ્ધ સાથે કેવી રીતે વ્યવહાર કરશે. બેન્જામિન નેતાન્યાહુ માટેનો તેમનો અડગ ટેકો ચોક્કસપણે બાઈડેન વહીવટીતંત્ર કરતાં તેમના માટે વધુ સારો લાભ આપશે. તેમણે અબ્રાહમ એકોર્ડ્સ સાથે શરૂ કરેલી પહેલને આગળ વધારવા માટે તેનો ઉપયોગ કરવો એ તેની ડીલ-મેકિંગ ક્ષમતાઓની કસોટી હશે.

તેમણે ગાઝામાં હમાસ સામેની લડાઈમાં ઈઝરાયેલને સમર્થન આપ્યું છે પરંતુ તેને તેના આક્રમણને બંધ કરી લેવા વિનંતી કરી છે. ટ્રમ્પ પાસેથી ઈઝરાયેલને વધુ સશસ્ત્ર બનાવવાની બાઈડેન વહીવટીતંત્રની નીતિ ચાલુ રાખવાની અપેક્ષા રાખી શકાય છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે તેઓ યુક્રેનમાં શાંતિ લાવશે, ચીનની અન્યાયી વેપાર પ્રથાઓને કાબૂમાં રાખશે, સાથીઓને ચૂકવણી કરવા દબાણ કરશે અને ઈઝરાયેલમાં ઑક્ટોબર ૭ના હુમલા જેવા વધુ હુમલાઓને અટકાવશે. અન્ય મુસ્લિમ દેશો વિશે, યુએસ ઈજિપ્ત, જોર્ડન, ઓમાન, કતાર અને UAE જેવી અન્ય પ્રાદેશિક સત્તાઓ સાથે તેમના સતત સંબંધો સારા રહ્યા છે. ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસીએ ટ્રમ્પને તેમની ચૂંટણીની જીત પર અભિનંદન આપ્યા હતા, જોર્ડનના રાજા અબ્દુલ્લા IIએ પણ તેમના X એકાઉન્ટ પરની પોસ્ટ અનુસાર, રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ટ્રમ્પને અભિનંદન આપ્યા હતા. સંયુક્ત આરબ અમીરાત (UAE)ના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ-નાહ્યાને પણ ટ્રમ્પને તેમની જીત પર અભિનંદન સંદેશ મોકલ્યો હતો. અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને મલેશિયા જેવા અન્ય મુસ્લિમ રાષ્ટ્રોએ પણ નવા અમેરિકન પ્રમુખને અભિનંદન આપ્યા છે. અફઘાનિસ્તાને આશા વ્યક્ત કરી હતી કે બંને દેશો વચ્ચેના સંબંધોમાં નક્કર પ્રગતિ થશે અને બંને દેશો પરસ્પર આદાનપ્રદાનને ધ્યાનમાં લઈને સંબંધોનો નવો અધ્યાય શરૂ કરી શકશે.

પ્રવક્તા અબ્દુલ કહારબલ્ખીએ જણાવ્યું હતું કે, એવી અપેક્ષા છે કે ટ્રમ્પ પ્રદેશ અને વિશ્વમાં, ખાસ કરીને ગાઝા અને લેબનોનમાં વર્તમાન યુદ્ધને સમાપ્ત કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવશે. અગાઉના ટ્રમ્પ વહીવટીતંત્ર દરમિયાન હસ્તાક્ષર કરાયેલ ૨૦૨૦ દોહા શાંતિ સમજૂતીની નોંધ તેઓએ લીધી હતી જેના લીધે અફઘાનિસ્તાનના ૨૦ વર્ષના "કબજા"નો અંત આવ્યો હતો, અને તેમણે કહ્યું કે, કાબુલને આશા છે કે વોશિંગ્ટનમાં ભાવિ વહીવટીતંત્ર વાસ્તવિક પગલાં લેશે. સંતુલિત વિદેશ નીતિ સાથે બંને દેશો વચ્ચે "નક્કર" વિકાસ થઈ શકે છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે યુએસ-પાકિસ્તાન ભાગીદારીને વધુ મજબૂત બનાવવા વિનંતી કરી છે. બાંગ્લાદેશની સંક્રમણકારી સરકારના વડા મુહમ્મદ યુનુસે પણ ટ્રમ્પને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા. મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે ટ્રમ્પની જીતને અદ્ભુત રાજકીય પુનરાગમન ગણાવતા કહ્યું હતું કે યુએસ એ મલેશિયાનો વિદેશી રોકાણનો સૌથી મોટો સ્ત્રોત છે અને એશિયા-પેસિફિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ છે અને મલેશિયાને આશા છે કે અમેરિકા દક્ષિણ-પૂર્વ એશિયા સાથેના તેના જોડાણને પુનઃજીવિત કરશે. જો કે, આમાંના મોટાભાગના અભિનંદન સંદેશાઓ એ નિયમિત રીતે આપવામાં આવતા સંદેશાઓ છે અને કોઈ પણ અમેરિકન વિદેશ નીતિના ભાવિ માર્ગની ચોક્કસ આગાહી કરી શક્યું નથી, કારણ કે બીજા ચાર વર્ષ સુધી તેમનું નેતૃત્વ એક એવા વ્યક્તિ દ્વારા કરવામાં આવશે, જે સામાન્ય રીતે વાસ્તવિક રાજકારણ અથવા મુદ્દાઓથી ડરતો નથી. પરંતુ તેની પોતાની નફાની ભાવનાથી મુસ્લિમ રાષ્ટ્રોના પ્રવાસીઓ પર મુસાફરી પ્રતિબંધ લાદી શકે છે, જેમ કે તેઓએ તેમના અભિયાન દરમિયાન વચન આપ્યું હતું અથવા મિશિગનમાં આરબ-અમેરિકન મુસ્લિમોને સંબોધિત કરતી વખતે ઝુંબેશ દરમિયાન આપેલા નિવેદનની જેમ તે ઇઝરાયેલને શસ્ત્રોનો પુરવઠો બંધ કરી શકે છે, પરંતુ ટ્રમ્પ અંગે તમે ખરેખર તેઓ શું કરશે તે તમે જાણી શકતા નથી.

**(લેખક આંતરરાષ્ટ્રીય અને વ્યૂહાત્મક બાબતો, પર્યાવરણીય મુદ્દાઓ પર નવી દિલ્હી સ્થિત વરિષ્ઠ કોમેન્ટેટર, ઈન્ટરફેથ પ્રેક્ટિશનર અને મીડિયા કન્સલ્ટન્ટ છે.)**

**- અસદ મિર્ઝા** (સૌ. : મુસ્લિમ મિરર)

# ૧૫ દિવસમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ જાહેર કરો, પંજાબને SCનો આદેશ

## પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૧૯ ઓકટોબરના આદેશને પડકારતી પંજાબની અરજી પર સુનાવણી કરતી વખતે બેન્ચે આદેશમાં આંશિક ફેરફાર કર્યો

(એજન્સી) તા.૧૨

સુપ્રીમ કોર્ટે પંજાબ સરકાર અને રાજ્ય ચૂંટણી પંચ (SEC)ને રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણી ૧૫ દિવસમાં સૂચિત કરવા અને સૂચનાના આઠ અઠવાડિયામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. સીમાંકનની નવી કવાયત હાથ ધર્યા વિના ૧૫ દિવસની અંદર તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીને સૂચિત કરવાના પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૧૯ ઓકટોબરના આદેશને પડકારતી પંજાબ સરકારની અરજી પર સુનાવણી કરતી વખતે, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ ઉજ્જલ ભુયાનની બેન્ચે આદેશમાં આંશિક ફેરફાર કર્યો હતો. તેમાં નોંધ્યું હતું કે રાજ્ય સરકારની બાકી સીમાંકન પ્રક્રિયા પરની નિર્ભરતા ખોટી હતી, કારણ કે વસ્તી અથવા મ્યુનિસિપલ સીમાઓમાં કોઈ નોંધપાત્ર ફેરફારો થયા નથી. મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજવા માટેનો સમય લંબાવતા, બેન્ચે કહ્યું કે રાજ્ય હાઈકોર્ટને અવમાનનાની કાર્યવાહી ટાળવા વિનંતી કરવા માટે સ્વતંત્ર છે. તેના ૧૯ ઓકટોબરના આદેશમાં, હાઈકોર્ટે પંજાબ સરકાર/SECને ૧૫ દિવસની અંદર પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને ૪૨ મ્યુનિસિપલ કાઉન્સિલ/નગર પંચાયતોની ચૂંટણીના સમયપત્રકને સૂચિત કરવા કહ્યું હતું. અમૃતસર, પટિયાલા,



જલંધર, ફગવાડા અને લુધિયાણાની મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી બે વર્ષથી પેન્ડિંગ હતી. વરિષ્ઠ વકીલ એ.એમ. સિંઘવી અને પંજાબના એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંઘ દ્વારા રજૂ કરાયેલ, પંજાબ સરકાર નગરપાલિકાઓ/ મ્યુનિસિપલ કાઉન્સિલ/મ્યુનિસિપલ કોર્પોરેશન/નગર પંચાયતોની ચૂંટણીમાં વિલંબ કરવા માંગતી હતી કારણ કે વોર્ડના સીમાંકન માટે બાકી રહેલી કવાયત પૂરી કરવા માટે તેને ૧૬ અઠવાડિયાની જરૂર હતી. જો કે, બેન્ચે કહ્યું, "સીમાંકનનો કોઈ પ્રશ્ન નથી. આજે અમે કંઈ કહેવા માંગતા નથી; અન્યથા તમે તમારી (પંજાબ સરકાર) વિરૂદ્ધ કડક કાર્યવાહીને આમંત્રણ આપશો. તમે પહેલા ચૂંટણી જાહેર કરો. તમારી વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટના બે ચુકાદા છે. કાયદો આદેશ આપે છે કે તમે કાર્યકાળ સમાપ્ત થાય તે પહેલાં પ્રક્રિયા શરૂ કરો.' જસ્ટિસ કાંતે કહ્યું,'પંચાયત ચૂંટણી માટે તમે ખૂબ જ ઉત્સુક છો પરંતુ નગરપાલિકાઓ માટે તમે કોઈ ને કોઈ બહાને વિલંબ કરવા માંગો છો,'. ખંડપીઠે રાજ્ય સરકારને બંધારણના અનુચ્છેદ ૨૪૩U(૩) હેઠળની તેની જવાબદારીઓ યાદ અપાવી હતી જેમાં ફરજિયાત છે કે નગરપાલિકાની રચના માટેની ચૂંટણી તેની પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં અથવા તેના વિસર્જનની તારીખઠી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં પૂર્ણ કરવી જોઈએ.. અગાઉ, પંચાયતો અને નગરપાલિકાઓ પર બંધારણની કલમ ૨૪૩E અને ૨૪૩U ટાંકીને; અને ન્યાયિક દાખલાઓ, હાઈકોર્ટે કહ્યું હતું કે સીમાંકન પ્રક્રિયા ચૂંટણી પ્રક્રિયામાં વિલંબનું કારણ બની શકે નહીં. હાઈકોર્ટે નોંધ્યું હતું કે,'બંધારણીય આદેશની આવશ્યકતા છે કે નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણીઓ કલમ ૨૪૩U (૩)(b) મુજબ તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં યોજવી જોઈએ. આ આદેશ અનુસાર, નગરપાલિકાઓની ચૂંટણીઓ થવી જોઈએ. આથી તેમની પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં પૂર્ણ કરવામાં આવે'.

# જામકંડોરણા અને ગોંડલમાં આગામી જાન્યુઆરી માસમાં સમૂહ શાદીનો કાર્યક્રમ

**● બે રાઉન્ડમાં કુલ ૫૦ જેટલા નવદંપતી નિકાહના પવિત્ર બંધનમાં જોડાશે ● ૧૮મી જાન્યુઆરીએ જામકંડોરણામાં અને ૧૯મી જાન્યુઆરીએ ગોંડલમાં સમૂહ શાદી કાર્યક્રમ યોજાશે**

રાજકોટ, તા.૧૨

ગોંડલ તાલુકાના જામકંડોરણા ખાતે જાન્યુઆરી મહિનામાં ભવ્ય જશ્ને સમૂહ શાદીનું શાનદાર આયોજન કરવામાં આવ્યું છે. બરેલી શરીફના ઈમામ અને સદીના મહાન મુજદ્દીદ અને એહલે સુન્નત જમાતના ઈમામ શાહ અહેમદ રઝા ખાન ફાઝિલે બરેલી (ર.અ.)ના ૧૦૬માં ઉર્સ મુબારકની પૂર્ણાહુતિની ખુશાલીના મોકા પર નુરી સોશિયલ ગ્રુપના હાજી અમીન હાજી અ.રજાક કુડીયા ફેમીલી તરફથી ૧૦૬ જશ્ને શાદીનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૫ શનિવારના રોજ જામકંડોણા ખાતે પહેલા રાઉન્ડની સમૂહ શાદીમાં ૨૫ જેટલા નવયુગલ પવિત્ર નિકાહના બંધનમાં બંધાશે જયારે તારીખ ૧૯ જાન્યુઆરી રવિવાર ૨૦૨૫ના રોજ બીજા રાઉન્ડમાં પણ ૨૫ નવદંપતી શાદીના પવિત્ર બંધનમાં જોડાશે. બીજો રાઉન્ડ ગોંડલ ખાતે યોજાનાર છે તેવું ગ્રુપની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે. બંને રાઉન્ડના ફોર્મ ભરવાની તા.૧૮ નવેમ્બર ૨૦૨૪થી શરૂ થઈ જશે તેમ એક યાદીમાં જણાવ્યું છે. જામકંડોરણા ખાતે સમૂહ શાદીમાં ભાગ લેવા ઈચ્છુક લોકો હનીફભાઈ મચ્છીવાળાનો મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી શકશે. જયારે ગોંડલના રાઉન્ડમાં ભાગ લેવા માટે આસિફભાઈ જકરીયાનો મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી શકાશે. હાલની અસહ્ય મોંઘવારીના જમાનામાં દીકરા દીકરીના લગ્ન કરવાનું વાલીઓ માટે કેટલું બધું મુશ્કેલ કાર્ય છે એ બધા સમજી શકે છે એટલે ધ્યાનમાં રાખીને સામાન્ય અને ગરીબ પરિવારની દીકરીઓ પણ સન્માન સાથે લગ્ન બંધનમાં બંધાય અને પોતાના નવા જીવનનો પુરા સન્માન અને માન સાથે પ્રારંભ કરી શકે એવા ઉમદા આશયથી નુરી સોશિયલ ગ્રુપ દ્વારા અભૂતપૂર્વ આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા માટે તમામ સુન્ની મુસ્લિમ બિરાદરોને અપીલ કરવામાં આવી છે.

# પરિક્રમા રૂટ પર સિંહ અને દીપડા દેખાતાં યાત્રિકોમાં ભય

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૨

ગરવા ગિરનારની લીલી પરિક્રમામાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઊમટી પડ્યો છે અને એક દિવસ વહેલી શરૂ થયેલી પરિક્રમામાં લાભ લેતા ભાવિકો પરિક્રમા રૂટ ઉપર રવાના થયા છે. તે દરમ્યાન મોડી રાત્રીના પરિક્રમાના રૂટ પર રાવટી નં-૧૧ અને ૧૨ની વચ્ચે જંગલ તરફ ઝાડી-ઝાંખરામાં એક સિંહ અને બે દીપડા દેખાયા હોવાની વાત અમુક યાત્રિકોએ જણાવી હતી અને જેને લઈને તાત્કાલિક વનવિભાગને જાણ થતાં ટ્રેકર ટીમ બનાવના સ્થળે પહોંચી હતી. વન્ય પ્રાણીઓ જંગલમાં જતાં રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# પરિક્રમામાં આવેલા ત્રણ યાત્રિકોના હાર્ટ-એટેકથી મોત

(સંવાદદાત દ્વારા)

જૂનાગઢ, તા.૧૨

ગરવા ગિરનારની લીલી પરિક્રમા એક દિવસ વહેલી એટલે કે ગઈકાલે સવારે ૬ કલાકે પ્રારંભ થઇ ગયો હતો અને રાત સુધીમાં ત્રણેક લાખ યાત્રિકોએ પ્રવેશ કરી દીધો હતો. દરમ્યાન પરિક્રમામાં આવેલા ત્રણ યાત્રિકોને હાર્ટ-એટેક આવતા મૃત્યુ નિપજ્યું હતું. જેમાં માળવેલા ઘોડી પાસે રાજકોટના મહેશ રૂડાભાઈ (ઉ.વ.૬૪)ને તેમજ આગળ જતાં જસદણના પરઘોત જગદિશભાઈ ભોજાણી (ઉ.વ.૫૦) નામના વ્યક્તિને હાર્ટ-એટેક આવતા તેમના સ્થળ ઉપર જ મૃત્યુ થયા હતા. તળેટીમાં કડિયા સમાજની વાડી પાસે હીરાભગતની જગ્યા પાસે અમરસરના રહેવાસી હમીર સોઢાભાઈ લમકા (ઉ.વ.૬૫)નું મૃત્યુ થયું હતું.

# ડીસા નગરપાલિકા દ્વારા ગેરકાયદે દબાણો દૂર કરવાની કાર્યવાહી


(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૨

ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ઠેરઠેર ગેરકાયદેસર દબાણોનો રાફડો ફાટયો હતો અને રોડ રસ્તાઓ સાંકડા બની જતાં વાહનચાલકો અને રાહદારીઓ સહિત સિનિયર સિટીઝનો, શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રોજબરોજ અવરજવર કરવા ભારે ટ્રાફીક જામ વચ્ચે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો ત્યારે ડીસા નગરપાલિકાના પ્રમુખની સુચનાના પગલે ચીફ ઓફિસર ગૌરાંગ પટેલ સહિત દબાણ શાખાના ચેરમેનના માર્ગદર્શન હેઠળ ડીસા નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ડીસા જલારામ સર્કલ પાસે પ્રાંત ઓફીસની સામે નાસ્તાના સ્ટોલના દબાણો દૂર કરાયાં બાદ પશુ બજાર વિસ્તારમાં આવેલ વિ. જે. પટેલ શાકમાર્કેટની સામે દુકાનોની બહાર ઉભી રહેતી લારીઓ દુર કરવામાં આવી હતી. સાથે મોબાઈલના દુકાનદારો દ્વારા દુકાનોની બહાર મુકાતા બોર્ડ પાલિકા દ્વારા કબ્જે લેવામાં આવ્યા હતાં જયારે લાયન્સ હોલ નીચે સ્ટેશનરીના દુકાનદારોએ દુકાનોની બહાર માલસામાન સહિત દુકાનોના બોર્ડ મુકીને રાહદારી રસ્તો સાંકડો કરવામાં આવ્યો હતો ત્યારે આજે પાલિકાના દબાણ અધિકારી મનોજ પટેલ સહિત સેનીટેશન ક્લાર્ક દેવરામભાઈ પરમાર સહિત કર્મચારીઓ દ્વારા તમાંમ દુકાનોના બોર્ડ કબ્જે કરી શાકભાજીની લારીઓ દુર કરાવી હતી અને ફરીથી ગેરકાયદેસર દબાણો નહી કરવા માટે દબાણકારોને કડક સુચનાઓ આપવામાં આવી હતી ત્યારે ઘણા સમય બાદ પાલિકા દ્વારા આજે દબાણ હટાવ ઝુંબેશની શરૂઆત કરાતાં શહેરમાં ગેરકાયદેસર દબાણો કરતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો. જયારે ગેરકાયદેસર દબાણો સાથે રેસીડેન્સી એરિયામાં કોમર્શિયલ શોપિંગ સેન્ટરોમાં નકશા વિરૂદ્ધનું બાંધકામ કરી દબાણો કરતાં દબાણકારો સામે પણ કડક કાર્યવાહી કરવી જરૂરી છે. તેમ શહેરીજનોએ જણાવી દબાણ ઝુંબેશ કાયમ ચાલુ રાખવાની માંગ પણ કરી હતી.

# અંકલેશ્વર હાંસોટ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલનું સન્માન કરાયું


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વર હાંસોટ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ગુજરાત સરકાર દ્વારા એપ્રિલ ૨૦૦૫ પહેલા સેવામાં જોડાયેલા સરકારી કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાનો અમલ કરવામાં આવતા અંકલેશ્વર હાંસોટ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો દ્વારા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું ૧ એપ્રિલ ૨૦૦૫ પહેલા સેવામાં જોડાયેલા સરકારી કર્મચારીઓ માટે ગુજરાત સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાનો અમલ કરવામાં આવતા કર્મચારી આલમમાં ખુશીનો માહોલ સર્જાયો હતો ,રાજ્ય સરકાર દ્વારા આ પેન્શન યોજનાનો અમલ કરવામાં આવતા ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ નિલેશ પટેલ. હાંસોટ તાલુકા પ્રાથમિક સંઘના પ્રમુખ રાજેન્દ્ર પટેલ, મંત્રી ભાવેશભાઈ, જિલ્લા કારોબારી સભ્ય દિપક સોલંકી, અંકલેશ્વર તાલુકા પ્રાથમિક સંઘના પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી ધર્મેન્દ્ર મહિડા સહીતના શિક્ષકો દ્વારા પંડવાઈ સુગર ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલનું મુલાકાત લીધી હતી અને પુષ્પગુચ્છ દ્વારા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલનું સન્માન કરી મોઢું મીઠું કરાવી આભાર વ્યક્ત કર્યો ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલે પણ આ તબક્કે તમામ શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી અને વર્ષ ૨૦૦૫ પછી ના સરકારી કર્મચારીઓ માટે પણ સરકાર ટૂંક સમય માં નિર્ણય લેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# અમરેલીની શાંતા બા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દર્દીઓને ભારે હાલાકી

**તાત્કાલિક સારવાર વિભાગનો રૂમ માત્ર ૧૦ ફૂટનો હોવાથી દર્દીઓ પરેશાન**


(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી, તા.૧૨

અમરેલી શાંતા બા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાત્કાલિક સારવાર માટે માત્ર બે દર્દીઓ જ ઈમરજન્સી સારવાર લઈ શકે તેટલી ટુંકી જગ્યા હોવાથી અન્ય દર્દીઓને ડ્રેસિંગ કે સારવાર માટે રાહ જોવી પડે છે જેના કારણે દર્દીઓને કણસતી હાલતમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે, જ્યારે કોઈ મોટો અકસ્માત કે કોઈ દુર્ઘટના બને તો મોટા પ્રમાણમાં ઈજાગ્રસ્તો સારવાર અર્થે આવે છે જેમને તાત્કાલિક સારવાર વિભાગ બહાર રાહ જોવી પડે છે. પરંતુ તાત્કાલિક સારવાર વિભાગ માત્ર દસ ફૂટનો રૂમ હોવાથી દર્દીઓ સારવાર વાંકે કણસતા હોય છે. સરકારે શાંતા બા મેડિકલ કોલેજની મંજૂરી આપ્યા બાદ હોસ્પિટલ પણ સરકારી નિયમો મુજબ સંચાલન કરવા ટ્રસ્ટને હતી. ટ્રોમા સેન્ટરમાં તાત્કાલિક સારવાર માટે દર્દીઓને પૂરતી સુવિધા સાથે સારવાર કરવા શાંતા બા કોલેજ અને હોસ્પિટલ પાસે કોઈ જગ્યાની વ્યવસ્થા ના હોઈ ત્યારે કોઈ મોટી દુઘર્ટના કે અકસ્માતના કેસ આવે તો ટ્રસ્ટ દ્વારા કઈ રીતે સારવાર આપશે જો આવા સમયે એક દર્દીની સારવાર પછી બીજા દર્દીને સારવાર માટે રૂમમાં લેવાય છે ત્યારે કોઈ દર્દીઓની હાલત ગંભીર હોઈ અને તેમને જગ્યાના અભાવે સારવાર માટે રાહ જોવી પડે અને એવા સમયે દર્દીનું મૃત્યુ થાય તો તેની જવાબદારી કોની રહશે..? તેવો પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. અહીં તાત્કાલિક સારવાર માટે પૂરતા પ્રમાણમાં મેડિકલ સાધનો દવાઓ તેમજ સ્ટાફ પણ નથી ત્યારે સરકારે આ બાબતે નોંધ લઈ સરકારે ટ્રસ્ટ સાથે કરેલ એમ.ઓ.યુ.ના નિયમો પ્રમાણે કઈ કામગીરી થાય છે કે નહિ તેની પણ તપાસ કરવી જરૂરી છે.

## પૂર્વ કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ઉપસ્થિતિમાં

# વૌઠા ખાતે લોકમેળાનું ઉદ્‌ઘાટન


( તસવીર : મોહંમદી કાંટાવાલા, ધોળકા )

ધોળકા, તા. ૧૨

અમદાવાદ જિલ્લાનાં ધોળકા તાલુકાના વૌઠા ગામ ખાતે સાબરમતી, હાથમતી, મેશ્વો, ખારી, વાત્રક, શેઢી અને માઝુમ એમ સાત નદીઓનો સંગમ થાય છે. આ સાત નદીઓના સંગમ સ્થળે દર વર્ષે ધાર્મિક લોક મેળાનું આયોજન કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી થાય છે. પાંચ દિવસ દરમિયાન ધોળકા અને આજુબાજુના લોકો નદીના પટમાં તંબુ બાંધીને સળંગ પાંચ દિવસ મેળો માણે છે. પૂનમે દરેક તંબુમાં અજાણ્યા મહેમાનો માટે લાડુ બનાવી દિવસભર પ્રસાદ આપી આનંદ માણવામાં આવે છે. ખાવાપીવા, પ્રદર્શનો, સરકસ, મોતનો કુવા ઉપરાંત આનંદ-પ્રમોદની વ્યવસ્થા હોય છે. જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયત બે મહિના પહેલા તૈયારી કરે છે. તા. ૧૨ નવેમ્બરથી તા. ૧૭ નવેમ્બર સુધી ચાલનારા વૌઠાનાં આ ભાતીગળ લોક મેળાનો આજે ઉદ્‌ઘાટન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ, ધોળકાના ધારાસભ્ય કીરીટસિંહ ડાભી, માતરના ધારાસભ્ય કલ્પેશભાઈ પટેલ, અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ હર્ષદગીરી ગોસ્વામી, મહેન્દ્રસિંહ મંડોરા, સરપંચ, ઉપસરપંચ, વૌઠા ગામ પંચાયતનાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધોળકા શહેર અને તાલુકા ભાજપના સંગઠનના હોદ્દેદારો, ધોળકા તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તથા અન્ય વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ગુજરાત રિફાઈનરીમાં વિવિધ પ્રોડક્ટ્સ સ્ટોર કરવા નાની-મોટી ૨૦૦ સ્ટોરેજ ટેન્ક

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

ગુજરાત રિફાઈનરીની બેન્ઝિન ટેન્ક જ્યાં આવેલી છે તે જગ્યા ટેન્ક ફાર્મ તરીકે ઓળખવામાં આવે છે. તેની આસપાસ પણ બે થી ત્રણ સ્ટોરેજ ટેન્ક હોઈ શકે છે. રિફાઈનરીના એક પૂર્વ અધિકારીએ વાતચીતમાં કહ્યું હતું કે, ધડાકા સાથે આગ લાગ્યા બાદ સ્ટોરેજ ટેન્ક પર સતત પાણી અને કેમિકલ ફોમનો મારો ચલાવતો રાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રિફાઈનરીમાં પેટ્રોલ ડિઝલ, બિટુમીન, કોક, પ્રોપેલિન, એલએ બી જેવી ઘણી પ્રોડક્ટસ બને છે. અલગ અલગ પ્રોડકટસ અને તેનું રો મટિરિયલ સ્ટોર કરવા માટે નાની મોટી ૨૦૦ જેટલી સ્ટોરેજ ટેન્કો છે.કારણકે રિફાઈનરીમાં જોકે આ ટેન્કો રિફાઈનરીના સંકુલમાં અલગ અલગ ઠેકાણે છે. અત્યારે તો જે ટેન્કમાં આગ લાગી છે તેની આસપાસની બે કે ત્રણ ટેન્ક પર અસર ના થાય તે બાબતને પ્રાથમિકતા આપવામાં આવી રહી હશે. જો સ્ટોરેજ ટેન્ક ૧૦૦૦ કિલો લીટર ક્ષમતાની હોય તો મારા અનુમાન પ્રમાણે આઠ થી દસ કલાકમાં આગ કાબૂમાં આવી જવી જોઈએ. રિફાઈનરીને બેન્ઝિનનો સપ્લાય હરિયાણાની પાણીપત રિફાઈનરીથી મળે છે. રોજ સરેરાશ પાંચ થી ૬ ટેન્કર રિફાઈનરીને મળે છે. જોકે ટેન્ક ફાર્મમાં દિવસમાં એકાદ વખત સેમ્પલ લેવા જવા સિવાય કર્મચારીઓની અવર જવર ઓછી હોય છે અને તેના કારણે જ વધારે ખુવારી થતા રહી ગઈ છે.

## અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બનેલ ઘટના બાદ પૂર્વ સાંસદ વીરજી ઠુમ્મર દ્વારા

# રાજ્યની તમામ ખાનગી મોટી હોસ્પિટલો સાથે ચાલતા મેડિકલ સ્ટોરના કૌભાંડની તપાસ કરવા માંગ

**અમદાવાદ, રાજકોટ, વડોદરા, જામનગર, ભાવનગર, જૂનાગઢ, સુરત અને જિલ્લા મથકો તથા મોટા તાલુકામાં ટ્રસ્ટોના નામે મોટી હોસ્પિટલો સ્થાપીને ધંધાદારી પ્રવૃત્તિ શરૂ થઈ હોવાનો ઠુમ્મરનો આક્ષેપ**

અમેરલી, તા.૧૨

અમદાવાદની ડોક્ટરનો મોટો સ્ટાફ ધરાવતી ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીઓના મોત નિપજયા હોવાના સમાચાર પ્રસિદ્ધ થતા પૂર્વ સાંસદ અને ધારાસભ્ય તરીકે ફરજો બજાવી ચૂકેલા વીરજીભાઈ ઠુમ્મરે એક પ્રેસ નિવેદન કરી જણાવ્યું હતું કે આવા તો અનેક કૌભાંડો ચાલી રહ્યા છે સસ્તી દવા મોંઘા ભાવથી દર્દીઓને પરાણે આપવી પોતાના જ મેડિકલ સ્ટોર પ્રોપોગંડા ઉપર દવાની કંપનીઓ સાથે ખાનગી કરાર કરીને ૫૦ ટકાથી વધારે કમિશન મેળવીને ચાલતી રાજ્યમાં અનેક હોસ્પિટલો છે સારી હોસ્પિટલો પણ હશે સારા ડોક્ટર પણ હશે પરંતુ અમુક ડોક્ટર માત્ર ધંધાદારી ડોક્ટર બની ગયા છે ડોક્ટર તરીકેની ડિગ્રી પ્રાપ્ત કરી મોટી ફી ભરીને ડોક્ટર બન્યા બાદ દર્દીઓની સાચી ટ્રીટમેન્ટ આપવાને બદલે પોતાનો ધંધો કેમ ફૂલે ફાલે તે પ્રકારની પ્રવૃત્તિ ગુજરાતમાં વર્ષોથી ચાલી રહી છે અમદાવાદમાં બનાવ બન્યો છે સરકારની થોડી ઘણી આંખ ઉઘડી છે હું માગણી કરૂં છું કે માત્ર અમદાવાદમાં નહીં અમદાવાદ, રાજકોટ, વડોદરા, જામનગર, ભાવનગર, જુનાગઢ, સુરત અને જિલ્લા મથકે મોટા તાલુકામાં તેમ જ ટ્રસ્ટોના નામે મોટી હોસ્પિટલો સ્થાપીને ધંધાદારી પ્રવૃત્તિ શરૂ થઈ છે સરકારની યોજનાનો લાભ લઈને કોઈને ઓપરેશન કરવાનું થતું હોય કે ના હોય દર્દીને ડરાવીને ઓપરેશન કરાવડાવીને સરકારના તિજોરીના પૈસા સાફ કરી રહ્યા છે તેવી તમામ હોસ્પિટલો પોતાના કેટલા મેડિકલ સ્ટોર છે કઈ કંપનીની દવા વાપરે છે એ કંપનીની દવા કેટલામાં તેને આપવામાં આવે છે અને ડોક્ટરને કેટલું કમિશન ચૂકવાય છે તેની તમામ તપાસ કરીને દર્દીઓને આવી ખોટી દવા અપાય છે કે કેમ જે દવાની ખરેખર શું કિંમત છે અને દર્દીને શું ભાવે મળી રહી છે તેમાં ડોક્ટરને કેટલું કમિશન ચૂકવાય છે તે તમામ બાબતની તપાસ કરવામાં આવે તેવી વીરજીભાઈ ઠુમ્મરે માગણી કરી હતી

# દિવાળીપુરા કોર્ટ સંકુલમાંથી કોપરના વાલ્વની ચોરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૨

તસ્કરો એટલી હદે બેફામ બની ગયા છે કે તેમને કોઈનો ડર રહ્યો નથી. જૈન દેરાસર, મંદિર, ચર્ચ બાદ હવે કોર્ટને પણ નિશાન બનાવતા થઈ ગયા છે. દિવાળીપુરા ખાતે આવેલી કોર્ટમાં રાત્રિના સમયે જુના એડવોકેટ હાઉસ પાસેથી તસ્કરો ફાયર ફાઈટર્સના પાણી ખોલવાનો કોપરનો ?૧૨ હજારનો વાલ્વ કાપીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કઈ તૂટવાનો અવાજ આવતા સિક્યુરિટી દોડી ગયા પરંતુ તસ્કરો ફરાર થઈ ગયા હતા. જિલ્લા ન્યાયાધીશના હુકમથી રજીસ્ટ્રારે અકોટા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

## દર્દીના પરિવારજનોને ભારે અગવડતા પડતાં

# સુરત સિવિલ હોસ્પિટલ બહાર લારી-ગલ્લાઓનું દબાણ દૂર કરાયું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

સુરત શહેરનાં રિંગરોડ પર આવેલા સિવિલ હોસ્પિટલના મેઈન ગેટ પાસે લારી-ગલ્લાઓનાં દબાણને કારણે છાશવારે દર્દીઓ અને પરિજનોને હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે. જેને પગલે આજે વધુ એક વખત મહાનગર પાલિકા દ્વારા સિવિલની બહાર ન્યુશન્સ રૂપ લારી-ગલ્લાઓનું દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરી હતી. જેને કારણે દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. શહેરનાં મજુરા ગેટ ખાતે આવેલી સિવિલ હોસ્પિટલમાં પ્રતિદિન સેંકડો દર્દીઓ પોતાના બિમારીનો ઈલાજ કરાવવા માટે આવતાં હોય છે. જો કે, સિવિલ હોસ્પિટલની બહાર જ મેઈન રોડ પર છેલ્લા ઘણા સમયથી ખાદ્ય પદાર્થો અને ગુટખા સહિતની સામગ્રીનું વેચાણ કરતી લારી-ગલ્લાઓનાં દબાણને કારણે ભારે અરાજકતાના દશ્યો જોવા મળતાં હોય છે. સિવિલનામુખ્ય ગેટની બહારના ભાગે જ લારી-ગલ્લાઓના દબાણને કારણે ઘણી વખત દર્દીઓ અને તેમના પરિજનોને પણ અગવડતાનો સામનો કરવો પડતો હોય છે. આ સ્થિતિને પગલે આજે વધુ એક વખત સુરત મહાનગર પાલિકાના દબાણ વિભાગ દ્વારા આ વિસ્તારમાં આવેલ લારી-ગલ્લા સહિતનાં દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેને પગલે હાલના તબક્કે દર્દીઓ અને સિવિલના વહીવટી તંત્રે પણ રાહતનો શ્વાસ લીધો છે.


**PUBLIC NOTICE**

PARASARA SAMINABEN AYUBBHAI or PARASARA SAMINABANU AYUB named both person are same.
Resi. : Sindhavadar, Wankaner, Morbi.



**GUJARAT STATE WAQF BOARD**
**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**
Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Wakf Act, 1995 (Central Act - 43 of 95)

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર
Dr. jivrajbhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફ/અધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬
વિષય : **"નોબલ વેલ્ફેર ટ્રસ્ટ"**
ઉપરોકત જણાવેલ વકફના મુતવલ્લી **મહેબુબ હબીબ પલ્લા મુ.પો. અડાજણ પાટિયા,** જિ.સુરતનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત/જંગમ મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો/ઠે | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | જંગમ મિલ્કત |
|---|---|---|---|
| મુ.પો.અડાજણ પાટિયા, | તા. સુરત, જિ. સુરત. | જંગમ મિલ્કત | રૂા.૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) વકફ ખત દ્વારા રજુ કરેલ છે. |

ઉકત જણાવેલ વાકિફે વકફ કરેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉકત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792
રજિ.ઓફિસ : કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨
IDFC FIRST Bank

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૨૮૦૯૨૭.૩૮/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૨-જૂન-૨૦૨૧ | ૨૬૬૯૧૨૮૦ | રોહિતકુમાર ધીરજલાલ ચૌહાણ અને ભાવિકાબેન રોહિતભાઈ ચૌહાણ | ભા. રૂા. ૩૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૩૦૦૦૦.૦૦/- | ૩૦-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૯-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૨-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : શ્રી દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ રેસિડેન્શિયલ મિલકત સબ પ્લોટ નં.૧૦૨-૧૦૫/૧૦, જમીન ક્ષેત્રફળ ૬૬.૯૮ ચો.મી. પ્લોટ નં.૧૦૨થી ૧૦૫, વિસ્તાર નામે 'જાડેશ્વર પાર્ક' તરીકે જાણીતું સ્થિત અત્રે હડાલા, રેવન્યુ સર્વે નં.૨૩૦ પૈકી, તા. ટંકારા, જિ. રાજકોટ, ગુજરાત અને આ મુજબ ખૂંટ : ઉત્તર : પ્લોટ નં.૧૦૬, વ્યક્તિગત દિવાલ, દક્ષિણ : સબ પ્લોટ નં.૧૦૨થી ૧૦૫/૯, દિવાલ સાથે, પૂર્વ : પ્લોટ નં.૮૮થી ૯૧ અને પશ્ચિમ : ૭-૫૦ મી. રોડ | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૬૨૫૦૭૮.૦૫/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૨-જૂન-૨૦૨૧ | ૨૬૬૯૨૪૯૪ | મુનાભાઈ ધીરૂભાઈ વરૂ અને જીતુબેન મુનાભાઈ વરૂ | ભા. રૂા. ૨૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૨૦૦૦૦.૦૦/- | ૩૦-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૯-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૨-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : શ્રી દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ સ્થાવર મિલકત ધરાવતા હડાલા રેવન્યુ સર્વે નં.૧૬૯, પ્લોટ નં.૩૬થી ૪૦, સબ પ્લોટ નં.ડી-૩ ક્ષેત્રફળ ૫૫.૭૮ ચો.મી. સ્થિત અત્રે જીવનધારા રેસિડેન્સી, આસોપાલવ રેસિડેન્સી, ગામ હડાલા, મોરબી હાઈવે, જિ. રાજકોટ, અને આ મુજબ ખૂંટ : પૂર્વ : ૧૦.૫૦ મી. પહોળો રોડ, પશ્ચિમ : અન્યની મિલકત, ઉત્તર : અન્યની મિલકત, દક્ષિણ : અન્યની મિલકત | | | | | | | | | |
| 3 | ભા.રૂ.૩૭૧૫૭૦૦.૨૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૯-ઓક્ટોબર-૨૦૧૯ | ૪૯૨૫૮૩૯ અને ૪૯૬૪૦૦૦ | જલારામ પરોઠા હાઉસ, શ્રી જાનમોહમ્મદ ડી.પ્રેમાણી, શ્રી સની જાનમોહમ્મદ પ્રેમાણી, શ્રીમતી નરમીન સની પ્રેમાણી, શ્રી મિલન જે. પ્રેમાણી અને શ્રીમતી નસીમ જાનમોહમ્મદ પ્રેમાણી | ભા. રૂા. ૧૦૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૧૦૦૦૦૦.૦૦/- | ૩૦-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૯-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૨-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : શ્રી દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ સમાવિષ્ટ મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ મિલકતની કોમર્શિયલ ઓફિસ નં.૩૧૦, ત્રીજો માળ, કાર્પેટ એરિયા ૩૬૯-૧૫ ચો.ફૂટ એટલે કે ૩૪-૨૯૫ ચો.મી. અને બિલ્ટ અપ એરિયા ૪૦૬-૦૬૫ ચો.ફૂટ એટલે કે ૩૭-૭૨૪ ચો.મી. 'બિઝનેસ ટર્મિનલ' સ્થિત અત્રે જગનાથ પ્લોટનો કોર્નર ગલી નં.૧, રાજકોટ સિટી સર્વે વોર્ડ નં.૧૪, શીટ નં.૧૫૯, સિટી સર્વે નં.૨૦૫૫-૫૬ સબ જિ. અને જિ. રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ | | | | | | | | | |
| 4 | ભા.રૂ.૯૧૦૮૪૨.૩૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૨-મે-૨૦૧૯ | ૧૪૦૯૨૧૬૨ | અનિલભાઈ શ્રીકૃષ્ણા ત્યાગી અને આરતી અનિલ ત્યાગી | ભા. રૂા. ૫૦૦૦૦૦.૦૦/- | ભા. રૂા. ૫૦૦૦૦.૦૦/- | ૩૦-નવે-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૯-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૨૨-નવે-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : શ્રી દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ મિલકત ધરાવતા બ્લોક નં.એફ, ગુંડાસરા, હરસિદ્ધિ પાર્ક, પ્લોટ નં.૧૯૮થી ૨૦૩, રાજકોટ, ગોંડલ, ગુજરાત-૩૬૦૩૧૧ | | | | | | | | | |

ડિસ્કલેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)
તારીખ : ૧૩-૧૧-૨૦૨૪

# કામિલ અને ફાઝિલ અભ્યાસક્રમો અંગે અનિશ્ચિતતા વચ્ચે ઉત્તરપ્રદેશમાં ઉચ્ચ શિક્ષણ મદ્રેસાના ૩૭,૦૦૦ વિદ્યાર્થીઓના ભાવિ પર જોખમ

(એજન્સી) લખનૌ, તા.૧૨

ઉત્તરપ્રદેશના મદ્રેસામાં અમુક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૩૭,૦૦૦ વિદ્યાર્થીઓનું ભાવિ હવે જોખમમાં છે, કારણ કે મદરેસાના યુપી બોર્ડ દ્વારા મંજૂર કરાયેલા કામિલ અને ફાઝિલના ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો ગંભીર પડકારોનો સામનો કરી રહ્યા છે. ૫ નવેમ્બરે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદામાં ઉત્તરપ્રદેશ મદ્રેસા એજ્યુકેશન બોર્ડ એક્ટ ૨૦૦૪ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું. જો કે, તેની સાથે, કોર્ટે ઉત્તરપ્રદેશમાં મદ્રેસાઓ દ્વારા આપવામાં આવતી કામિલ અને ફાઝિલ ડિગ્રીને અમાન્ય જાહેર કરી હતી. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત મદ્રેસાઓ કામિલ અને ફાઝિલ જેવી ઉચ્ચ શિક્ષણની ડિગ્રીઓ આપી શકતા નથી, કારણ કે આ ડિગ્રીઓ ગેરબંધારણીય છે અને તે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC) એક્ટની વિરૂદ્ધ હોવાનું માનવામાં આવે છે. આ ચુકાદો યુપી મદ્રેસા એજ્યુકેશન બોર્ડના કાયદાને માન્ય કરે છે, મદ્રેસાઓને તેમની કામગીરી અને શિક્ષણ ચાલુ રાખવાની મંજૂરી આપે છે, પણ તે કામિલ અને ફાઝિલ અભ્યાસક્રમોના ભાવિ અંગે અનિશ્ચિતતા દર્શાવે છે. આ કાર્યક્રમોને અગાઉ મદરેસા શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા આપવામાં આવી હતી, તે હવે તે કરી શકાશે નહીં, અને આ અભ્યાસક્રમોમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ હવે અનિશ્ચિત ભવિષ્યનો સામનો કરી રહ્યા છે. હાલમાં લગભગ ૧૬,૪૬૦ મદ્રેસાઓ યુપી મદ્રેસા શિક્ષણ બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત છે, તેમાંથી ૫૬૦ રાજ્ય સરકાર પાસેથી નાણાકીય સહાય મેળવે છે. આ મદ્રેસાઓ હાઈસ્કૂલ (મુનશી-મૌલવી), મધ્યવર્તી (આલિમ), અંડરગ્રેજ્યુએટ (કામિલ) અને અનુસ્નાતક (ફાઝિલ) સ્તરની સમકક્ષ અભ્યાસક્રમો પ્રદાન કરે છે. જો કે, કામિલ અને ફાઝિલ ડિગ્રીઓને યુજીસી દ્વારા માન્યતા આપવામાં આવી નથી. જો કે, અગાઉ યુપી મદ્રેસા શિક્ષણ બોર્ડ હેઠળના મદ્રેસાઓમાં શિક્ષકની ભરતી માટે અ ડિગ્રીઓ સ્વીકારવામાં આવી હતી. હાલમાં કામિલ પ્રોગ્રામના પ્રથમ, બીજા અને ત્રીજા વર્ષમાં અંદાજે ૨૮,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જ્યારે લગભગ ૯,૦૦૦ વિદ્યાર્થીઓ ફાઝિલ પ્રોગ્રામના પ્રથમ અને બીજા



વર્ષમાં છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અનિશ્ચિત બની ગયું છે. જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા અને નોકરી મેળવવાની આશા સાથે કામિલ અને ફાઝિલ અભ્યાસક્રમો કરી રહ્યા છે તેઓ હવે મૂંઝવણમાં છે. જો તેઓ જાણતા હોત કે યુપી મદ્રેસા એજ્યુકેશન બોર્ડ દ્વારા ઓફર કરવામાં આવેલી આ ડિગ્રીઓ માન્ય નથી, તો તેઓએ આ રસ્તો અપનાવ્યો ન હોત. આમાંના ઘણા વિદ્યાર્થીઓ દેશના અંતરિયાળ વિસ્તારોમાંથી મદ્રેસામાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે આવે છે, પરંતુ હવે તેમનું શિક્ષણ જોખમમાં છે. તેમનું ભવિષ્ય અનિશ્ચિત છે અને વિદ્યાર્થીઓની આ પરિસ્થિતિ માટે કોઈ જવાબદારી લેતું નથી. યુપી મદ્રેસા શિક્ષણ બોર્ડ અને ઉત્તરપ્રદેશ સરકાર માટે હવે આગળ વધવું જોઈએ અને આ તોળાઈ રહેલી કટોકટીનો ઉકેલ શોધવાનું તેમના માટે નિર્ણાયક છે, જેથી આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં ન આવે અને તેઓ તેમનું શિક્ષણ ચાલુ રાખી શકે. યુપી મદ્રેસા એજ્યુકેશન બોર્ડના રજિસ્ટ્રાર આર.પી. સિંહે કહ્યું કે, અમે અત્યારે આ બાબતે કોઈ ટિપ્પણી કરી શકતા નથી. અમે સરકારના નિર્દેશોની રાહ જોઈ રહ્યા છીએ. સૂચના મળ્યા પછી જ અમે કોઈ નિવેદન આપી શકીએ છીએ. યુપી લઘુમતી કલ્યાણ વિભાગના ડાયરેક્ટર જે. રીભાએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના નિર્ણય સાથે સંબંધિત એક પ્રસ્તાવ સરકારને મોકલવામાં આવ્યો છે. અમે આ મુદ્દે કાયદાકીય વિભાગ સાથે પણ ચર્ચા કરીશું. હાલમાં અમે વધુ કોઈ ટિપ્પણી કરી શકતા નથી.

# 'માત્ર વફાદારીને ધ્યાનમાં લેવી જોઈએ નહીં' : અભિષેક બેનરજીએ મમતાને TMCમાં ફેરબદલ અંગે રજૂઆત કરી

## અભિષેક બેનરજીએ જણાવ્યું હતું કે CPI (M) એ સૌથી મોટું ઉદાહરણ છે કે જો કોઈ પક્ષ માત્ર વફાદારી પર ધ્યાન કેન્દ્રિત કરે અને પ્રદર્શન પર નહીં તો તેને ખરાબ અસર થાય છે

(એજન્સી) કોલકાતા, તા.૧૨

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ પક્ષમાં યુવા લોકોને મહત્વ આપવાની અને નવી ભૂમિકાઓ આપવાની હિમાયત કર્યા પછી, તેમણે પક્ષના સંગઠનમાં એવા ફેરબદલની ભલામણ કરી છે જેમાં માત્ર વફાદારી જ નહીં પરંતુ પ્રદર્શન માટે પણ યોગ્ય પદ આપવું જોઈએ. તૃણમૂલ કોંગ્રેસના મહાસચિવ અભિષેક બેનર્જી ગુરૂવારે કોલકાતામાં તેમના જન્મદિવસની ઉજવણી માટે ડાયમંડ હાર્બર પહોંચ્યા ત્યારે પાર્ટી સમર્થકોને મળ્યા હતા. ૩૭ વર્ષીય અભિષેકે પત્રકારોને જણાવ્યું હતું કે તેમણે મુખ્યમંત્રી મમતા બેનર્જીને ભલામણ કરી છે કે સમગ્ર બંગાળમાં TMCમાં ફેરબદલ થવો જોઈએ. તેમણે કહ્યું કે, આ ફેરબદલ કામગીરી પર આધારિત હોવી જોઈએ, માત્ર વફાદારી પર નહીં. CPI(M)એ સૌથી મોટું ઉદાહરણ છે કે જો કોઈ પક્ષ માત્ર વફાદારી પર ધ્યાન કેન્દ્રિત કરે તો તેનું શું થઈ શકે છે. મેં અમારા અધ્યક્ષને યાદી મોકલી છે. તેણી હવે નિર્ણય લેશે. ૩૪ વર્ષ સુધી બંગાળમાં શાસન કરનાર CPI(M) પાસે હાલમાં રાજ્યમાંથી એક પણ ધારાસભ્ય કે સાંસદ નથી. ટીએમસીના નેતાઓએ જણાવ્યું હતું કે બેનર્જીએ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ફેરબદલની યોજના બનાવી છે જ્યારે કોલકાતા અને કેટલાક જિલ્લાઓમાં શહેરી વિસ્તારોમાં ૨૦૨૪ના લોકસભા પરિણામોનું વિશ્લેષણ દર્શાવે છે કે ટીએમસીને એવી ઘણી બેઠકો હતી જ્યાં બીજેપી આગળ હતી. એકંદરે, ટીએમસીએ રાજ્યની ૪૨ લોકસભા બેઠકોમાંથી ૨૯ જીતી હતી અને ભાજપનો સ્કોર ૨૦૧૯ની ૧૮ બેઠકોથી ઘટીને આ વખતે માત્ર ૧૨ થઈ ગયો છે. તેમ છતાં, વિધાનસભા ક્ષેત્રોની દ્રષ્ટિએ, ટીએમસી ઘણી બેઠકો પર ભાજપથી પાછળ રહી હતી. અભિષેક બેનર્જીએ ટીએમસીની ૨૧ જુલાઈની વાર્ષિક રેલીમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ઓક્ટોબરમાં આઉટરીચ પ્રોગ્રામ શરૂ કર્યો હતો. અભિષેકની આ સલાહ બીરભૂમ જિલ્લા એકમના પ્રમુખ અને મુખ્ય પ્રધાનના સૌથી જૂના વફાદારોમાંના એક ટીએમસીના હેવીવેઇટ અનુબ્રત મંડલ જેવા નેતાઓને નુકસાન પહોંચાડી શકે છે. કેન્દ્રીય તપાસ બ્યુરોએ ઓગસ્ટ, ૨૦૨૨માં ૬૪ વર્ષીય મોંડલની પશુ તસ્કરીના કેસમાં ધરપકડ કરી હતી. તેમની પુત્રી સુકન્યા મંડલની એપ્રિલ ૨૦૨૩માં કથિત સાથી તરીકે ધરપકડ કરવામાં આવી હતી. બંનેને જામીન મળી ગયા હતા. સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ૭૦થી વધુ પ્રોપર્ટી, જમીનના સોદા અને તેમની સાથે કથિત રીતે જોડાયેલા વ્યવસાયોની તપાસ કરી રહી છે. મોંડલની



લાંબી ગેરહાજરી દરમિયાન, મમતા બેનર્જીએ બિભુમમાં છ સભ્યોની સંગઠનાત્મક કોર કમિટીની રચના કરી જેમાં જિલ્લાના સાંસદો, ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે. ટીએમસીએ તેમના નેતૃત્વમાં બીરભૂમની બંને લોકસભા બેઠકો જીતી હતી. અભિષેક બેનર્જીએ કહ્યું કે, બીરભૂમમાં સંગઠન કોર કમિટીના હાથમાં હોવું જોઈએ. મુખ્ય પ્રધાને સમિતિને ૧૬ નવેમ્બરના રોજ મળવાની સૂચના આપી છે, જે મંડલની મુક્તિ પછી યોજાયેલી પ્રથમ બેઠક છે, સમિતિના કન્વીનર, ધારાસભ્ય વિકાસ રોય ચૌધરીએ જણાવ્યું હતું કે, મોન્ડલ, અમારા જિલ્લા પ્રમુખ, અને અન્ય લોકો આ બેઠકમાં હાજરી આપશે. મોંડલના જાણીતા વિરોધી અને કોર કમિટીના સભ્ય, કાજલ શેઠે અભિષેક બેનર્જીના નિર્ણય અંગે કહ્યું કે, અભિષેક બેનર્જી મજબૂત સંગઠનાત્મક નેતા છે. તેઓ જાણે છે કે પક્ષ માટે શું યોગ્ય છે. ટીએમસીના લોકસભા સભ્યોમાં સૌથી મોટા ૭૭ વર્ષીય સૌગાતા રોયે કહ્યું કે અભિષેક બેનર્જી ભાવિ નેતા છે. તેઓ મમતા બેનર્જીના વારસદાર છે. હું માનું છું કે અભિષેક એક કાર્યક્ષમ આયોજક છે. લોકસભાના સભ્ય કલ્યાણ બેનર્જીએ ડોનાલ્ડ ટ્રમ્પની યુએસ પ્રમુખપદની ચૂંટણીમાં જીતનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, ટ્રમ્પની જીત સાબિત કરે છે કે રાજકારણમાં ઉંમર એ કોઈ પરિબળ નથી. તેની લોકપ્રિયતા મહત્વની છે.

# કેરળમાં "મલ્લુ હિન્દુ" વ્હોટ્સએપ ગ્રુપના વિવાદને પગલે IAS અધિકારી સસ્પેન્ડ

(એજન્સી) તિરૂવનંતપુરમ, તા.૧૨

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, કેરળમાં ડાબેરી સરકારે સોમવારના રોજ બે IAS અધિકારીઓ કે ગોપાલક્રિષ્નન અને એન પ્રશાંતને શિસ્તભંગ બદલ સસ્પેન્ડ કર્યા. તેઓએ ઉમેર્યું હતુ, ગોપાલકૃષ્ણનને સરકારી અધિકારીઓનું ધર્મ આધારિત વ્હોટ્સએપ ગ્રુપ બનાવવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જ્યારે સોશિયલ મીડિયા પર વરિષ્ઠ IAS અધિકારીની ટીકા કરવા બદલ પ્રશાંત સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તેઓએ એમ પણ કહ્યું કે, મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને મુખ્ય સચિવ પાસેથી મળેલા અહેવાલના આધારે અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. જ્યારે ગોપાલકૃષ્ણન ઉદ્યોગ અને વાણિજ્ય નિયામક હતા, પ્રશાંત કૃષિ વિકાસ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં વિશેષ સચિવની જવાબદારી સંભાળતા હતા. પ્રશાંતે તાજેતરમાં ફેસબુક પર અધિક મુખ્ય સચિવ એ જયતિલક પર તેમની વિરૂદ્ધ પાયાવિહોણા સમાચાર અહેવાલો ગોઠવવાનો આરોપ મૂક્યો હતો. તેમની પોસ્ટમાં, પ્રશાંતે આક્ષેપ કર્યો હતો કે, જયતિલક સ્પેશિયલ રિપોર્ટર બની ગયા છે અને મીડિયા દ્વારા પાયાવિહોણા આરોપો ફેલાવીને તેમને નબળા પાડવાનું કામ કરી રહ્યા છે. જયતિલક પર પ્રહાર કરતા, પોસ્ટમાં લખ્યું હતું કે, હું વરિષ્ઠ IAS અધિકારી જયતિલક વિશે કેટલીક મહત્વપૂર્ણ હકીકતો શેર કરવા માટે મજબૂર છું, જે લોકો જાણવા લાયક છે. જો કે હું સામાન્ય રીતે જાહેરમાં સરકારી બાબતોની ચર્ચા કરવાનું ટાળું છું, પરંતુ આ સમયે કોઈ વિકલ્પ જણાતો નથી. મારો ઈરાદો માત્ર તે જ મુદ્દાઓને જાહેર કરવાનો છે જે માહિતીના અધિકાર અનુસાર, જનતાને જાણવાનો અધિકાર છે. આ મુદ્દો એક મીડિયા અહેવાલ પછી ઉભો થયો હતો જેમાં પ્રશાંતના ભાગ પર કથિત ક્ષતિઓ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, અનુસૂચિત જાતિ



(SCs) અને અનુસૂચિત જનજાતિ (ST)ના કલ્યાણને સમર્પિત પહેલ અનાથીની કેટલીક નિર્ણાયક ફાઈલો તેમના CEO તરીકેના કાર્યકાળ દરમિયાન રહસ્યમય રીતે ગુમ થઈ ગઈ હતી. અહેવાલમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, જયતિલકે આ મામલે મુખ્ય પ્રધાન વિજયનને અહેવાલ સોંપ્યો હતો. પ્રશાંત, જેમણે અગાઉ કોઝિકોડ જિલ્લા કલેક્ટર તરીકે અને અન્ય ટોચના હોદ્દા પર સેવા આપી હતી, તે કલેક્ટર બ્રો તરીકે પ્રખ્યાત છે અને તેમણે તેમની પરના આરોપોને રદિયો આપવા માટે અગાઉ ફેસબુક પર પોસ્ટ કરી હતી. ગોપાલકૃષ્ણન સામેના આરોપો અંગે, કેરળ પોલીસે તેમની ફરિયાદ બાદ તપાસ હાથ ધરી હતી કે તેમના વોટ્સએપ એકાઉન્ટનો ઉપયોગ ધર્મ આધારિત વોટ્સએપ ગ્રૂપ બનાવવા માટે કરવામાં આવ્યો હતો. તિરૂવનંતપુરમ શહેર પોલીસે તપાસ હાથ ધરી હતી અને રાજ્યના પોલીસ વડાને અહેવાલ સોંપ્યો હતો. IAS અધિકારીનો ફોન હેક થયો ન હતો તે અંગેના અહેવાલો વચ્ચે, તિરૂવનંતપુરમ શહેરના પોલીસ કમિશનર સ્પાર્જન કુમારે જણાવ્યું હતું કે તે અસ્પષ્ટ છે કે ઉપકરણ સાથે ચેડાં કરવામાં આવ્યા હતા, કારણ કે તે વિવાદાસ્પદ વોટ્સએપ ગ્રૂપમાં, વિવિધ સમુદાયોના અધિકારીઓને રીસેટ કરવામાં આવ્યા હતા, ઉમેરવામાં આવ્યા હતા અને જૂથને હિન્દુ સમુદાય જૂથ તરીકે લેબલ કરવામાં આવ્યું હતું. પોલીસને આપેલી તેમની ફરિયાદમાં ગોપાલક્રિષ્નને જણાવ્યું હતું કે તેમણે પ્રશ્નાર્થ જૂથમાં કોઈ અધિકારીને ઉમેર્યા નથી. દિવસની શરૂઆતમાં, કેરળના મહેસૂલ પ્રધાન કે રાજને કહ્યું હતું કે સરકારી અધિકારીઓએ સેવામાં હોય ત્યારે અમુક શિસ્તનું પાલન કરવું જોઈએ, અને જે કોઈ તેનું ઉલ્લંઘન કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે સરકાર અધિકારીઓને સેવા નિયમો અને શિસ્તનું ઉલ્લંઘન કરીને કામ કરવાની મંજૂરી આપી શકે નહીં. મંત્રી પ્રશાંત દ્વારા તેમના વરિષ્ઠ સાથી જયતિલક વિરૂદ્ધ તાજેતરમાં કેટલીક ફેસબુક પોસ્ટના સંબંધમાં પત્રકારોના પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા, જેણે રાજ્યમાં વિવાદને વેગ આપ્યો હતો. કોઈ પણ અધિકારીઓનું નામ લીધા વિના, રાજને કહ્યું હતું કે, સરકાર આ મામલાને અત્યંત ગંભીરતાથી જોઈ રહી છે અને મુખ્ય સચિવ ટૂંક સમયમાં આ સંદર્ભે અહેવાલ સુપરત કરશે.આ મળ્યા પછી, મુખ્યમંત્રી આ અંગે કડક નિર્ણય લેશે.

# TMCએ ૨૦ કલાકમાં ફરિયાદો ઉકેલવાના ચૂંટણી પંચના દાવાને ખોટો ગણાવ્યો

(એજન્સી) તા.૧૨

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ પેટાચૂંટણી પર તૃણમૂલ કોંગ્રેસની ફરિયાદો પ્રાપ્ત થયાના "૨૦ કલાકની અંદર" પગલાં લેવાનું કહ્યું તે પછી, રાજ્યમાં શાસક પક્ષે સોમવારે ચૂંટણી સંસ્થાના દાવાને "જૂઠાણું" ગણાવ્યું. ટીએમસીનો આરોપ છે કે ચૂંટણી પંચ "ભાજપની શાખા" તરીકે કામ કરી રહ્યું છે. વાસ્તવમાં તૃણમૂલ કોંગ્રેસે શનિવારે પશ્ચિમ બંગાળ બીજેપીના વડા અને કેન્દ્રીય પ્રધાન સુકાંત મજુમદારની ભૂમિકા અને રાજ્યની પેટાચૂંટણીમાં તૈનાત સુરક્ષા દળો વિરૂદ્ધ ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. આના પર ચૂંટણી પંચે સોમવારે તેની ફરિયાદો પર તૃણમૂલ દ્વારા વિલંબ અથવા નિષ્ક્રિયતાના આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે તેણે પેટાચૂંટણી દરમિયાન મળેલી ફરિયાદો પર ૨૦ કલાકની અંદર કાર્યવાહી કરી. મિશને સોમવારે ભારતીય જનતા પાર્ટીના પશ્ચિમ બંગાળ એકમના પ્રમુખ મજુમદારને રાષ્ટ્રીય પ્રતીક અને રાજ્ય પોલીસ વિશેની કથિત ટિપ્પણી માટે કારણ બતાવો નોટિસ પણ જારી કરી હતી. જો કે, તૃણમૂલ સાંસદ સાકેત ગોખલેએ કહ્યું કે ચૂંટણી પંચે તેમને કોઈ જવાબ આપ્યો નથી. આ મામલાને લઈને ગોખલેએ 'X' પર પોસ્ટમાં કહ્યું, "આ જૂઠું છે. ચૂંટણી પંચે '૨૦ કલાકની અંદર પગલાં લીધાં નથી'



કારણ કે તેઓ મીડિયામાં દાવો કરી રહ્યાં છે. "લોકસભા અને રાજ્યસભામાં અમારા નેતાઓની આગેવાની હેઠળના પાંચ સાંસદોના પ્રતિનિધિમંડળ દ્વારા ૯ નવેમ્બર (શનિવારે) ફરિયાદ વ્યક્તિગત રીતે સબમિટ કરવામાં આવી હતી. ગોખલેનો આરોપ છે કે ચૂંટણી પંચે તેમને મળવાની કે જવાબ આપવાની તસ્દી પણ લીધી નથી. તૃણમૂલ સાંસદે હવે કહ્યું કે જ્યારે ચૂંટણી પ્રચાર આજે સાંજે ૫ વાગ્યે સમાપ્ત થવાનો છે, ત્યારે તેઓ "નોટિસ" આપવાનું નાટક કરી રહ્યા છે. ચૂંટણી પંચ ખુલ્લેઆમ ભાજપનું એકમ બની ગયું છે તે શરમજનક બાબત છે. આ પહેલા શનિવારે પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય દળોના કથિત દુરૂપયોગ અંગે ચિંતા વ્યક્ત કરીને ચૂંટણી પંચનો સંપર્ક કરનાર તૃણમૂલે સોમવારે બપોરે પેટાચૂંટણી પ્રચારના અંત પહેલા ૯૦ મિનિટનો સમય આપવા બદલ પંચની ટીકા કરી હતી.

# શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકીનો કેસ : મુંબઈ પોલીસે છત્તીસગઢના વકીલ ફૈઝાન ખાનની ધરપકડ કરી

(એજન્સી) તા.૧૨

બોલિવૂડના કિંગ તરીકે પ્રખ્યાત શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. આ ધમકી આપનાર વ્યક્તિની રાયપુર, છત્તીસગઢમાંથી ધરપકડ કરવામાં આવી છે. આરોપીનું નામ મોહમ્મદ ફૈઝાન છે અને તે વકીલ છે. ફૈઝાન પર શાહરૂખ ખાન પાસેથી ૫૦ લાખ રૂપિયાની માંગ કરવાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર તેને પૂછપરછ માટે મુંબઈ લાવવામાં આવશે. મોહમ્મદ ફૈઝાનને શંકાના કારણે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો. જ્યારે તે ન પહોંચ્યો ત્યારે પોલીસે તેની તેના ઘરેથી ધરપકડ કરી હતી. ફૈઝાને અગાઉ કહ્યું હતું કે મારો મોબાઈલ ફોન ચોરાઈ ગયો હતો અને ૨ નવેમ્બરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આરોપ છે કે ફૈઝાને આ જ મોબાઈલ ફોનથી શાહરૂખ ખાનને ધમકી આપી હતી. પોલીસે મોહમ્મદ ફૈઝાન વિરૂદ્ધ ભારતીય



દંડ સંહિતાની કલમ ૩૦૮ (૪) (જાનથી મારી નાખવાની ધમકી આપીને ખંડણી) અને ૩૫૧ (૩) (૪) (ગુનાહિત કાવતરૂં) હેઠળ કેસ નોંધ્યો હતો. જે ફોન નંબર પરથી ધમકી મળી હતી તે નંબર તેના નામે નોંધાયેલો હતો. ધમકી બાદ મુંબઈ પોલીસે શાહરૂખ ખાનની સુરક્ષા વધારી દીધી હતી. આરોપી ફૈઝાને મીડિયાને જણાવ્યું કે, મારો ફોન ૨ નવેમ્બરે ચોરાઈ ગયો હતો અને મેં તેની ફરિયાદ કરી હતી. મેં મુંબઈ પોલીસને આ વિશે જણાવ્યું. પોલીસે બે કલાક મારી પૂછપરછ કરી. ફૈઝાને એમ પણ કહ્યું કે, મેં અંજામ ફિલ્મમાં શાહરૂખના ડાયલોગ્સ વિશે ફરિયાદ કરી હતી. આ ડાયલોગ હરણના શિકાર વિશે હતો. તેમજ હું રાજસ્થાનનો છું. રાજસ્થાનનો બિશ્નોઈ સમુદાય અમારો મિત્ર છે. તેમના ધર્મમાં કહેવામાં આવ્યું છે કે હરણનું રક્ષણ કરવું જોઈએ. જો કોઈ મુસ્લિમ હરણ વિશે વાંધાજનક વાત કરે તો તે નિંદનીય છે. તેથી જ મેં તેની સામે વાંધો ઉઠાવ્યો હતો. આથી કોઈએ મારા ફોન પરથી જાણી જોઈને ફોન કર્યો હતો. આ મારી વિરૂદ્ધ ષડયંત્ર છે.'

# મહારાષ્ટ્ર કોંગ્રેસના વડા નાના પટોલેએ ભાજપને 'કૂતરો' કહીને વિવાદ ઊભો કર્યો; પાર્ટીએ વળતો પ્રહાર કર્યો

(એજન્સી) તા.૧૨

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેએ એક જાહેર સભા દરમિયાન ભાજપને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. જેના પર ભાજપે પણ વળતો પ્રહાર કર્યો છે. વાસ્તવમાં નાના પટોલે અકોલા જિલ્લામાં એક જનસભાને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું, 'ભાજપને કૂતરા બનાવવાનો સમય આવી ગયો છે.' નાના પટોલેએ કહ્યું, 'અહીં OBC લોકો પણ બેઠા છે. નહિંતર તમે હૈદરાબાદની વાત કરશો. હું પૂછવા માંગુ છું કે શું અકોલા જિલ્લાના OBC લોકો BJPને મત આપશે જે તમને કૂતરો કહે છે. હવે ભાજપને કૂતરો બનાવવાનો સમય આવી ગયો છે. નાના પટોલેએ કહ્યું, 'ભાજપને કૂતરો બનાવવાનો સમય આવી ગયો છે. તે ખૂબ જ મસ્તીમાં છે, તે ભગવાન છે ને? પહેલા દેવેન્દ્રજી હતા. બધા મને નાનાભાઉ કહે છે. તેઓ પહેલાથી જ બોલે છે, તેઓ મારા ઘરે પણ બોલે છે, તમે લોકો પણ બોલો. પહેલા તેને દેવેન્દ્ર



જી કહેવામાં આવતું હતું પરંતુ હવે તેનું નામ બદલી નાખ્યું છે. દેવભાઉ બન્યા છે. જો ભાઉ થોડા દિવસો પછી તેને દૂર કરે તો શું થશે (જનતા દેવા). એક વિશ્વ ગુરૂ પોતે દિલ્હીમાં બિરાજમાન છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલેની વિવાદાસ્પદ ટિપ્પણી પર BJP નેતા કિરીટ સોમૈયાનું નિવેદન સામે આવ્યું છે. સોમૈયાએ કહ્યું, 'તેઓ નિરાશા તરફ જઈ રહ્યા છે. શરદ પવાર કંઈક કહી રહ્યા છે, ઉદ્ધવ ઠાકરે ચૂંટણી પંચને ગાળો આપી રહ્યા છે. હવે રાહુલ ગાંધીની કોંગ્રેસ ભાજપને કૂતરો કહી રહી છે. આ એટલા માટે છે કારણ કે ઓપિનિયન પોલમાં મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી રહી છે, તેથી હું તેમની નિરાશા સમજી શકું છું.

# કર્ણાટકના અફઝલપુરમાં ઉશ્કેરણીજનક ભાષણ બદલ હિન્દુ સંત સામે ગુનો નોંધાયો

(એજન્સી) તા.૧૨

અફઝલપુરના બસવેશ્વરા સર્કલ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં ભડકાઉ ભાષણ આપવા બદલ હિંદુ સંત મરૂલારાધ્યા શિવચાર્ય સ્વામી પર કેસ નોંધવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં તેમણે વક્ફ બોર્ડના વિસર્જનની માંગણી કરી હતી.

રવિવારે કર્ણાટકના ગુલબર્ગા જિલ્લાના અફઝલપુરમાં એક સભાને સંબોધતા મારુલારાધ્યા શિવાચાર્યએ કહ્યું, "તેઓ કહે છે કે તેઓ પોતાનો જીવ આપવા અને જીવ લેવા માટે પણ તૈયાર છે. તેઓ દાવો કરે છે કે અફઝલપુરના તમામ યુવાનોના ઘરમાં તલવારો છે અને



તેઓ કહે છે કે જે કોઈ તેમના માર્ગમાં આવશે તેને તેઓ કાપી નાખશે, આપણે આપણા યુવાનોના હાથમાં પેન આપવાનું બંધ કરવું જોઈએ અને તેના બદલે તેમને તલવારો આપી દેવી જોઈએ." પોલીસે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા (BNS)ની કલમ ૨૯૯ અને ૩૫૩/૨ હેઠળ ધાર્મિક લાગણી ભડકાવવા બદલ મરૂલારાધ્યા શિવચાર્ય વિરૂદ્ધ FIR નોંધી છે. સોમવારે ગૃહમંત્રી જી. પરમેશ્વરે તેમના ભડકાઉ ભાષણ માટે સંતની ટીકા કરી હતી અને ખાતરી આપી હતી કે તેમની ટિપ્પણી બદલ તેમની સામે પગલાં લેવામાં આવશે. "ધાર્મિક નેતાઓએ તેમની આસ્થા અનુસાર કાર્ય કરવું જોઈએ. તેઓએ લોકોને ઉશ્કેરવા જોઈએ નહીં," તેમણે બેંગ્લુરૂમાં કહ્યું. બાળકોને તલવારો આપવી જોઈએ એમ કહેવું અયોગ્ય છે. કોઈપણ સંતે ભડકાઉ નિવેદનો ન કરવા જોઈએ."

# રિફાઈનરીના અધિકારીઓને માણસનાં મોતની કિંમત નથી, મૃતક કર્મચારીઓના પરિવારજનોના ધરણા



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૨

ગુજરાત રિફાઈનરીની બેન્ઝિન સ્ટોરેજ ટેન્કમાં ધડાકા સાથે લાગેલી આગમાં કોન્ટ્રાક્ટ પરના બે કર્મચારીઓના મોત થયા હતા. તેમના પરિવારજનો આજે વળતર અને ન્યાયની માગ સાથે રિફાઈનરીની બહાર ધરણા પર ઉતર્યા હતા. પરિવારજનોએ રિફાઈનરીના સત્તાધીશો પર ગંભીર આક્ષેપો કર્યા હતા. દુર્ઘટનામાં જીવ ગુમાવનાર કર્મચારી ધીમંત મકવાણાના બનેવીએ કહ્યું હતું કે, આગ લાગ્યાની જાણકારી મળ્યા બાદ અમે સાંજથી અહીંયા આવીને બેઠા છે પણ અમને રિફાઈનરી તરફથી કે કોન્ટ્રાક્ટર તરફથી કોઈ જાતની જાણકારી આપવામાં આવી નથી. રિફાઈનરીના અધિકારીઓને માણસના મોતની કોઈ કિંમત નથી. વહેલી સવારે ધીમંતના પત્ની પર ચાર વાગ્યે તેમના મોતની જાણ કરતો ફોન આવ્યો હતો. તેના પહેલા તો કોઈ વાત કરવા માટે તૈયાર નહોતું. કોન્ટ્રાક્ટરે તો ધીમંતના સગા બોલીએ છે તેવું સાંભળતા જ ફોન કાપી નાંખ્યો હતો. અમને તો એવુ જ હતું કે, ધીમંત ઈજાગ્રસ્ત છે. ધીમંતને પાંચ વર્ષનો દીકરો છે. તેની પત્ની અને માતા પિતા પણ છે. તેમનો સહારો છીનવાઈ ગયો છે. મોતને ભેટેલા અન્ય એક કર્મચારી અને કોયલી ગામના રહેવાસી શૈલેષભાઈના માતા અને પત્ની તેમજ પરિવારજનોએ એક કરોડના વળતરની માગ સાથે આક્રોશ વ્યક્ત કર્યો હતો. શૈલેષભાઈને ત્રણ નાના બાળકો છે. તેમના માત અને પત્નીએ કહ્યું હતું કે, સાંજે ૬ વાગ્યે તેમને રિફાઈનરીના અધિકારી અને કોન્ટ્રાકટરે અંદર ચા નાસ્તો આપવા માટે મોકલ્યા હતા અને તેઓ પછી પાછા જ ના આવ્યા. અમને અત્યાર સુધી અધિકારીઓ કે કોન્ટ્રાકટર મળવા પણ નથી આવ્યા. જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમે તેમનો મૃતદેહ ઘરે નહીં લઈ જઈએ. બીજી તરફ સ્થળ પર પહોંચેલા વાઘોડિયાના ધારાસભ્યે કહ્યું હતું કે, મૃતક કર્મચારીઓના વળતર અપાવવા માટે રિફાઈનરીના અધિકારીઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે.તેઓ ૨૦-૨૦ લાખની સહાય કરવા માટે સંમત થયા છે.

# વડોદરામાં કન્ઝ્યુમર એક્ટિવિસ્ટ મૂરજાણી આપઘાત કેસમાં માનેલી પુત્રી અને તેની માતા પકડાયાં

## બંને ભાવનગર-રાજકોટ હાઈવે પરથી ઝડપાઈ ગયાં

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૨

કન્ઝ્યુમર એક્ટિવિસ્ટ પી.વી. મૂરજાણીના આપઘાત પછી તેમની સુસાઈડ નોટ જાહેર થતાં તેમની માનેલી દીકરી અને માનેલી દીકરીની માતા બંને ફરાર થઈ ગયા હતા. ચાર દિવસની દોડધામ પછી પાણીગેટ પોલીસની ટીમે માતા દીકરીને ભાવનગર રાજકોટ હાઈવે પરથી ઝડપી પાડ્યા છે. વાઘોડિયા રોડ નારાયણ બંગલોમાં રહેતા ગ્રાહક સુરક્ષાના અગ્રણી પી.વી. મૂરજાણીએ તેમની માનેલી દીકરી કોમલ અને તેના માતા સંગીતાબેનના ત્રાસથી કંટાળીને શુક્રવારે રાત્રે પોતાની લાયસન્સ વાળી રિવોલ્વરથી ફાયરિંગ કરી આપઘાત કરી લીધો હતો. તેમણે સુસાઈડ નોટમાં માતા અને દીકરીના ત્રાસનો ઉલ્લેખ કર્યો હતો અને પોતાના મોત માટે પણ તેમને જ જવાબદાર ઠેરવ્યા હતા. કોમલ અને તેની માતા શુક્રવારે રાત્રે અમદાવાદથી વડોદરા આવ્યા હતા. ત્યારબાદ તેઓ પોલીસને મળતા ન હતા, માતા દીકરીએ મોબાઈલ પણ બંધ કરી દીધો હતો. આ કેસમાં કોમલ અને કોમલની માતાને શોધવા અત્યંત જરૂરી હતા. જેથી તેમને ચાર દિવસની સતત દોડધામ પછી ટેકનિકલ સોર્સ અને હ્યુમન સોર્સથી માતા દીકરીને આજે બપોરે રાજકોટ ભાવનગર હાઈવે પરથી ઝડપી પાડ્યા હતા. બીજી તરફ મૂરજાણીના પત્નીને પોલીસ સ્ટેશન બોલાવી તેમની ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વાઘોડિયા રોડ ડી માર્ટ પાસે નારાયણ બંગ્લોમાં રહેતા પુરુષોત્તમ મૂરજાણી વડોદરામાં ગ્રાહક સુરક્ષાની સંસ્થા વર્ષોથી ચલાવતા હતા. કારેલીબાગ સંગમ ચાર રસ્તા પાસે જાગૃત નાગરિક નામની સંસ્થા ચલાવતા પી. વી. મૂરજાણી સાંજે ઘરે હતા. તેમના પત્ની મંદિરે ગયા હતા. તેમના પત્ની મંદિરેથી પરત ઘરે આવ્યા હતા. લાંબો સમય થવા છતાંય તેઓ ઉપરના માળેથી નીચે નહીં આવતા તેમના પત્ની ઉપરના માળે જોવા ગયા હતા. ઉપર જઈને જોયું તો તેમના પતિ પી. વી. મૂરજાણી લોહીલુહાણ હાલતમાં જમીન પર હતા, જેથી તેમણે બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. આ બનાવની જાણ પાણીગેટ પોલીસને કરવામાં આવતાં પી.આઈ. એચ. એમ. વ્યાસ ઘટના સ્થળે દોડી ગયા હતા. પી. વી. મૂરજાણીએ પોતાની જ રિવોલ્વરમાંથી જાતે ફાયરિંગ કરી જીવન ટૂંકાવી દીધું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું. જો કે, પી. વી. મૂરજાણીના મોતનું સાચું કારણ જાણવા માટે એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવી હતી. પોલીસને ઘટના સ્થળેથી કોઈ અંતિમ ચિઠ્ઠી મળી ન હતી. જો કે રાતે ૯:૫૮ કલાકે તેમના મોબાઈલના વોટ્સએપ પરથી તેમના મિત્ર વર્તુળમાં સુસાઈડ નોટનો મેસેજ કરાયો હતો. તેમાં તેમણે પોતાની માનેલી દીકરી અને દીકરીની માતાના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ મેસેજમાં એવું પણ લખ્યું હતું કે, લાભપાંચમના દિવસે મર્સિડીઝ ખરીદી હતી. તે સમયે માનેલી દીકરી કોમલને લઈ જઈ ફોટો પડાવ્યા હતા. તે પછી કારમાં તમણે પોતાની પત્નીને બેસાડ્યા હતા. આ વાત પર કોમલે બહુ મોટો ઝઘડો કર્યો હતો અને ગાળાગાળી કરીને ધમકી પણ આપી હતી કે, તમે તમારા પત્નીને કેમ કારમાં બેસાડી ? હું કારની તોડફોડ કરીશ. મૂરજાણીએ સ્યુસાઈડ નોટમાં આવા અનેક કિસ્સાનો ઉલ્લેખ કર્યો હતો.

# ડિંડોલીમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી યુવકે ધમકી આપી અવારનવાર લાજ લૂંટી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

ડિંડોલીમાં વિસ્તારમાં રહેતી પરિણીતાને પાડોશમાં જ રહેતા યુવાને પ્રેમજાળમાં ફસાવી પોતાની હવસનો શિકાર બનાવવા લાગ્યો હતો. યુવક પોતે સુસાઈડ કરી લેવાની ધમકી આપી પરિણીતાની સાસરીમાં પહોંચી જઈ તેમજ હોટલ સહિત અલગ અલગ જગ્યા મળવા બોલાવી તેની સાથે બળજબરી કરી શારીરિક સંબંધો બાંધી હવસ સંતોષતો હતો.આખરે આ મામલો ડિંડોલી પોલીસ સ્ટેશનમાં પહોંચતા પોલીસે આરોપી વિરૂદ્ધ બળાત્કારનો ગુનો નોંધ્યો છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ મૂળ વ્યારાની વતની હાલ ડિંડોલી વિસ્તારમાં ૨૫ વર્ષીય પરિણતા પરિવાર સાથે રહે છે. લગ્ન જીવનમાં તેમને એક પુત્ર છે. જોકે છેલ્લા એક વર્ષથી તેની સાસરીના પાડોશમાં રહેતા ૨૪ વર્ષીય અપરિણીત મહેશ સાહબેરાવ આહીરે અને તેની વચ્ચે પ્રેમ થઈ ગયો હતો. બને વચ્ચે વોટ્સઅપ ઉપર ચેટિંગ થકી કેટલીક વાતો પણ થતી હતી.જોકે બાદમાં મહેશ પરિણીતા સાથે બળજબરી કરવા લાગ્યો હતો. તેણીને ઘરનાં ટેરેસનાં દાદર પર તથા તેમના ઘરે બોલાવી જબરજસ્તી કરી શરીર સબંધ બાંધી પોતાની હવસ સંતોષી હતી.આ ઉપરાંત તેની સાથે ઝઘડો કરી ઝાપટ પણ મારી હતી. આટલુ ઓછું હોય તેના પતિનો અફેર છે તેવું કહીને તેણીને ભડકાવવા લાગ્યો હતો.તેમજ પરિણીતાને ધમકાવવા લાગ્યો હતો કે તું મારી વાત નહીં માને તો હું તારા તમામ વોટસએપ મેસેજ તારા પતિને બતાવી દઈશ અને નહીં માને તો હું સ્યુસાઈડ કરી લઈશ.આમ ધમકાવીને પરિણીતાને સાસરીમાં ઘરનાં ટેરેસના દાદર પર તથા તેમના ઘરે તેમજ હોટલ પર મળવા આવવાની જીદ કરી ધમકીઓ આપી અલગ અલગ જગ્યાએ લઈ જઈ તેની સાથે બળજબરી કરી બળાત્કાર ગુજાર્યો હતો. આખરે પરિણીતાએ આ અંગે પિયરમાં વાત કરી હતી. ત્યાર બાદ મહેશ આહીર વિરૂદ્ધ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી વિરૂદ્ધ બળાત્કારનો ગુનો નોંધી તેની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણળા મળ્યું છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા
# રાજ્યના શહેરોમાં વિકાસ માટે ૨૫૪ કરોડના કામો મંજૂર

પ્રભાસ પાટણ, તા.૧૨

ગુજરાતની સ્થાપનાના સ્વર્ણિમ જયંતિ વર્ષ ૨૦૧૦થી શરૂ થયેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૬-૨૭ સુધી લંબાવવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોની સુખાકારીમાં વૃદ્ધિથી ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુસર ૧૪ નગરો અને એક મહાનગરમાં બહુવિધ વિકાસ કામો માટે ૨૫૩.૯૪ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તેમણે જસદણ નગરપાલિકાને ભાદર નદી પર રિવરફ્રન્ટના આગવી ઓળખના કામ માટે રૂ.૬ કરોડ, હાલોલ નગરપાલિકામાં ટાઉનહોલ નિર્માણ માટે રૂ.૧૦.૨૯ કરોડ અને વિરમગામ નગરપાલિકામાં રોડ વાઈડનીંગ અને નવીન ફોર્ટ વોલ માટે રૂ. ૮.૬૪ કરોડના કામોની મંજૂરી આપી છે. જૂનાગઢ મહાનગરપાલિકાને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ટાઉનહોલ તેમજ નરસિંહ વિદ્યા મંદિર બિલ્ડિંગ હેરિટેજના કામ માટે ૪૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોમાં હેરિટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, ટ્રાફિક સર્કલ આઈલેન્ડ્સ, વોટર બોડી લેન્ડ સ્કેપિંગ, રીવરફ્રન્ટ, લેક બ્યુટીફિકેશન, મ્યુઝિયમ, આઈકોનિક બ્રિજ વગેરે કામો તેમજ શહેરોની શોભામાં અભિવૃદ્ધિ કરતા આઈકોનિક કામોનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ પારડી નગરપાલિકાને વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામો માટે રૂપિયા ૨૫.૨૯ કરોડ તથા પાટણ નગરપાલિકાને આ જ પ્રકારના કામો માટે રૂપિયા ૨૫.૫૨ કરોડ મંજૂર કર્યા છે. વેરાવળ-પાટણ નગરપાલિકાને સોમનાથ ટ્રસ્ટ એરીયા અને વેરાવળ પાટણના બાકી રહેતા વિસ્તારો માટે ભૂગર્ભ ગટર અને પાણી પુરવઠાના કામો માટે રૂ.૨૬.૬૯ કરોડ મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે.

આ ઉપરાંત કરમસદ નગરપાલિકાને રૂ.૨૪.૫૪ કરોડ, ઉમરગામ નગરપાલિકાને રૂ.૧૪.૯૩ કરોડ તથા બિલીમોરા નગરપાલિકાને રૂ.૯.૧૧ કરોડ ભૂગર્ભ કરોડ યોજના માટે મંજૂર કર્યા છે. ભૌતિક આંતરમાળખાકિય સુવિધાના આ કામો અન્વયે સમગ્રતયા કુલ રૂ.૧૨૬.૦૮ કરોડના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજૂરી આપવામાં આવી છે.

## વાઘોડિયામાં દીવાલ પરથી પડી જવાથી કર્મી મોતને ભેટ્યો
# વડોદરા નજીક સળિયા કાપતી વખતે કરંટ લાગતાં યુવકનું મોત નિપજ્યું

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૧૨

વાઘોડિયા જીઆઈડીસીમાં આવેલી દેવ પોલી પ્લાસ્ટિક લિમિટેડ કંપનીની દિવાલ પર ચડી ઝાડના ડાળી કાપતો અજય રગન રાઠવા નામનો ૨૪ વર્ષાનો યુવાન દિવાલ પરથી નીચે પટકાતા તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે હોસ્પિટલમાં ખસેડતા તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. અન્ય બનાવમાં વડોદરા નજીક દુમાડ વિરોદરોડ પર આવેલી આઈઆઈટી કોલેજના નવું બાંધકામ ચાલી રહ્યું છે. જેમાં મૂળ બિહારનો મોહમ્મદ કૌશર આલમ મહંમદ જમાલુદ્દીન શેખ ઉંમર વર્ષા ૩૦ ગ્રાઈન્ડર મશીનથી લોખંડના સળિયા કાપતો હતો ત્યારે અચાનક કરંટ લાગતા તેનું સ્થળ પર મોત નિપજ્યું હતું.

# ઉમરપાડાના સટવાણ ગામે ભૂકંપનો આંચકો આવતા લોકોમાં ગભરાટ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

સુરત જિલ્લામાં વહેલી સવારે લોકોએ ભૂકંપનો અનુભવ કર્યો હતો. ઉમરપાડા તાલુકાના સટવાણ ગામે વહેલી સવારે હળવા ભૂકંપના આચંકાનો અનુભવ થયો હતો. સવારે ૬.૦૪ વાગ્યે ભૂકંપના આચંકાનો અનુભવ લોકોએ કર્યો હતો. ઘરમાં વાંસણો ખખડતા લોકોને આચંકાનો અનુભવ થયો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાનિ કે નુકસાની થવા પામી ના હતી. આ મામલે તંત્રને જાણ કરવામાં આવી છે.ઉમરપાડાના અમિષ વસાવાએ કહ્યું કે, સટવાણ ગામ અને આજુબાજુના ૪થી ૫ ગામોમાં ભૂકંપના આચંકા સવારે ૬.૦૪ મિનિટે અનુભવાયા હતા. ગામના આગેવાનો મામલતદાર અને તલાટી સાથે ચર્ચા કરતા અને ટેલીફોનીક વાત કરતા કોઈ નુકશાની કે જાનહાનિ થઈ નથી. ઉમરપાડા તાલુકામાં ભૂકંપના આચંકા અંગે અધિકારીઓને પણ અમે જાણ કરી હતી. સટવાણ ગામના તલાટી કમ મંત્રી સતીષભાઈ ગામીતે કહ્યું કે, સટવાણ ગામે સવારે ૬.૦૪ કલાકે હળવા ભૂકંપના આચંકાનો અનુભવ થયો હતો. જેની જાણ અમને સ્થાનિકો અને સરપંચ દ્વારા થઈ હતી. જે અંગેનો રીપોર્ટ અમે ઉપલી કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને મોકલી આપ્યો છે. ભૂંકપના કારણે કોઈપણ નુકસાની કે જાનહાનિ થઈ નથી.

# રિફાઈનરીની આગ બુઝાવવા ૪૯ ફાયર, ફોમ ટેન્ડર્સ ઉપયોગમાં લેવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૨

ગુજરાત રિફાઈનરીની બેન્ઝિન ટેન્ક જ્યાં આવેલી છે તે જગ્યા ટેન્ક ફાર્મ તરીકે ઓળખવામાં આવે છે. તેની આસપાસ પણ બેથી ત્રણ સ્ટોરેજ ટેન્ક હોઈ શકે છે.

રિફાઈનરીના એક પૂર્વ અધિકારીએ વાતચીતમાં કહ્યું હતું કે, ધડાકા સાથે આગ લાગ્યા બાદ સ્ટોરેજ ટેન્ક પર સતત પાણી અને કેમિકલ ફોમનો મારો ચલાવતો રાખવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રિફાઈનરીમાં પેટ્રોલ ડિઝલ, બિટુમીન, કોક, પ્રોપેલિન, એલએ બી જેવી ઘણી પ્રોડક્ટસ બને છે. અલગ-અલગ પ્રોડક્ટસ અને તેનું રો મટિરિયલ સ્ટોર કરવા માટે નાની મોટી ૨૦૦ જેટલી સ્ટોરેજ ટેન્કો છે. કારણકે રિફાઈનરીમાં જોકે આ ટેન્કો રિફાઈનરીના સંકુલમાં અલગ-અલગ ઠેકાણે છે. અત્યારે તો જે ટેન્કમાં આગ લાગી છે તેની આસપાસની બે કે ત્રણ ટેન્ક પર અસર ના થાય તે બાબતને પ્રાથમિકતા આપવામાં આવી રહી હશે. જો સ્ટોરેજ ટેન્ક ૧,૦૦૦ કિલો લીટર ક્ષમતાની હોય તો મારા અનુમાન પ્રમાણે આઠથી દસ કલાકમાં આગ કાબૂમાં આવી જવી જોઈએ. રિફાઈનરીને બેન્ઝિનનો સપ્લાય હરિયાણાની પાણીપત રિફાઈનરીથી મળે છે. રોજ સરેરાશ પાંચથી ૬ ટેન્કર રિફાઈનરીને મળે છે. જોકે ટેન્ક ફાર્મમાં દિવસમાં એકાદ વખત સેમ્પલ લેવા જવા સિવાય કર્મચારીઓની અવર જવર ઓછી હોય છે અને તેના કારણે જ વધારે ખુવારી થતા રહી ગઈ છે.

# કાપોદ્રામાં સગી પુત્રી સાથે અડપલાં કરનાર હવસખોર પિતાની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

કાપોદ્રા વિસ્તારમાં સગા પિતા દ્વારા પોતાની પુત્રી સાથે શારીરિક અડપલાં કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. પુત્રી સાથે આવું કૃત્ય કરનાર પિતા સામે સ્થાનિકો દ્વારા ફિટકાર વરસાવવામાં આવી રહ્યો છે. માતા દિવાળી માટે વતન ગઈ હોય ત્યારે ઘરમાં એકલી પુત્રીને જોઈ સગા પિતાએ તેની ઉપર દાનત બગાડી શારીરિક અડપલા કર્યા હતા. જોકે પોલીસે તેની ધરપકડ કરી છે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ કાપોદ્રામાં ૧૮ વર્ષીય કિશોરી માતા પિતા સાથે રહે છે. હાલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. દિવાળી હોવાથી તેની માતા મહુવા ખાતે પોતાના પિયરમાં ગઈ હતી. જયારે પુત્રી ઘરે તેના પિતા સાથે હતી. ત્યારે માતાની ગેરહાજરીમાં પુત્રીને ઘરમાં એકલી જોઈ પિતાએ તેની ઉપર દાનત બગાડી હતી. તારીખ ૨૯-૧૦-૨૦૨૪ થી ૦૧-૧૧-૨૦૨૪ દરમ્યાન રાત્રીના સમયે સગા પિતાએ પોતાની પુત્રીના શરીર પર હાથ ફેરવવા લાગ્યો હતો અને તેણીના કપડાં પણ ઉતારવાની કોશીશ કરી હતી. પિતાની આ હરકતથી પુત્રી બહુજ ગભરાઈ અને હેબતાઈ ગઈ હતી. તેણીએ પિતાના આ કૃત્ય અંગે વતનમાં ગયેલી માતાને જણાવતા તેની માતા પણ ચોકી ગઈ હતી. તાત્કાલિક સુરત આવી પહોંચી હતી. ત્યારબાદ માતાએ પોતાની પુત્રી સાથે આવું કૃત્ય કરનાર પતિ સામે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી વિરૂદ્ધ છેડતીનો ગુનો નોંધી તેની ધરપકડ કરી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# વરાછા ઝોનના ગુલ્લીબાજ અધિકારી વસાવા અને રાણેને શો-કોઝ નોટિસ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૨

સુરત મહાનગર પાલિકાના વરાછા ઝોન એમાં ફરજ બજાવતાં કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા અને ધનંજય રાણે છેલ્લા ૨૩ દિવસથી ફરજ પર ગેરહાજર રહેતાં મહેકમ વિભાગના માથે માછલાં ધોવાઈ રહયા છે. ત્યારે મહેકમ વિભાગ દ્વારા આ બંને ગુલ્લીબાજ અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવા માટેની તજવીજ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

વરાછા ઝોન એમાં પાર્કિંગ કોન્ટ્રાક્ટર પાસેથી આમ આદમી પાર્ટીના કોપોરેટર વિપુલ સુહાગિયા અને જીતેન્દ્ર કાછડીયા દ્વારા લાખો રૂપિયાની લાંચ માંગવામાં આવી હતી.જેમાં વરાછા ઝોન- એના કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા અને ધનંજય રાણે દ્વારા કોન્ટ્રાક્ટર સાથે બંને કોપાપ્રેરેટરોની બેઠક કરાવવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. કોન્ટ્રાક્ટર દ્વારા એસીબીમાં કરવામાં આવેલી ફરિયાદમાં પણ ધનંજય રાણેની કેબિનમાં જ આખી બેઠક યોજવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું હતું. એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ફરિયાદના આધારે બંને કોપાપ્રેરેટરોની ધરપકડ કરતાં મહાનગર પાલિકામાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા ત્યારબાદ લાંચ કાંડમાં ભૂંડી ભુમિકા ભજવનારા વસાવા અને રાણે વિરૂદ્ધ પણ એસીબી દ્વારા તપાસ કરવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું હતું. જેને પગલે દિવાળી પૂર્વે જ આ બંને અધિકારીઓ ઉચ્ચાધિકારીઓને જાણ કર્યા વિના જ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. છેલ્લા ૨૩ દિવસથી સતત ગેરહાજર રહેવાને કારણે વરાછા ઝોન - એની કામગીરી પર પણ ગંભીર અસરો જોવા મળી રહી છે. મહેકમ વિભાગ દ્વારા આ બંને ગુલ્લીબાજ અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરી હોવાની માહિતી જાણવા મળી છે.

## કેતન દેસાઈ વિરૂદ્ધ ખાતાકીય તપાસ પૂર્ણ

સુરત મહાનગર પાલિકાના આઈકોનિક પ્રોજેક્ટ્સનો હવાલો સંભાળનારા કેતન દેસાઈ પાસેથી તમામ સત્તાઓ આંચકી લેવામાં આવ્યા બાદ તેમની વિરૂદ્ધ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી. હજીરા ખાતે ઔદ્યોગિક એકમોને ટર્શરી ટ્રીટેડ વોટર સપ્લાયના ટેન્ડરમાં વિવાદાસ્પદ દરખાસ્તને કારણે મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલની ઝપેટમાં આવેલા કેતન દેસાઈ પાસેથી તમામ પ્રોજેક્ટ્સ અને વિભાગો આંચકી લેવામાં આવ્યા હતા અને મહાનગર પાલિકાના જ સ્ટોર વિભાગમાં તેમની સજાના ભાગરૂપે બદલી કરી દેવામાં આવી હતી. બીજી તરફ કેતન દેસાઈની વિવાદાસ્પદ કામગીરીને પગલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા તેમની વિરૂદ્ધ ખાતાકીય તપાસના પણ આદેશ ફટકાર્યા હતા. તેની તપાસ પૂર્ણ થઈ ચુકી હોવાનું જાણવા મળ્યું છે અને હવે આગામી દિવસોમાં કેતન દેસાઈ સહિત સમગ્ર પ્રકરણમાં સંડોવાયેલા અન્ય અધિકારી- કર્મચારીની ભુમિકા અંગે પણ કાર્યવાહીની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# અંકલેશ્વરના સિલ્વર બ્રિજ નજીક પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાંથી ધૂમાડા નીકળતા મુસાફરોમાં ગભરાટ



( તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર )

અંકલેશ્વર, તા.૧૨

અંકલેશ્વરના સિલ્વર બ્રિજ નજીક પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેનમાં ધુમાડા નીકળતા પેસેન્જરમાં ગભરાટ ફેલાયો હતો. એન્જિનથી બીજા ડબ્બામાં એકાએક શોર્ટ સર્કિટથી આગ લાગી ધુમાડા નીકળતા પેસેન્જરો ટ્રેનની નીચે ઉતર્યા હતા. ૪૫ મિનિટ ટ્રેન થોભાવી દીધી હતી. ફાયર ટીમ અને રેલ્વે સેફટી વિભાગ દોડી આવ્યો હતો. અંકલેશ્વર-ભરૂચને જોડતા રેલ્વેના ઐતિહાસિક સિલ્વર બ્રિજના અંકલેશ્વર તરફના છેડા પાસેથી પર આજરોજ ભરૂચ તરફ પશ્ચિમ એક્સપ્રેસ ટ્રેન પસાર થઈ રહી હતા તે દરમિયાન ટ્રેન એન્જીનની બીજા એ.સી.કોચના ડબ્બા માં શોર્ટ સર્કિટ થતા ધુમાડાના ગોટેગોટા નીકળ્યા હતા જેને લઈ મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા અને ત્વરિત અસરથી ચેઈન પુંલીગ કરી ટ્રેન રોકવી દીધી હતી. અને ટ્રેનમાંથી મુસાફરો નીચે ઉતારી આવ્યા હતા અને આ અંગે ટ્રેનના ગાર્ડ અને ડ્રાઈવરને જણાવતા તેમના દ્વારા અંકલેશ્વર અને ભરૂચ રેલવે સ્ટેશન પર જાણ કરતા બને સ્ટેશન થી ફાયર એન્ડ સેફટી સ્ટાફ ઉપરાંત અંકલેશ્વર ડીપીએમસી તેમજ ભરૂચ ફાયર ટીમને જાણ કરતા ટીમ સ્થળ પર દોડી આવી હતી. ૪૫ મિનિટ કરતા વધુ સમય સુધી ટ્રેન સ્થળ પર થોભાવી દેવામાં આવી હતી સ્થિતિ કાબૂ આવતા અને આગ સંપૂર્ણ બુઝાઈ જતા અંતે રેલવે વિભાગની સેફટી ટીમની પુષ્ટિ મળ્યા બાદ ટ્રેનને ભરૂચ સ્ટેશન પર લઈ જવામાં આવી હતી. ઘટનામાં કોઈ જાનહાની સર્જાઈ ના હતી. જો કે મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. સદનસીબે ટ્રેન બ્રિજમાં પ્રવેશી ના હતી અને અંકલેશ્વર તરફ હતી જો બ્રિજમાં ટ્રેન હોત તો મુસાફરોને બહાર નીકળવું મુશ્કેલ બન્યું હોત તેમજ માનવ હતાહત થવાની શક્યતા ને નકારી શકાય એમ ના હતું,.

# વાંકાનેરમાં વન-વેમાં પાર્ક કરેલ વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી




વાંકાનેર, તા.૧૨

મોટાભાગે કાયદાનો ભંગ કરનાર વાહન ચાલકોને કાયદાનું શસ્ત્ર ઉગાવી પોલીસ તંત્ર દંડ પ્રક્રિયા કરી સરકારની તિજોરીમાં નફો રડી રહ્યા છે વાંકાનેરના વિવિધ વિસ્તારોમાં વહન પાર્કિંગ વ્યવસ્થાનો અભાવ સતત રહેતો હોય જેથી અવારનવાર ટ્રાફિક જામના દશ્યો વાહન ચાલકો અને રાહદારીઓ માટે સિર દર્દ સમા બનતા હોય છે અધૂરામાં પૂરૂ વાહનચાલકોને વન વે નું જ્ઞાન પણ ન હોય જેના પરિણામે ટ્રાફિકને અડચણરૂપના થઈ શકે તે રીતે સાઈડમાં પાર્ક કરેલી કારને રૂપિયા ૫૦૦નો દંડ ભોગવ્યો પડ્યો હતો તંત્ર વાહકોએ પાકા રોડ રસ્તાની સાથે વાહન પાર્કિંગ વ્યવસ્થાનું આયોજન કરવું જરૂરી છે નહીં તો વન વે માં પાર્ક કરેલા વાહનોને પણ દંડ પ્રક્રિયાનો ભોગ બનવું પડશે જે સાઈડમાં પાર્ક કરેલી કારને પોલીસે કરેલો લોક સાથે તસવીરમાં દશ્યમાન થાય છે.

## ઉમરેઠમાં સ્વામિનારાયણ મંદિરનો પૂજારી ભોજન આપવાના બહાને દુષ્કર્મ ગુજારતો હતો
# મનો દિવ્યાંગ યુવતી પર દુષ્કર્મ આચરનાર મંદિરનો પૂજારી ઝબ્બે



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૨

આણંદનાં ઉમરેઠમાં બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના પૂજારીએ મનો દીવ્યાંગ યુવતીને પોતાની હવસનો શિકાર બનાવતા યુવતી ગર્ભવતી થતા યુવતીએ મૃત બાળકને જન્મ આપતાં મંદિરના નરાધમ વૃદ્ધ પૂજારીની કામલીલાનો ભાંડો ફૂટતા ઉમરેઠ પોલીસે પૂજારી વિરૂદ્ધ ગૂનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.ઉમરેઠ શહેરમાં રામતળાવ પાસેથી શનિવારે સવારે મૃત નવજાત શીશુનો મૃતદેહ મળી આવતા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ નવજાત શીશુનાં મૃતદેહનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલમાં મોકલી આપી તપાસ કરતા ઉમરેઠની એક અસ્થીર મગજની યુવતીએ આ મૃત બાળકને જન્મ આપી ત્યજી દેવાયું હોવાનું ખુલ્યું હતું ઉમરેઠ પોલીસેએ અમદાવાદ સિવિલમાં પીડિત મનોદિવ્યાંગ યુવતીનુ મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદન આપતાં જણાવ્યુ હતું કે સ્વામિનારાયણ મંદિરના પૂજારી એ દુષ્કૃત્ય આચરતા તેણી ગર્ભવતી બની તેના આધારે યુવતીની માતાની ફરીયાદના આધારે પોલીસે મંદિરનો પૂજારી કાંતિ વાઘેલા વિરૂદ્ધ આઈ.પી.સી.ની કલમ ૩૭૬ મુજબ ગૂનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ મંદિરના પૂજારી કાંતિ વાઘેલાની ધરપકડ કરી તેના ડી.એન.એ ટેસ્ટ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે પીડિત મનોદિવ્યાંગ યુવતીને મંદિરનો પૂજારી કાંતિ વાઘેલા છેલ્લા એક વર્ષાથી રોજ બપોરે મંદિરની અગાસી ઉપરથી જમવાનું લેવા માટે બૂમ પાડી બોલાવતો હતો અને ત્યાર બાદ રસોડામાં લઈ જઈ દુષ્કર્મ આચરતો હોવાનું બહાર આવતા ચકચાર મચી જવા પામી છે અને લોકો નરાધમ પુજારી પર ફિટકાર વરસાવી રહ્યા છે.

## ડેડિયાપાડામાં મહિલા આરોગ્યકર્મી સાથે ઓનલાઈન ઠગાઈ
# મિત્રએ અમેરિકાથી મોકલેલ કુરિયર તો મળ્યું પણ રૂ.એક લાખ ગુમાવ્યા

રાજપીપળા, તા.૧૨

હાલ ડેડીયાપાડા રહેતી અને મૂળ મહેસાણાના અંબાસણમાં ગામની અને ચિકદા સબ સેન્ટર કેન્દ્ર ખાતે સીએચઓ તરીકે ફરજ બજાવતી ૨૫ વર્ષીય યુવતી સાથે રૂ. ૯૯,૯૮૫ ઓનલાઈન ફ્રોડ થયાની ઘટના પ્રકાશમાં આવી છે. ડેડીયાપાડા પોલીસે આ બાબતે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. યુએસએથી મિત્રએ મોકલેલા પાર્સલ ટ્રેકિંગ ન થતાં વેબસાઈટના હેલ્પલાઈન નંબર ઉપર વાત કર્યા બાદ ૨ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ. ૯૯,૯૮૫ બેંક ખાતામાંથી કપાઈ જતા યુવતી ઓનલાઈન ફ્રોડનો ભોગ બની હતી. ચિકદા સબ સેન્ટર કેન્દ્ર ખાતે સીએચઓ તરીકે ફરજ બજવતી ૨૫ વર્ષીય દિવ્યાકીર્તિ ભાઈ મોચીના મિત્ર લલિત પટેલે યુએસએથી તેના માટે કુરિયર દ્વારા નેકલેટ્સ, બ્રેસલેટ, ઈયરિંગનું પાર્સલ મોકલાયું હતું. જેને ઓનલાઈન વેબસાઈટ ઉપર કુરિયર ટ્રેકિંગ કરતા ટ્રેકિંગ બંધ થઈ ગયું હતું જેથી યુવતીએ વેબસાઈટ ઉપર આપેલા હેલ્પ લાઈન નંબર ઉપર કોલ કર્યો હતો. ત્યાર બાદ એક અજાણ્ય મોબાઈલ ઉપરથી સાદો કોલ આવતા યુવતીએ કોલ રિસિવ કરતા સામેની વ્યક્તિએ વાત કરી યુવતીના વોટ્સએપ ઉપર એક એપ્લીકેશન મોકલી હતી.પરંતુ એપ્લીકેશન ઓપન ન થતાં યુવતીએ આવેલા નંબર ઉપર કોલ કર્યો હતો ત્યારે સામે વાત કરતા વ્યક્તિએ યુવતીને વોટ્સએપ વીડિયો કોલ કરવાનું કહેતા યુવતી વોટ્સએપ વીડિયો કોલ કરતા ફ્રોડ કરનાર વ્યક્તિએ મોકલેલ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવાની પ્રોસેસ દરમિયાન એપ્લીકેશનમાં ૧ તથા ૨ રૂપિયા પેમેન્ટ કરવાનું ઓપ્શન આવતા યુવતીએ પહેલા ૧ રૂપિયો ગૂગલ પે દ્વાર ટ્રાન્સફર કરતા ટ્રાન્ઝેક્શન ના થયું હતું ત્યાર બાદ ૨ રૂપિયા ટ્રાન્સફર કરતા સફળતા પૂર્વક ટ્રાન્જેક્શન થઈ જતાં યુવતી કોલ કટ કરી નાખ્યો હતો.ત્યાર બાદ યુવતીને તા.૬ નવેમ્બરના રોજ પાર્સલ તો મળી ગયું પણ તા.૮ નવેમ્બરના રોજ તેના બેંક ઓફ ઈન્ડિયાના બેંક એકાઉન્ટમાંથી રૂ.૯૬,૮૮૫ અન્ય ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હતા અને થોડી વાર બાદ બીજા ૩,૦૦૦ હજાર ટ્રાન્સફર થઈ જતાં કુલ ૯૯,૯૮૫ યુવતીના એકાઉન્ટમાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર થઈ હતા. જેથી પોતે ઓનલાઈન ફ્રોડનો શિકાર બની હોવાનો અહેસાસ થતા તેણે આ બાબતે ડેડીયાપાડા ફરિયાદ કરતા પોલીસે ફરિયાદના આધારે ઠગાઈનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### કડી તાલુકાના બોરીસણા ગામે ફ્રી હેલ્થ કેમ્પ યોજી ૧૯થી ૨૦ જણાને અલગ તારવી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા

# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર કૌભાંડમાં બેનાં મોત

## ૧૯થી ૨૦ પૈકી મોટા ભાગનાની કોઈપણ જાણ કે મંજૂરી વિના એન્જિયોગ્રાફી તથા ૭-૮ જણાની એન્જિયો પ્લાસ્ટિ કરી નાંખી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૨

સમગ્ર રાજયમાં ચર્ચા જગાવનાર ઘટનામાં કડી તાલુકાના બોરીસણા ગામમાં હેલ્થ કેમ્પ યોજી તેના દર્દીઓને અમદાવાદની ખાનગી ખ્યાતિ હોસ્પિટલમાં લાવી ૧૯ જેટલા દર્દીઓની એન્જિયોગ્રાફી એન્જિયો પ્લાસ્ટિ તેઓને જાણ કર્યા વિના બારોબાર જ કરી દેવાનું કૌભાંડ બહાર આવ્યું છે. જેમાં લોકોના જીવ સાથે ચેડાં કરવા સમાન આ કૃત્યને લઈ બે દર્દીઓના મોત નિપજયા છે તો અન્ય પાંચ દર્દીની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

ઘટનાને પગલે ગ્રામજનોએ વહેલી સવારે હોસ્પિટલ પહોંચી તોડફોડ કરતા મામલો ઉગ્ર બન્યો હતો. જેને લઈને હોસ્પિટલમાં બાઉન્સરો ગોઠવી દેવાયા હતા.

બનાવની ગંભીરતાને જોતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ આ સમગ્ર બાબતે માહિતી મેળવવા માટે ખ્યાતિ હોસ્પિટલ પહોંચ્યા હતા. ગઈકાલ સાંજથી જ ખ્યાતિ હોસ્પિટલમાં કોઈપણ જવાબદાર ડોક્ટરો હાજર નથી. હોસ્પિટલના ડાયરેક્ટર અને ચેરમેન સહિતના લોકો ગાયબ હતા અને માત્ર એક ડોક્ટર હોસ્પિટલમાં ICUમાં હાજર છે.

ખ્યાતિ હોસ્પિટલમાં મૃત્યુ પામેલા બંને દર્દીઓના મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ માટે અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓને સરકારી હોસ્પિટલના ડોક્ટરો દ્વારા તપાસી અને આજે મોડી સાંજ સુધીમાં રજા આપી દેવામાં આવશે. જ્યારે આઈસીયુમાં રહેલા પાંચ દર્દીઓને આવતીકાલે સવારે તપાસી જો સ્વાસ્થ્ય સારૂ હશે તો રજા આપવામાં આવશે અથવા અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવશે તેવી શક્યતા દર્શાવાલ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા સંયુક્ત રીતે સમગ્ર કેસની તપાસ કરવામાં આવી રહી છે. ખ્યાતિ હોસ્પિટલના CEO




### દર્દીના સગાઓ-ગ્રામજનોએ હોસ્પિટલે પહોંચી હોબાળો મચાવી તોડફોડ કરતા બાઉન્સરો ગોઠવી દેવાયા

ચિરાગ રાજપૂતે જણાવ્યું હતું કે હોસ્પિટલ દ્વારા કડી તાલુકાના બોરીસણા ગામમાં ૧૦ નવેમ્બરના રોજ કેમ્પ કરવામાં આવ્યો હતો, જેમાં ઘણા લોકોએ લાભ લીધો હતો. એમાંથી ૨૦ જેટલા દર્દીઓને વધુ સારવારની જરૂરિયાત હોવાથી ૧૧મી નવેમ્બરના રોજ તેમને હોસ્પિટલ આવવા માટે કહ્યું હતું. તેઓ સ્વેચ્છાથી અમદાવાદ ખાતે અમારી હોસ્પિટલમાં આવ્યા હતાં, જેમાં તમામ લોકોની એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી અને તેમાંથી સાત લોકોની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. બે લોકોનાં એમાં મૃત્યુ થયાં છે, તે તમામનાં પરિવારજનો માટે અમે સાંત્વના પાઠવીએ છીએ. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને અમે પોલીસની તમામ તપાસમાં સહયોગ આપીશું. ગામના ૨૦ લોકોનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં અને તેમનાં પરિવારજનોની કોઈ મંજૂરી લેવામાં આવી હતી કે કેમ? અથવા તો તેમને જાણ કરી હતી? એ અંગે જ્યારે હોસ્પિટલના CEOને પૂછવામાં આવતાં તેમણે પોલીસ આ બાબતે તપાસ કરી રહી છે અને પોલીસ તપાસ કરશે, એવા ગોળ ગોળ જવાબ આપ્યા હતા. પરિવારજનોની મંજૂરી લેવામાં આવી હતી કે કેમ ? એ કોઈપણ બાબતે તેમણે સ્પષ્ટ જવાબ આપ્યો નહોંતો. ડો. પ્રશાંત વઝીરાણીએ બધાં ઓપરેશન કર્યા છે. પોલીસ તપાસમાં બધું બહાર આવશે, એમ તેમણે જણાવ્યું હતું. દરેક બાબતમાં પોલીસ તપાસમાં બહાર આવશે, એમ તેઓએ જણાવ્યું હતું. ઓપરેશન માટે પરિવારજનોની મંજૂરી અને સહી કરાવવામાં આવી હતી કે કેમ? એ તમામ બાબતો માટે પણ તેમણે માત્ર પોલીસ તપાસમાં બહાર આવશે, એમ જવાબ આપ્યા હતા. અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ, યુએન મહેતા અને ગાંધીનગર આરોગ્ય વિભાગની



ડો.પ્રશાંત વઝીરાણી (ઓપરેશન કરનાર તબીબ)

૮થી ૧૦ ડોક્ટરોની ટીમ ખ્યાતિ હોસ્પિટલ ખાતે પહોંચી હતી. જે ૫ દર્દી ICU અને ૧૦ દર્દીઓ હોસ્પિટલમાં દાખલ છે તેમની સારવાર અને તપાસ હવે તેઓ દ્વારા કરવામાં આવી રહી છે. સાત દર્દીનાં ઓપરેશન કરવામાં આવ્યાં હતાં, જેમાં બે લોકોનાં મૃત્યુ થયાં છે. જે દર્દીઓ હાલમાં દાખલ છે તેમને સાંજ સુધીમાં રજા આપી દેવામાં આવશે. સરકારના આરોગ્ય વિભાગના કાર્ડિયોલોજિસ્ટ ડોક્ટરો પણ ખ્યાતિ હોસ્પિટલમાં પહોંચી ગયા હતા. પોલીસ, આરોગ્ય વિભાગ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા હોસ્પિટલના મેનેજમેન્ટ સાથે વાતચીત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ખ્યાતિ હોસ્પિટલ સરકારી યોજનાના નામે કૌભાંડ કરવા કુખ્યાત છે. અગાઉ ૨૦૨૨માં પણ સાણંદના તેલાવ ગામમાં કેમ્પ યોજી લોકોને હોસ્પિટલ લાવ્યા હતા અને ત્રણ દર્દીને સ્ટેન્ટ મૂકતાં એક દર્દીનું મોત થયું હતું. આ મામલે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ કરી હતી. ફરી એક વખત ખ્યાતિ હોસ્પિટલ દ્વારા PMJAYના નામે કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ ચર્ચાસ્પદ ખ્યાતિ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ડાયરેક્ટરોમાં કાર્તિક પટેલ, ડો. સંજય પટોલિયા, રાજશ્રી કોઠારી, ચિરાગ રાજપૂતનો સમાવેશ થાય છે. ખ્યાતિ હોસ્પિટલ પહોંચેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે બે દિવસ પહેલાં મને માહિતી મળી હતી કે કડીના બોરીસણા ગામમાં ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં પોસ્ટર પણ લગાવવામાં આવ્યાં હતાં. જરૂરિયાત લોકો આ કેમ્પમાં ગયા હતાં. આ હોસ્પિટલ દ્વારા અમુક દર્દીઓને પસંદ કરીને તેમના મા યોજનાનું કાર્ડ અને આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ તૈયાર રાખજો અને આવતીકાલે તમને અમારી હોસ્પિટલમાંથી બસ મોકલી અમદાવાદ હોસ્પિટલ લઈ જઈશું, એવું જણાવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ ઓફિસર ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે સમગ્ર ઘટના પર એએમસી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. ગામના સભ્યોને પરિવારજનોની ફરિયાદ હેલ્થ વિભાગમાં સ્વીકારવામાં આવશે. પ્રોપર ડોક્યુમેન્ટેશન લઈને આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં હાજર ગામના લોકોની લેખિતમાં રજૂઆત લેવામાં આવશે. હોસ્પિટલના મેનેજમેન્ટને ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો છે. હોસ્પિટલ મેનેજમેન્ટ સાથે કોઈ વાત થઈ નથી. અગાઉ કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે નહિ એની માહિતી પણ લેવામાં આવશે. નિયમ એમ છે કે કોઈપણ વ્યક્તિનું ઓપરેશન થાય, તેના સંબંધીને પૂછ્યા વિના ન કરી શકાય. મેનેજમેન્ટ ઓથોરિટી સાથે વાત કર્યા બાદ તમામ કાર્યવાહી કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે, શહેરના એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલમાં સર્જાયેલ આ ચર્ચાસ્પદ બનાવને પગલે ગ્રામજનોને જાણ થતાં મોટી સંખ્યામાં લોકો એસજી હાઈવે પર આવેલી હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા અને આ સમગ્ર બાબતે હોસ્પિટલના ડોક્ટરો અને મેનેજમેન્ટ પાસે જવાબ માગ્યો હતો. જવાબ આપવામાં ન આવતાં ગ્રામજનો અને પરિવારજનો રોષે ભરાયાં હતાં. બોરીસણા ગામના

### સરકારના આરોગ્ય વિભાગ, અમદાવાદ મ્યુનિ. તંત્ર દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ

સરપંચના જણાવ્યા મુજબ, બે દિવસ પહેલાં ખ્યાતિ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલના ડોક્ટરો મેડિકલ ચેકઅપ માટે ગામમાં આવ્યા હતાં. કેમ્પ કર્યા બાદ નામ લખી લેવામાં આવ્યાં હતાં. બીજા દિવસે સવારના સમયે લક્ઝરી બસમાં ૧૮થી ૧૯ લોકોને હોસ્પિટલ ખાતે ચેકઅપના નામે સારવાર માટે લાવ્યા હતા, જેમાંના મોટા ભાગના લોકોની એન્જિયોગ્રાફી કરી નાખી હતી. તેમાંના કેટલાક લોકોને તો સ્ટેન્ટ પણ મૂકી દેવામાં આવ્યાં હતાં, જેના કારણે બે લોકોનાં મૃત્યુ પણ થયાં છે. પરિવારજનોને આ બાબતે કોઈપણ પ્રકારની જાણકારી આપવામાં આવી નહોતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે હોસ્પિટલ દ્વારા સરકારી લાભ મેળવવા માટે થઈને અને પૈસા મળે એ માટે આ સારવાર કરી દેવામાં આવી હતી. લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા છે. ગામના સીધા લોકો છે, જેથી તેમને કહ્યું, તમારે આ કરવાનું છે અને તેમણે સહી કરી દીધી હતી. જે લોકોનાં મૃત્યુ થયાં છે તેમની તો કોઈ સહી જ લેવામાં આવી નથી. જેમનાં મૃત્યુ થયાં છે તેઓ ગંભીર હતા એવું કહેવામાં આવ્યું નથી. કોઈને જાણ કરવામાં આવી નથી. ૭થી ૮ લોકોને સ્ટેન્ટ મૂકવામાં આવ્યાં છે, જેથી આ લોકોની સામે જે કાયદેસરની કાર્યવાહી કરવાની જરૂર પડે એ કરવામાં આવે એવી માગ કરી છે.

### પૂર્વ નાયબ મુખ્યમંત્રીના પણ હોસ્પિટલ સામે સવાલ

## પ્રથમ નજરે જ જણાય છે કે બિનજરૂરી ઓપરેશન કરવામાં આવ્યા છે : નીતિન પટેલ

### આ પ્રકારની સારવાર માટે પહેલાં મંજૂરી લેવાની હોય છે અને તેમા સમય લાગે છે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

ખ્યાતિ હોસ્પિટલ પહોંચેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા મને માહિતી મળી હતી કે કડીના બોરીસણા ગામમાં ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં પોસ્ટર પણ લગાવવામાં આવ્યાં હતાં. જરૂરિયાતવાળા લોકો આ કેમ્પમાં ગયા હતાં. આ હોસ્પિટલ દ્વારા અમુક દર્દીઓને પસંદ કરીને તેમને મા યોજનાનું કાર્ડ અને આધારકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ તૈયાર રાખજો અને આવતીકાલે તમને અમારી હોસ્પિટલમાંથી બસ મોકલી અમદાવાદ હોસ્પિટલ લઈ જઈશું, એવું જણાવ્યું હતું. ગઈકાલે ૧૯થી ૨૦ દર્દીઓને અહીં હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા અને મોટા ભાગના દર્દીઓને સીધા હૃદયરોગના દર્દીઓ ગણીને તેમની એન્જિયોગ્રાફી કરવામાં આવી. કેટલાકની એન્જિયોપ્લાસ્ટી પણ કરી દેવામાં આવી હતી. આ પ્રકારની સારવાર માટે હોસ્પિટલે પહેલા પરમિશન લેવાની હોય છે અને ઓનલાઈન મંજૂરી લેવામાં પણ સમય લાગતો હોય છે. પહેલી નજરે જોતાં લાગે છે કે જરૂરિયાત વગરના બિનજરૂરી ઓપરેશન કરવામાં આવ્યાં છે. આ પ્રકારના કેસમાં નિષ્ણાત ડોક્ટરોનો અભિપ્રાય લેવો જોઈએ. ખ્યાતિ હોસ્પિટલે આર્થિક લાભ માટે આ કાંડ કર્યો હોવા અંગે તેમણે જણાવ્યું હતું કે સારી, પ્રતિષ્ઠિત, સેવાભાવી હોસ્પિટલો પણ ગુજરાતમાં છે, જેમાં દર્દીઓ સારી સારવાર મેળવે છે. તો કેટલીક આંગળીના વેઢે ગણાઈ એવી ધંધાદારી હોસ્પિટલો પણ ગુજરાતમાં છે.

### આરોગ્ય કેમ્પમાં બોલાવી તપાસના નામે ગ્રાહક બનાવવાનું કૌભાંડ : કોંગ્રેસ

## રાજ્યમાં આરોગ્ય સારવાર કૌભાંડના તાર ગાંધીનગર સાથે જોડાયેલા છે

### આરોગ્ય વિભાગની જવાબદારી અને જવાબદેહી નક્કી થવી જોઈએ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

ખ્યાતિ હોસ્પિટલની ઘટના અંગે આકરા પ્રહારો કરતાં કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આરોગ્ય કેમ્પમાં બોલાવી ચકાસણીના નામે ગ્રાહક બનાવવામાં આવી રહ્યા છે. રાજ્યમાં આરોગ્ય સેવાનું ખાનગીકારણ કરવાનું સુનિયોજિત કાવતરૂં ચાલી રહ્યું છે. આટ આટલા બનાવો બહાર આવ્યા બાદ પણ તબીબી ક્ષેત્રમાં બનતી આવી ઘટનાઓમાં કડક કાર્યવાહી નથી થતી. રાજ્યની ભાજપ સરકાર દ્વારા સરકારી અને જિલ્લા હોસ્પિટલનું માળખું તોડી ખાનગીમાં હવાલે કરી દેવામાં આવી રહેલ છે. આવા બનાવોને લઈ આરોગ્ય વિભાગની જવાબદારી અને જવાબદેહી નક્કી થવી જોઈએ. આરોગ્ય વિભાગને ટેન્ડર, દવા-સાધન ખરીદવામાં જ રસ છે. આરોગ્ય વિભાગને તબીબી સેવા સુધરે એમાં રસ જ નથી. તેમણે ઉમેર્યું હતું કે, કેગના અહેવાલમાં રાજ્યની ૩૦૨ હોસ્પિટલમાં ૧૩૮૬૦ દર્દીઓ એક સમયે એક કરતા વધારે જગ્યાએ સારવાર બોલતી હતી. આ બાબતો સામે આવી હોવા છતાં આરોગ્ય માળખું સુધારવા આરોગ્ય વિભાગે કામગીરી કરી નથી. આરોગ્ય સારવારના કૌભાંડના તાર ગાંધીનગર અને આરોગ્ય વિભાગ સાથે સંકલાયેલા હોવાનું જણાવતા તેમણે તકવાદી તબીબો સામે ફોજદારી ફરિયાદ થવી જોઈએ. તેવી માંગ સાથે સરકાર પર અગાઉની ઘટનામાં તબીબોને બચાવવાના રાજ્યની આરોગ્ય સેવામાં ગેરરીતિ કરનારાઓને મોકળું મેદાન અવાતું હોવાના આક્ષેપો પણ કર્યા હતા.

### કોમી એકતા અને ભાઈચારાને ઉજાગર કરતી ઘટના

## સુરેન્દ્રનગરમાં હિન્દુ પરિવારે મુસ્લિમ યુવતીનો ઉછેર કરી ધામધૂમથી નિકાહ કરાવ્યા

### સુહાના એક મહિનાની હતી ત્યારે તેણે માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી જયારે પાડોશી હેબલભાઈ કાઠીએ દત્તક લઈ ૨૩ વર્ષ સુધી લાડકોડથી ઉછેરી હતી





(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર,તા.૧૨

કોમી એકતા અને ભાઈચારાને ઉજાગર કરતા કિસ્સો ઝાલાવાડમાં જોવા મળ્યો છે. જેમાં એક હિન્દુભાઈએ પાડોશમાં રહેતા મુસ્લિમ દંપતિના મોત બાદ તેમની એક મહિનાની પુત્રીને લાડકોડથી ઉછેરી મોટી કરી અને મુસ્લિમ યુવાન સાથે લગ્ન કરાવી પોતાનો પાડોશી ધર્મ સાથે માનવતા નિભાવી સમાજને એક અનોખો રાહ ચિંધ્યો છે. સુરેન્દ્રનગર શહેરમાં વસવાટ કરતા હેબલભાઈ માલા કાઠી સમાજમાંથી આવે છે ત્યારે ૨૩ વર્ષ પહેલા એક અકસ્માતની ઘટના બની હતી. જેમાં મહંમદ ભાઈ મલેક નામના યુવકનું મોત નીપજ્યું હતું અને તેમના પત્નીનું પણ મોત નીપજ્યું હતું. માતા-પિતાના મોત બાદ માત્ર એક મહિનાની દીકરી જેનું નામ સુહાના પણ એક મહિનામાં માતા-પિતાની છત્રછાયા દીકરીએ ગુમાવી દીધી ત્યારે ગામમાં જ રહેતા રામકુભાઈ માલાએ આ એક મહિનાની દીકરીને દત્તક લઈ લીધી અને ૨૩ વર્ષ સુધી તેને ભણાવી અને તેને સારા સંસ્કારોનું સિંચન કર્યું. દીકરી સુહાના સમયાંતરે મોટી થઈ ત્યારે અંતે તેના હાથ પીળા કરવાના સમયે પિતાની ફરજ નિભાવનાર હેબલ ભાઈએ પોતાની દીકરી સમાન સુહાને પૂછ્યું કે હવે તારા લગ્ન કરવાના છે ત્યારે સુહાનાએ કહ્યું કે મારા લગ્ન ગમે તે સમાજમાં કરો તમે મારા પિતા સમાન છો ત્યારે હેબલ ભાઈએ વિચાર કર્યો કે દીકરીના લગ્ન તેના સમાજમાં થાય પરંતુ તેના માટે પડકાર જનક આ પરિસ્થિતિ હતી. સારો છોકરો શોધવાનું હેબલ ભાઈ દ્વારા શરૂ કરવામાં આવ્યું અંતે રામપરા ગામે આજે આ સુહાના ના લગ્ન કરવામાં આવ્યા છે. ૨૩ વર્ષ સુધી કાઠી સમાજની સંસ્કૃતિથી ઉછેર થયેલ અને કાઠી સમાજના રીત રિવાજોથી વાકેફ સુહાનાના મુસ્લિમ સમાજના યુવક સાથે લગ્ન કરવામાં આવ્યા છે. કાઠી પરિવારે મુસ્લિમ યુવતીના નિકાહ કરાવી કોમી એકતાનું અનેરૂ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કાઠી પરિવારના આંગણે મુસ્લિમ રીત રિવાજ સાથે સુહાનાને વિદાય આપવામાં આવી છે. ત્યારે કાઠી સમાજના રીત રિવાજોથી મોટી થયેલી સુહાનાને વિદાઈ આપવામાં આવી હતી. વિદાય આપતી વેળાં હેબલ ભાઈના પરિવારજનોની આંખોમાંથી અશ્રુઓ સરી પડ્યાં હતાં.

### ખ્યાતિ હોસ્પિટલના વધુ બે કૌભાંડ સામે આવ્યા

## વર્ષ ૨૦૨૨માં કેમ્પ યોજી સ્ટેન્ટ મૂક્યા, ત્રણ દર્દીઓના સારવાર દરમિયાન મોત થયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોગ્રાફી બાદ અગાઉ મોતનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. રાજકોટના વ્યક્તિનું જૂન મહિનામાં એન્જિયોગ્રાફી બાદ મોત થયું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. મૂળ બાલાસિનોર અને હાલ રાજકોટ ખાતે રહેતા વિશાલ પટેલે ઘટનાનો ખુલાસો કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલે રાજકોટના યુવકના પિતાનું અમૃતમ કાર્ડ કાઢ્યું હતું. પરિવારને જાણ કર્યા વિના જ ૧૬ જૂને યુવકના પિતાની એન્જિયોપ્લાસ્ટિ કરાઈ હતી. ખૂબ જ તાવ છતાં ૧૭ જૂને નરસિંહ પટેલ નામના દર્દીને રજા આપી દેવાઈ હતી. દર્દીના સગાએ પૂછપરછ કરતાં મુખ્ય ડોક્ટર મૌન વ્રત પર હોવાનું જણાવ્યું હતું. ૧૮ જૂને તબિયત લથડતા દર્દીને ફરી ખ્યાતિ હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા. હોસ્પિટલમાં સારવાર દરમિયાન દર્દીનું મોત નિપજ્યું હતું. અમૃતમ કાર્ડ દ્વારા સારવાર છતાં હોસ્પિટલે રૂપિયા પડાવ્યાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

### થોડાક મહિના પહેલાં રાજકોટમાં પણ દર્દી ભોગ બન્યા હતા

પ્રક્રિયાના નામે ૧૨ હજાર અને ઈમરજન્સીના નામે ૨૫ હજાર પડાવ્યા હતા. નોંધનીય છે કે, ખ્યાતિ હોસ્પિટલમાં આવું કૌભાંડ બહાર આવવું તે પહેલીવાર નથી બન્યું. વર્ષ ૨૦૨૨માં પણ આ પ્રકારનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું. બે વર્ષ પહેલાં સાણંદના તેલાવ ગામમાં હોસ્પિટલ દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારે પણ આ પ્રકારે દર્દીઓને હોસ્પિટલ બોલાવી સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હતા, તે વખતે પણ ત્રણ દર્દીઓના સારવાર દરમિયાન મોત થયા હતા. જેમાં દર્દીના પરિવારજનોએ આવો જ આરોપ મૂકી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. જો કે, તે વિશે કંઈ નક્કર માહિતી સામે આવી દર્દીઓને ન્યાય મળે તે પહેલાં જ ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફરી કેમ્પ યોજી આ પ્રકારનું કૌભાંડ આચરવામાં આવ્યું.

## સાબરમતી જેલમાં સુરંગ ખોદીને નાસી જવાના કાવતરાનાં કેસમાં આરોપીના જામીન મંજૂર

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૩ના વર્ષમાં કથિત રીતે સુરંગ ખોદીને કેસ સાબરમતી જેલ તોડવાના પ્રયાસના કેસમાં આરોપી સાકિબ નિસાર શેખને નિયમિત જામીન મંજૂર કર્યા હતા અને નોંધ્યું હતું કે અરજદાર પહેલેથી જ એક દાયકાથી વધુ સમયથી જેલમાં છે અને નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પૂર્ણ થવાની કોઈ સંભાવના નથી. સાકિબ તરફથી હાજર રહેલા વકીલે રજૂઆત કરી હતી કે તે એફઆઈઆરમાં ઉલ્લેખિત ગુનામાં આરોપી સામેલ નથી. તેણે કહ્યું કે અરજદારની ભૂમિકા અને આરોપોના પ્રકારને જોતાં, તેને યોગ્ય શરતો સાથે નિયમિત જામીન આપવા જોઈએ. દરમિયાન રાજ્ય તરફથી હાજર રહેલા એપીપીએ જામીનનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને રજૂઆત કરી હતી કે આરોપો ગંભીર છે અને સમગ્ર સમાજને અસર કરે છે. અરજદાર સામેના તથ્યો અને આક્ષેપોને જોતાં, જામીન આપવા જોઈએ નહીં. જસ્ટિસ નિઝર દેસાઈની બેન્ચે તેના ૨૮ ઓક્ટોબરના આદેશમાં જણાવ્યું હતું કે, 'કેસના તથ્યો અને સંજોગોમાં અને આરોપોના પ્રકારને ધ્યાનમાં લેતા, આ કોર્ટનો અભિપ્રાય છે કે, અરજદારને નિયમિત જામીન ઉપર મુક્ત કરવા માટે અદાલતે તેની મંસુફીની ઉપયોગ કરવો જરૂરી છે. કોર્ટે તેના આદેશમાંએ હકીકતને ધ્યાનમાં લીધી હતી કે સાકિબ ૨૦૧૩થી જેલમાં છે અને ટ્રાયલ ટૂંક સમયમાં સમાપ્ત થાય તેવી કોઈ શક્યતા નથી, તપાસ પૂર્ણ થઈ ગઈ છે અને ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સહ-આરોપીઓ જેમની ભૂમિકા સમાન છે તેઓને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે અને સમાનતાના આધારે સાકિબનો કેસ જામીન આપવા માટે વિચારણાને પાત્ર છે. જસ્ટિસ દેસાઈએ વધુમાં અવલોકન કર્યું હતું કે, સાકિબની ભૂમિકા સહ-આરોપીઓ કે જેને સુપ્રીમ કોર્ટ અને આ કોર્ટ બંને દ્વારા જામીન આપવામાં આવ્યા હતા તેનાથી અલગ નથી તેવું સરકારી વકીલ બતાવી શક્યા નથી. ત્યારબાદ કોર્ટે અવલોકન કર્યું હતું કે આ કોર્ટ પ્રથમ દૃષ્ટિએ, અભિપ્રાય ધરાવે છે કે, વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવા અને અરજદારને નિયમિત જામીન પરવિચારવા માટે આ યોગ્ય કેસ છે. આથી, હાલની અરજીને મંજૂરી આપવામાં આવે છે અને અરજદારને નિયમિત જામીન પર મુક્ત કરવાનો આદેશ આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકાના કેસમાં કેટલાક આરોપીઓ દ્વારા જેલમાં છ ફૂટ ઉંડી અને ૧૯૬ ફૂટ લાંબી સુરંગ ખોદીને ભાગી જવાનું કથિત કાવતરૂં ઘડવામાં આવ્યું હતું. આ કેસમાં પોલીસે ૨૪ આરોપીઓ સામે ફરિયાદ નોંધીને કેસમાં કેટલાક આરોપીઓની ધરપકડ કરી હતી.


### ધી નડીઆદ પીપલ્સ કો. ઓપ. બેંક લિ.

"પીપલ્સ બેન્ક બિલ્ડિંગ", ડભાણ ભાગોળ, નડીઆદ-૩૮૭૦૦૧

### જોઈએ છે

બેન્ક તરફથી નીચે મુજબની લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારોની ક્લાર્કની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| અનુ.નં. | ભરતીની જગ્યા | લાયકાત | અનુભવ |
|---|---|---|---|
| ૧ | આઈ.ટી. ક્લાર્ક-૧ | IT ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ | IT ક્ષેત્રનો અનુભવી/ ફ્રેશર |
| ૨ | ક્લાર્ક-૧ | માન્ય યુનિવર્સિટીનો કોમર્સ ગ્રેજ્યુએટ/પોસ્ટ ગ્રેજ્યુએટ | બેન્કિંગ ક્ષેત્રનો અનુભવી/ફ્રેશર |

નોંધ : અનુ.નં.૨ માટે કોમ્પ્યુટરના જાણકારને પ્રાથમિકતા આપવામાં આવશે.
લાયકાત ધરાવતા ઉમેદવારે તાજેતરના કલર ફોટોગ્રાફ સાથે તેમના શૈક્ષણિક તેમજ અનુભવના પ્રમાણપત્રો બિડાણ કરી અરજી તા.૨૫.૧૧.૨૦૨૪ સુધીમાં ઉપર મુજબના સરનામે મોકલી આપવી.

તા.૧૩/૧૧/૨૦૨૪ ચેરમેન/વાઈસ ચેરમેનશ્રી
સ્થળ : નડીઆદ ધી નડીઆદ પીપલ્સ કો-ઓપ બેન્ક લિ. નડીઆદ




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS